بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

કામ વહ લે લીજિયે તુમ કો જો રાઝી કરે
ઠીક હો નામે 'રઝા' તુમ પે કરોળોં દુરૂદ

# હયાતે મુફ્તીએ આ'ઝમે હિંદનાં મહેકતાં ફૂલો

લેખક : અતાએ મુફ્તીએ આ'ઝમે હિંદ, હઝરત મૌલાના
**મુહમ્મદશાકિર અલી નૂરી રઝવી**
(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)
સંપાદક : હઝરત મૌલાના સૈયદ અમીનુલ ક઼ાદરી
(નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી
(ખલીફા તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)

:: PUBLISHER ::
**JAMAAT-E-RAZA-E-MUSTAFA-CHICAGO**
Masjid-E-Ayesha Siddiqah
2409B W Devon Ave, CHICAGO (U.S.A.)
Ph. 7738019101 Email: makki92@gmail.com

:: પ્રાપ્તિસ્થાન ::
સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)
મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧
નૂરાની આર્ટ–દયાદરા, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન**


**કિતાબનું નામ** : **હયાતે મુફતીએ આ'ઝમે હિંદનાં મહેકતાં ફૂલો**

**લેખક** : હાફિઝો ક઼ારી હઝરત મૌલાના **મુહમ્મદ શાકિર અલી નૂરી રઝવી** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

**સંપાદક** : **હઝરત મૌલાના સૈયદ અમીનુલ ક઼ાદરી** *(નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)*

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

**પેજીસ** : ૬૪ **કિંમત** : રૂા. ૨૫/–

**કંપોઝિંગ** : મુઝમ્મિલ ઈલ્યાસ ઈખરવી
સાદિક઼ યાકૂબ પટેલ દયાદરવી

**આવૃત્તિ** : પ્રથમ ★ **નકલ** : ૪૦૦૦

**પ્રકાશન વર્ષ** : ૧૦ મુહર્રમુલ હરામ, હિ.સ. ૧૪૩૬
અંગ્રેજી તા. ૪ નવેમ્બર ૨૦૧૪, મંગળવાર

**પ્રાપ્તિસ્થાન** : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા,**
તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**PUBLISHER**

**JAMAAT-E-RAZA-E-MUSTAFA-CHICAGO**
Masjid-E-Ayesha Siddiqah
2409B W Devon Ave, CHICAGO (U.S.A.)
Ph. 7738019101 Email: makki92@gmail.com

## -::: અનુક્રમણિકા :::-


| | | |
|---|---|---|
| ❒ | સંપાદકના બે બોલ...... | 05 |
| ❒ | વિલાદતે બાસઆદત (જન્મ મુબારક) | 10 |
| ❒ | આપનો દેખાવ મુબારક (નક્શે સરાપા) | 12 |
| ❒ | બાળપણની સ્થિતિ | 13 |
| ❒ | તા'લીમ તથા તર્બિયત | 13 |
| ❒ | બયઅત તથા ખિલાફત | 14 |
| ❒ | હુઝૂર મુફતીએ આ'ઝમ અને ફતવા વિદ્યા | 15 |
| ❒ | મુફતીએ આ'ઝમ ! મુત્તક઼ીએ આ'ઝમ | 17 |
| ❒ | તૌબા કરાવનારે પોતે પણ તૌબા કરી ! | 21 |
| ❒ | હુઝૂર મુફતીએ આ'ઝમ અને ઝિક્રે ઈલાહી | 26 |
| ❒ | હુઝૂર મુફતીએ આ'ઝમનો એક ઉદાહરણીય મુરીદ | 27 |
| ❒ | હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہનો દા'વતનો અંદાઝ | 29 |
| ❒ | હુઝૂર મુફતીએ આ'ઝમનો નાનાઓ પર પ્રેમભાવ ! | 34 |
| ❒ | હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ ક઼તીલે ઈશ્ક઼ | 39 |
| ❒ | હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہનો ઈશ્ક઼ે રસૂલ | 40 |
| ❒ | હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہઅને સુન્ની એકતા | 43 |
| ❒ | મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہની સત્તાવાળાઓ પર સત્તા | 46 |
| ❒ | રૂયતે હિલાલ (ચંદ્ર જોવા બાબતે) | 48 |
| ❒ | હુઝૂર મુફતીએ આ'ઝમ અને નમાઝનું આયોજન | 49 |
| ❒ | નમાઝના માટે બસ છોડી આપી ! | 51 |
| ❒ | આપની નમાઝના સબબ ટ્રેન રોકાઈ ગઈ | 53 |
| ❒ | એક અનોખી નમાઝ ! | 54 |
| ❒ | ડર તથા ગભરાટના સમયે જમાઅતની પાબંદી | 55 |
| ❒ | મજબૂરી છતાં નમાઝમાં ક઼યામ | 56 |
| ❒ | અજોડ તક઼્વો | 57 |
| ❒ | એ'તેકાફ છતાં ચાયથી પરહેઝ ! | 58 |
| ❒ | ફોટાવાળા ઘરમાં ન પ્રવેશ્યા ! | 58 |
| ❒ | તાવીઝ અને તક઼્વો | 58 |
| ❒ | મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ તથા રસૂલ صلی اللہ علیہ وسلمનું આજ્ઞાપાલન | 59 |
| ❒ | મહેમાનનવાઝી અને મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ | 60 |
| ❒ | બીમારની અયાદત–ખબર લેવી | 61 |
| ❒ | દુઃખદ વિસાલ | 62 |

# જો ખ્વાબ મેં કભી આએં હુઝૂર આંખોં મેં

[**અઝ :** હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ મુસ્તફા રઝખાં "નૂરી" (عليه الرحمة والرضوان)]

(ઉર્સ : ૧૪ મુહર્રમુલ હરામ)

**જો ખ્વાબ મેં કભી આએં હુઝૂર આંખોં મેં**
**સુરૂર દિલ મેં હો પૈદા નૂર આંખોં મેં**

**હટા દેં આપ અગર રૂખ સે ઈક ઝરા પર્દા,**
**ચમક ન જાએ અભી બર્કે તૂર આંખોં મેં**

**ખુલે હંય દીદએ ઉશ્શાક કબ્ર મેં યોં હી**
**હય ઈન્તઝાર કિસી કા ઝરૂર આંખોં મેં**

**ખુદા હૈ તૂ ન ખુદા સે જુદા હય અય મૌલા**
**તેરે ઝહૂર સે રબ કા ઝહૂર આંખોં મેં**

**ખુદા સે તુમ કો જુદા દેખતે હંય જો ઝાલિમ**
**હય ઝૈગ કલ્બ મેં ઉન્કે, ફુતૂર આંખો મેં**

**ઉમંડ કે આહ નહીં આએ અશ્ક હાએ ખૂં**
**યે આ રહા હય દિલે ના સબૂર આંખોં મેં**

**હુઝૂર આંખોં મેં આએં, હુઝૂર દિલ મેં સમાએં**
**હુઝૂર દિલમેં સમાએં હુઝૂર આંખોં મેં**

**નઝર નઝીર ન આયા નઝર કો કોઈ કહીં**
**જચે ન ગિલ્માં નઝર મેં ન હૂર આંખોં મેં**

**મએ મહબ્બતે મહબૂબ સે યે હંય સર સબ્ઝ**
**ભરી હૂઇ હય શરાબે તહૂર આંખોં મેં**

**હુવા હય ખાતિમા ઈમાન પર તેરા "નૂરી"**
**જભી હંય ખુલ્દ કે હૂરો કુસૂર આંખોં મેં**

# સંપાદકના બે બોલ......

**અઝ : હઝરત મૌલાના સૈયદ અમીનુલ ક઼ાદરી**
*(નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)*

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

જેવી રીતે આસમાનની શોભા તારાઓ વડે છે એવી જ રીતે જમીનની શોભા ઉલમાએ રબ્બાનીન અને અવલિયાએ કિરામથી છે. આ પવિત્ર હસ્તીઓ જમીનવાળાઓ માટે અમાન છે. એમના જ કારણે વરસાદ નાઝિલ થાય છે, આવેલી મુસીબતોને દૂર કરવામાં આવે છે. એવી પવિત્ર હસ્તીઓ વડે પૃથ્વીનુ પટ કદી ખાલી નહીં થાય. કદી કમ કદી વધારે, કદીક છુપા કદીક જાહેર અવલિયાનો વજૂદ જરૂર રહ્યો છે અને રહેશે.

આ તે જ લોકો છે જેમને જોઈને ખુદા યાદ આવે છે. તેમની નજરો તક઼દીર બદલી નાખે છે. આપણે લોકોએ ગૌષ આ'ઝમ ગરીબ નવાઝ, શિબ્લી તથા બિશ્ર હાફી رحمۃ اللہ علیہم اجمعین નો જમાનો નથી પામ્યો, પણ જે ખુશનસીબોએ આક઼ાએ નેઅમત, હમશબીએ ગૌષે આ'ઝમ, શાહઝાદાએ આ'લા હઝરત હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ સરકાર અલ્લામા મુસ્તફા રઝાખાં عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَان ની ઝિયારત કરી છે અને તેમના રાત તથા દિવસોને જોયા છે તેમની સોહબતથી શરફયાબ થયા છે, તેઓ એ વાતથી જરૂર સહમત થશે કે હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ ની સૂરતને આપણા તથા ગૈરો પોકારી ઉઠયા કે જયારે એમની આ શાન છે તો તે અકાબિર અવલિયાની શાનનો આલમ શો હશે !

એમની મેહફિલમાં બેસનારાઓને ગઝાલી તથા રાઝી, જુનેદ તથા બાયઝીદની મેહફિલોની લિજ્જત મયસ્સર આવતી હતી. હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ નજીકના ભૂતકાળની એવી અજોડ હસ્તીનું નામ છે કે જેમની બારગાહમાં મહાન મહાન નક્ક઼ાદ મોહક્કિ઼કો પ્રશંસાના તોહફા લઈને હાજર થયા. ઉલમા તથા ડાહ્યા પુરૂષોએ તક઼વો તથા પરહેઝગારી જોઈને તેમની ગુલામીનો પટ્ટો પોતાના ગળામાં રાખી દીધો, અને આજે પણ અહલે ઈલ્મો દાનિશને તેમની ઈરાદત (મુરીદી) તથા ગુલામી પર ગર્વ તથા નાઝ છે. અલ્લાહ પાકે હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ પર એવો કરમ ફર્માવ્યો કે આપના દામનથી સંબંધિત થનાર વ્યક્તિઓને દીનના કામના માટે ચૂંટી કાઢયા.

એ વાત આપણે ગર્વથી કહી શકીએ છીએ કે **સુન્ની દાવતે ઈસ્લામી**ના અમીર, ઉસ્તાઝે મુકર્રમ, ક઼ાઈદે ગિરામી, અતાએ હુઝૂર મુફતીએ આ'ઝમ હિંદ હઝરત મૌલાના હાફિઝો ક઼ારી **મુહમ્મદ શાકિર નૂરી** સાહબ ક઼િબ્લા مدظلہ العالی પણ એ જ દસ્તરખાનના ટુકડા ખાનારા છે. સરકાર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની ફયઝવાળી નિગાહોની અસર છે કે ક઼ાઈદે મોહતરમ હુઝૂર અમીરે સુન્ની દાવતે ઈસ્લામીથી અલ્લાહ પાકે ઘણા જ થોડા અરસામાં દીને મતીનની ખિદમતો લીધી. આજે દુનિયાના કેટલાયે દેશોમાં આપનો અવાજ ઈશ્કે઼ રસૂલ ﷺના ઈન્કિ઼લાબના હવાલાથી ગુંજી રહ્યો છે. આપ કેવળ તક઼રીરો જ નથી કરતા બલ્કે પૂરા હિંદુસ્તાનમાં ત્રણ ડઝનથી વધુ ઈદારાઓની સ્થાપના એ એમનો જ હિસ્સો છે. આજે દેશમાં જ નહીં બલ્કે વિદેશોમાં પણ લોકો નૂરીની આ અતાએ નૂરી થકી ફૈઝયાબ થઈ રહ્યા છે.

વળી ગયા વરસે ઈ.સ. ૨૦૧૩ અને ચાલુ સાલ ૨૦૧૪માં પણ જોર્ડનના "ધી રાઈલ ઈસ્લામિક સ્ટ્રેજીટિક સ્ટડી સેન્ટર" થકી હુઝૂર ક઼ાઈદે મોહતરમ હઝરત અલ્લામા શાકિર નૂરી સાહબ ક઼િબ્લાને દુનિયાભરના પાંચસો બા અષર (પ્રભાવવાળી) વ્યક્તિઓમાં સામેલ કર્યા છે. અલ્હમ્દુલિલ્લાહિ અલા ઝાલિક ! હું સમજુ છું કે આ તેમના અતિ મહાન મુર્શિદ સરકાર હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની દુઆ તથા કીમીયાઈ અસર કરતી નિગાહોની બરકતો છે જે આપણે આપણા માથાની

આંખો વડે જોઈ રહ્યા છીએ.

હુઝૂર કાઈદે મોહતરમ પોતાના માટે ઈલ્કાબો આદાબ પસંદ નથી કરતા પણ જ્યારે કોઈ "અતાએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ" કહીને ખિતાબના માટે પોકારે છે તો ચહેરો ખુશીથી ચમકવા લાગે છે, જેમ કે તેઓ પોતે ફર્માવે છે પોતે કે જે કાંઈ છે તે સર્વ એમની જ અતા છે, આપ નિસ્બતે નૂરી પર પોતાના મુર્શિદનો સાથ ચાહે છે. હુઝૂર શફીઉલ મુઝનબીન ﷺ પાસે આ રીતે પોતાના મુર્શિદનો સાથ માગે છે !

**નિગાહે મુફતીએ આ'ઝમને ઝિંદા કર દિયા દિલકો**
**ઉન્હીંકા સાથ મહશરમેં અતા હો યા રસૂલલ્લાહ ﷺ**

આ વરસે ૨૨ ઝિલહજજના રોજ હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہની વિલાદતને ૧૨૫ વરસો સંપૂર્ણ થઈ રહ્યાં છે એટલા માટે હુઝૂર કાઈદે મોહતરમની એ ખ્વાહિશ હતી કે બારગાહે મુર્શિદમાં કાંઈ ન કાંઈ નઝર પેશ થવી જોઈએ. હુઝૂર કાઈદે મોહતરમની ખ્વાહિશનો એહતેરામ કરતાં એ નક્કી થયું કે હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની સીરતે તયબહ પર નાસિક ખાતે હુઝૂર કાઈદે મોહતરમ હઝરત અલ્લામા શાકિર અલી નૂરી સાહબ કિબ્લાએ ખૂબ જ શાનદાર સમૃધ્ધ તકરીર કરી હતી જેની ઉલમાએ કિરામ તથા દાનિશ્વરોએ ખૂબ પ્રશંસા કરી અને ત્યાં સુધી ફર્માવ્યું કે આ બયાન હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની જિંદગી પર દસ્તાવેઝી ખિતાબની હૈસિયત ધરાવે છે. એ જ બયાનને વધારા સાથે પ્રસિધ્ધ કરવામાં આવે છે. બયાનના શબ્દોની એ તાષિર તો અમે લખાણમાં નથી લાવી શક્તા, તે તો સાંભળે તો જ ખબર પડે ! પણ હાલ એ કોશિશ કરવામાં આવી છે કે લખાણ તથા તકરીરની મિશ્ર લિજ્જત વાંચકોને નસીબ થઈ જાય. આ સંક્ષિપ્ત પુસ્તિકામાં જે ખૂબીઓ છે તે અલ્લાહ عزوجل અને તેના રસૂલ ﷺની અતાથી કાઈદેં મોહતરમ અમીરે સુન્ની દાવતે ઈસ્લામીનો હિસ્સો છે કેમ કે આ તકરીર એમની જ છે, અને જો કોઈ ગલતી હોય તો ફકીર કાદરીની ઈલ્મી ઉણપનું પરિણામ છે.

અહલે ઈલ્મ જો ક્યાંક ખામી જુએ તો આ બેમાયાને જાણ કરે જેથી

નવી આવૃત્તિમાં સુધારણા થઈ શકે. અલ્લાહ પાક હુઝૂર કાઈદે મોહતરમ હઝરત અલ્લામા મૌલાના હાફિઝો કારી મુહમ્મદ શાકિર અલી નૂરી સાહબ કિબ્લાને દરાઝીએ ઉમ્ર બિલ ખૈર અતા ફર્માવે, જમાનાની આકસ્મિક ઘટનાઓથી બચાવે અને એમના પર ફયઝાને મુફતીએ આઝમ આ જ પ્રમાણે છમાછમ વરસતો રહે. અને આ મામૂલી કોશિશને અલ્લાહ પાક તેના હબીબ મુસ્તફા કરીમ ﷺના નાલૈન પાકના સદકામાં પોતાની બારગાહમાં કબૂલ ફર્માવે.

آمین بجاہ النبی الکریم علیہ افضل الصلوٰۃ و التسلیم

*સગે બારગાહે ગૌષેઆ'ઝમ ફકીર*

**સૈયદ મુહમ્મદ અમીનુલ કાદરી**

(નિગરા : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)

## હઝરત મુફ્તીએ આ'ઝમે હિંદની શકલ મુબારક

### કત્અ

**તાલિબે નૂરે મુસ્તફાઈ હૈ**
**દિલ મેરા કાસએ ગદાઈ હૈ**
**દેખ કર શકલે મુફ્તીએ આ'ઝમ**
**ગૌષુલ આ'ઝમ કી યાદ આઈ હૈ**

★ ★ ★

કભી શાહ અહમદ રઝા યાદ આએ
કભી હમ કો ખ્વાજા પિયા યાદ આએ
કભી શાહ ગૌષુલવરા યાદ આએ
કભી સરવરે અંબિયા યાદ આએ
ખુદા કી કસમ વો ખુદા કા વલી હૈ
જિસે દેખનેસે ખુદા યાદ આએ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْکَرِیْمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْكَ یَارَسُوْلَ اللّٰهِ اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْكَ یَا نَبِیَّ اللّٰهِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْكَ یَاحَبِیْبَ اللّٰهِ اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیْكَ یَا نُوْرَ اللّٰهِ
صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْكَ وَسَلَّمَ

આ રંગબેરંગી દુનિયામાં દરરોજ અસંખ્ય લોકો પેદા થાય છે અને અસંખ્ય લોકો દુનિયાથી કૂચ કરી જાય છે. જે લોકો દુનિયાથી પોતાના માટે પેદા થઈને જિંદગી વિના મક઼સદે પૂરી કરી આપે છે, તેમની ક઼બરોનાં નામો નિશાન પણ નષ્ટ થઈ જાય છે અને કેટલાક અરસા પછી તેમનાં ખાનદાનને લોકો ભૂલી જાય છે. પણ જે પવિત્ર હસ્તીઓ પોતાના માટે નહીં બલ્કે કોઈ મહાન હેતુ માટે પેદા થાય છે અને દીનના માટે જીવે છે, એવી મુક઼દ્દસ હસ્તીઓ જમીનના ઉપર હોય તો પણ ખલ્કે ખુદા (લોકો)ની ભીડ એમની આસપાસ હોય છે, અને જ્યારે કબ્રમાં જાય છે તો પણ તે મર્કઝે અક઼ીદતની હૈસિયત ધરાવે છે. પણ એવી હસ્તીઓ રોજ રોજ નથી પેદા થતી બલ્કે લાંબા અરસા બાદ જલ્વાગર થાય છે. કોઈ શાયરે શું સરસ કહ્યું છે :–

**હઝારોં સાલ નરગિસ અપની બેનૂરીપે રોતી હૈ**
**બળી મુશ્કિલસે હોતા હૈ ચમને દીદાવર પૈદા**

એવી મહાન અને સમયની અજોડ હસ્તીઓમાં આપણા આક઼ાએ નેઅમત, મુર્શિદે બર હક્ક઼, કુત્બેઆલમ, હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મૌલાના અશ્શાહ મુસ્તફા રઝાખાન رحمۃ اللہ علیہની ઉમદા ગુણોવાળી ઝાત છે.

હુઝૂર મુફતીએ આઝમે હિંદ رحمۃ اللہ علیہની શખ્સિયત સર્વ ક્ષેત્રિય શખ્સિયત છે જે ક્ષેત્રના નિષ્ણાતે આ નાઈબે રસૂલને જે નજરથી જોયા તે

પુકારી ઉઠયો કે હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ પોતાના સમયની અનોખી વ્યક્તિ છે જેની કોઈ જોડ નથી. આપ આલિમે બાઅમલ હતા, મહાન મુફક્કિર હતા, જુનૈદે વક્ત હતા, ગઝાલીએ દૌરા હતા, રાઝીએ અસ્ર હતા, પીરે તરીક્ત હતા, નઅત ગો શાઈર હતા, મુસ્લેહે ઉમ્મત હતા, મુદર્રિસ હતા, ઉમ્મતના મહાન ક્રાઈદ હતા, દર્દમંદ દિલ રાખવાવાળા સાહિબે દિલ હતા અને સૌથી મહાન ખૂબી તેમની એ હતી કે તે પોતાના સમયના મહાન આશિકે રસૂલ હતા. ક્લમ અહીં એવું કહેવા માટે મજબૂર છે કે :–

***હયરાં હૂં મેરે શાહ મૈં ક્યા ક્યા કહૂં તુઝે !***

## ★ વિલાદતે બાસઆદત (જન્મ મુબારક) ★

આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہને કોણ નથી જાણતું ? આપના પરાયા સૌ જાણે છે અને એ વાતને સ્વીકારનારા પણ છે કે સૈયદી આ'લા હઝરતે એક હજારથી વધુ કિતાબો પચાસથી વધુ ઈલ્મો તથા વિદ્યાના વિષયોમાં કૌમને અતા કરી છે. ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہને તેમના પીરખાનાએથી **"ચશ્મો ચિરાગે ખાનદાને બરકાત"**નો લક્બ અતા થયો હતો. આપના પીરો મુર્શિદ આપના પર નાઝ કરે છે ! કે કાલે મેહશરના મેદાનમાં જો અલ્લાહ પાક મને પૂછશે કે આલે રસૂલ ! દુનિયાથી શું લાવ્યો છે ? તો અહમદ રઝાને પેશ કરી દઈશ."

આપ અંદાઝો કરો કે મુરીદો પોતાના પીર પર નાઝ કરે છે, પણ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ તે અઝીમ તરીન જાત છે કે જેમના પીરો મુર્શિદ તેમના પર નાઝ કરે છે ! સુન્ની જગત આજ સુધી જેમના પર નાઝાં છે અને ઈન્શાઅલ્લાહ ! ક્યામત સુધી નાઝ કરતી રહેશે, તે જાત હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہના વાલિદે બુઝુર્ગવાર સૈયદી આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ અગણિત ખૂબીઓવાળી જાત છે, જેમની આગોશમાં હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہની પરવરિશ થઈ. થયું એવું કે નાઝિશે અહલે સુન્નત, ઈમામે અહલે સુન્નત આ'લા હઝરતના ઘરે એક મોટા સાહબઝાદા મૌલાના મુફતી અશ્શાહ હામિદ

રઝાખાન સાહબ رحمۃ اللہ علیہના જન્મ મુબારકને લગભગ ૧૮ વરસો વહી ચૂક્યાં હતાં. પાંચ સાહબ ઝાદીઓ છે અને એક પુત્ર છે. આ'લા હઝરતને પોતાના મિશનની ફિકર લાગેલી છે, કાશ ! એક પુત્ર રબના ફઝ્લથી અધિક અતા થઈ જાય તો દિલની કળી ખીલી ઉઠે. રાત દિવસ દુઆ થઈ રહી છે કે એક ફરઝંદ અધિક અર્પણ થાય જે મિશનનો વારસ બને જેને અલ્લાહ વ રસૂલ (عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ) પર મજબૂત યકીન હોય. જાહેર છે કે તેમનું કેમ ન સાંભળવામાં આવે ?! ખૂદ ફર્માવે છે :–

**માંગેંગે માંગે જાએંગે મુંહ માંગી પાએંગે**
**સરકારમેં ન "લા" હૈ ન હાજત અગર કી હૈ**

**વાહ ક્યા જૂદો કરમ હૈ શહે બત્હા તેરા**
**નહીં સુનતા હી નહીં માંગને વાલા તેરા**

પછી તે મુબારક ઘડી પણ આવી કે સુન્ની જગતના ઝંડાધારીને ત્યાં એક કલી મુસ્કુરાવાની કિરણ ચમકી. પણ વાહ રે ! ઈમામે ઈશ્કો મહબ્બત કે વિલાદતના સમયે દરેક શખ્સ પોતાના ઘરે રહેવાનું પસંદ જ નથી કરતો બલ્કે જરૂરી સમજે છે, પણ સૈયદી આ'લા હઝરત رحمۃ اللہ علیہએ સમયે પોતાના પીર ખાનાનું રુખ કરે છે કે જ્યાંથી આ નેઅમત મળી ત્યાં જ ચાલીએ છીએ ! કહે છે કે જ્યારે હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદની વિલાદત (જન્મ મુબારક) થઈ એ વખતે ઈમામે અહલે સુન્નત મારહરા શરીફમાં રોકાએલા હતા. મોડી રાત્રે પોતાના પીરો મુર્શિદના જાનશીન સરકાર નૂરી મિયાં رحمۃ اللہ علیہ સાથે ઈલ્મી ચર્ચાઓ થતી રહી. પછી બંનેવ બુઝુર્ગ પોતપોતાની આરામગાહની તરફ ગયા. સવારે ફજરની નમાઝ માટે બંનેની મુલાકાત મસ્જિદે આલે અહમદના પગથિયાં પર થઈ તો બંનેવ પોતપોતાના ખ્વાબની વિગત એકબીજાને સંભળાવે છે, અને બરેલીમાં પેદા થનાર નવાંગતુકની બશારત સરકાર નૂરી મિયાં عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ આ'લા હઝરતને આ પ્રમાણે આપે છે કે :–

"બડે મૌલાના ! આપના ઘરે પુત્ર જન્મ થયો છે ! જો તમે ઈજાઝત આપો તો હું પોતાના સમયના વલીએ કામિલને મુરીદ કરી લઉં. જ્યારે હું બરેલી આવીશ તો આપ એ બાળકને જરૂર દેખાડજો." આ'લા હઝરતે

ગુલામાના અંદાઝમાં અરજ કરી : ''હુઝૂર ! પેદા થનાર તો આપનો ગુલામ છે ! એને જરૂરી સિલસિલામાં દાખલ ફર્માવો.''

હુઝૂર નૂરી મિયાંએ બશારતની સામે નામ પણ અતા ફર્માવ્યું. આ'લા હઝરત બરેલી શરીફ પહોંચ્યા તો સાહબઝાદાની પેશાનીમાં નૂરે વિલાદત જોઈને શુક્રનો સજદો અદા કર્યો.

હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہની વિલાદતે બાસઆદત ૨૨–ઝિલહજ્જ હિ.સ. ૧૩૧૦, ઈ.સ. પ્રમાણે ૭/૭/૧૮૯૩ જુમ્આ મુબારકના સુબ્હ સાદિક્ના સમયે ઉસ્તાઝે ઝમન હઝરત અલ્લામા હસન રઝાખાં કાદરી બરકાતી رحمۃ اللہ علیہના મકાનમાં થઈ. સૈયદી આ'લા હઝરતે મુહમ્મદ નામ રાખ્યું અને એ જ નામ પર અકીકો પણ કર્યો. પીરો મુર્શિદ સરકાર નૂરી મિયાં رحمۃ اللہ علیہએ ''અબુલ બરકાત મુહયુદ્દીન જીલાની'' નામ તજવીઝ કર્યું. ઉર્ફમાં વાલિદે બુઝુર્ગવાર સૈયદી આ'લા હઝરતે ''મુસ્તફા રઝા'' નામ રાખ્યું. એ નામ એટલુ મશ્હૂર થયું કે આમ તથા ખાસ લોકો એ જ નામથી પુકારતા રહ્યા. બાદમાં પોતાની ફિક્હી કાબેલિયતોને લીધે ''મુફતીએ આ'ઝમ''ના લક્બથી યાદ કરવામાં આવ્યા, અને આજે પૂરી દુનિયા એ જ લક્બ વડે જાણે પહેચાને અને માને છે. આપની વિલાદતની તારીખ سَلَامٌ عَلٰى عِبَادِهِ الَّذِيْنَ اصْطَفٰى (હિ.સ.૧૩૧૦)થી નીકળે છે.

## ★ આપનો દેખાવ મુબારક (નક્શે સરાપા) ★

જ્યારે આપના નક્શે સરાપા (હુલિયા મુબારક) પર દ્રષ્ટિ કરીએ છીએ તો જાણવા મળે છે કે આપના નક્શો નિગારનું જે વર્ણન આપના શાગિર્દ તથા ખલીફા હઝરત મુફતી સૈયદ શાહિદ અલી રામપૂરીએ કર્યું છે તેમના જ હવાલાથી સાધારણ વધઘટ સાથે અન્ય લેખકોએ નક્લ કરેલ છે, જેથી એ જ લખાણને એતબારનો દરજો હાંસલ છે. નીચેના લખાણમાં આપનો સરાપા એ જ મુફતી સાહબની ઝબાની જોઈ લો :–

રંગ લાલાશ પડતો સફેદ, કદ મધ્યમ, બદન કમજોર, માથુ મોટુ ગોળ, એના પર અમામાની બહાર, ચહેરો ગોળ રોશન તથા તાબનાક નૂર વેરતો જેને જોઈને ખુદાની યાદ આવી જાય, પેશાની વિશાળ બુલંદ તક્દુસ (ઉચ્ચ પવિત્રતા)ની અસરો ધરાવતી, ભવાં ગાઢ, પલકો ગાઢ બિલકુલ

સફેદ વર્તુળ જેવી, આંખો મોટી મોટી કાળી ચમકદાર ગહરાઈ તથા ઊંડાઈવાળી, ગાલો ભર્યા ભર્યા માંસલ રોશન જલાલ તથા જમાલનો આઈનો, નાક મધ્યમ કાંઈક અંશે ઉપસેલુ, મૂછ ન ખૂબ નાની ન ભરાવદાર, હોઠ પાતળા ગુલાબની પટ્ટી જેવા સ્મિતની અસરો ધરાવતા, દાંતો નાના નાના ગોઠવણ કરેલ મોટીઓની હારમાળા જેવા જ્યારે હાસ્ય વેરતા, કાન માપસરના કાંઈક અંશે લંબાઈ ધરાવતા, ગરદન મધ્યમ કક્ષાની, છાતી વિશાળ અમુક રુંવાટી ધરાવતી, કમર થોડી ઝુકેલી, હાથ લાંબા લાંબા જે સખાવત થતા ફૈયાઝીમાં અજોડ, કાંડાંઓ પહોળાં રુંવાટીવાળાં, હેથરીઓ ભરાવદાર માંસલ, આંગળીઓ લાંબી યોગ્ય વિશાળતાવાળી, પગો મધ્યમ, એડીઓ ગોળ માપસરની હતી.

## ★ બાળપણની સ્થિતિ ★

શાણા પુરૂષોનું કહેવું છે કે સપુતના પગો પારણાથી જોવા મળે છે. જોનારાઓનું બયાન છે કે અમારા મુર્શિદ હૂઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہનું બચપન અતિ ગંભીરતાપૂર્વકનું, ખેલકૂદથી દૂર તથા ખૂબ જ અદબવાળુ હતું. ખલીફાએ આ'લા હઝરત કુત્બે મદીના હઝરત અલ્લામા ઝિયાઉદ્દીન મદની رحمۃ اللہ علیہ ફર્માવે છે : બચપનમાં જો વાલિદ સાહબને મળવા આવતા તો સામાન્ય બાળકોની જેમ વસ્તુઓને ઉઠાવીને રમતા ન હતા, વાલિદ સાહબના ખભાઓ તથા માથાને ફલાંગતા ન હતા બલ્કે સામે દોજાનૂ મોઅદબ થઈને બેસતા. જોનારા અંદાઝો લગાડી લેતા કે ભવિષ્યમાં આ'લા હઝરતની મસ્નદનો વારિસ (ગાદી વારસ) કેવી શાનનો માલિક હશે. જેનું બચપન આવું છે તો જવાની અને પછી વૃધ્ધાવસ્થાની ગંભીરતાનો આલમ શો હશે ! *(શેઅર)*

***ગોદમેં આલમે શબાબ, હાલે શબાબ કુછ ન પૂછ***

## ★ તા'લીમ તથા તર્બિયત ★

ચાર વરસ ચાર દિવસની ઉમરમાં બિસ્મિલ્લાહખ્વાનીની રસ્મ ખૂદ સૈયદી આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہએ કરાવી, અને તાલીમી દેખરેખના માટે હુઝૂર હુજ્જતુલ ઈસ્લામ મૌલાના

હામિદ રઝાખાન رحمۃاللہ علیہ ઈમામે અહલે સુન્નતના મોટા પુત્રને ખાસ કરીને નિયુક્ત કરવામાં આવ્યા જે હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃاللہ علیہના મોટા ભાઈ હતા અને ઉમરમાં આપનાથી ૧૮ વરસ મોટા હતા. હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃاللہ علیہએ ત્રણ વરસની ઓછી મુદ્દતમાં કુર્આન મજીદ ખત્મ ફર્માવ્યું અને ૧૮ વરસની ઉમરમાં રિવાજ મુજબ. ચાલતા અક્લી તથા નક્લી ઈલ્મોથી ફારિગ થયા. આપના ઉસ્તાદોમાં મૌલાના રહીમ ઈલાહી મેંગ્લોરી, મૌલાના સૈયદ બશીર અહમદ અલી જુનાગઢી, મૌલાના ઝહૂર હુસૈન રામપૂરી, હુજ્જતુલ ઈસ્લામ હામિદ રઝાખાન અને ખાસ કરીને સૈયદી આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાન તથા સરકાર નૂરી મિયાં رحمۃاللہ علیہم اجمعین છે.

હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃاللہ علیہને અલ્લાહ પાકે જે ઈલ્મી સલાહિયતો (ક્ષમતાઓ) અતા ફર્માવી હતી સાવચેતીવાળા અંદાઝ પ્રમાણે તેમની સંખ્યા ચાલીસ સુધી પહોંચી છે તે નીચે પ્રમાણે છે :–

(૧) ઈલ્મે કુર્આન (૨) ઈલ્મે હદીષ (૩) ઉસૂલે હદીષ (૪) ઉસૂલે ફિક્હ (૫) ઈલ્મે તફસીર (૬) ઈલ્મે કલામ (૭) ઈલ્મે નહ્વ (૮) ઈલ્મે સરફ (૯) ઈલ્મે મઆની (૧૦) ઈલ્મે બયાન (૧૧) ઇલ્મે બદીઅ (૧૨) ઈલ્મે મન્તિક (૧૩) ફલસફા (૧૪) ઈલ્મે હિસાબ (૧૫) ઈલ્મે હિંદસહ (૧૬) ઈલ્મે સિયર (૧૭) ઈલ્મે તારીખ (૧૮) ઈલ્મે લુગત (૧૯) ઈલ્મે અદમ (૨૦) ફન્ને અસ્માઉર્રિજાલ (૨૧) નઝમે અરબી (૨૨) નઝમે ફારસી (૨૩) નઝમે હિંદ (૨૪) નષ્રે અરબી (૨૫) નષ્રે ફારસી (૨૬) નષ્રે હિંદી (૨૭) ખત નસ્ત અલીક઼ (૨૮) ઈલ્મે તજવીદ (૨૯) ઈલ્મે ફરાઈઝ (૩૦) ઈલ્મે ઉરૂઝ (૩૧) ઈલ્મે ક઼વાફી (૩૨) ઈલ્કે તકષીર (૩૩) ઈલ્મે તૌક઼ીત (૩૪) ઝીજાત (૩૫) હયાત (૩૬) ઈલ્મે તસવ્વુફ (૩૭) જદલ (૩૮) ઈલ્મુલ અખ્લાક઼ (૩૯) અવફાક઼ (૪૦) ઈલ્મે જફર (૪૧) ફન્ને તારીખ વ એઅદાદ વગેરે.

## ★ બયઅત તથા ખિલાફત ★

જેવું કે આપ ઉપર પઢી ચૂક્યા છો કે હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃاللہ علیہ જ્યારે પેદા થયા ત્યારે જ આપના પીરો મુર્શિદ સૈયદુલ મશાઈખ

હઝરત સૈયદ અબુલ હસન નૂરી મિયાં رحمۃ اللہ علیہએ આપના વાલિદે બુઝુર્ગવાર સૈયદી આ'લા હઝરત رحمۃ اللہ علیہને બશારત અતા ફર્માવી, નામ તજવીઝ કર્યું, સાથોસાથ બરેલી શરીફ આવવાનો વાયદો કર્યો અને બયઅતનો ઉલ્લેખ પણ કર્યો. અને જ્યારે છ મહિના પછી સરકાર નૂરી મિયાં બરેલી શરીફ તશરીફ લાવ્યા તો આ'લા હઝરત رحمۃ اللہ علیہએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદને સરકાર નૂરી મિયાંની ગોદમાં આપ્યા. હુઝૂર નૂરી મિયાંએ પોતાની શહાદતની આંગળી છ મહિના ત્રણ દિવસના આલે રહમાન મુસ્તફા રઝાખાનના મોઢામાં રાખી સિલસિલામાં દાખલ કર્યા અને કેવળ છ મહિના ત્રણ દિવસની ઉમરમાં તમામ સિલસિલાઓની ઈજાઝત તથા ખિલાફતથી સરફરાઝ કર્યા, અને સાથોસાથ બશારત પણ અતા ફર્માવી કે આ બાળક દીનો સુન્નિયતની ખિદમત કરશે અને ખુદાની મુખ્લૂકને એના થકી ફયઝ પહોંચશે. એ બાળક વિલાદતની નિગાહ વડે લાખો ભટકેલાઓને સિરાતે મુસ્તકીમ પર અડગતા નસીબ થશે.

પછી દુનિયાએ જોયું કે નૂરી ઘરાનાના સરકાર નૂરીની પેશનગોઈ અક્ષરસ : સાચી સાબિત થઈ ! અને કેમ ન થાય ?! એક વલી ઈબ્ને વલી આલે નબીની ઝબાન હતી, અને એક હિંદ જ નહીં બલ્કે અરબ તથા અજમ (અરબ સિવાયની બાકીની દુનિયા) જેના ફયઝાનથી માલામાલ થયા અને શકવાળાઓ યકીનની મંઝિલના મુસાફિર બની ગયા અને સરકાર નૂરી મિયાંના એક નૂરીએ લાખોને નૂરી બનાવી આપ્યા. આજે પણ આપણે એ નૂરીઓની નૂરાનિયતથી લાભ ઉઠાવી રહ્યા છીએ.

**તેરા નૂરી વો હય જિસને બનાએ અનગિનત નૂરી**
**તેરા કતરા વો હય જિસસે મિલા ધારા સમંદરકા**

## ★ હુઝૂર મુફતીએ આ'ઝમ અને ફતવા વિદ્યા ★

હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہના કૌટુંબિક વડવાઓમાં એકથી એક ફકીહ તથા મુફતી થયા છે. આપના પરદાદા મુફતી રઝા અલીખાન બરેલ્વી رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૧૨૮૨) પોતાના સમયના અતિ મહાન મુફતીઓમાં ગણના પામતા હતા. અને આપના દાદા હઝરત મૌલાના નકીઅલીખાં رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૧૨૯૨) એવા અતિ મહાન ફકીહ

હતા કે આપના હવાલાથી ખૂદ આ'લા હઝરતે ફર્માવ્યું, ''મારી નજરમાં વર્તમાન કાળમાં બે હસ્તીઓ છે જેમના ફત્વાઓ પર આંખ બંધ કરીને અમલ કરી શકાય છે, એક તો તાજુલ ફહૂલ મૌલાના અબ્દુલ કાદિર બદાયૂની અને બીજા વાલિદે ગિરામી હઝરત અલ્લામા મુફ્તી નક઼ી અલીખાં છે.''

હુઝૂર મુફ્તીએ આ'ઝમ رحمۃ اللہ علیہના વાલિદે બુઝુર્ગવાર હુઝૂર સૈયદી આ'લા હઝરત رحمۃ اللہ علیہનું શું કહેવું ?! ફિક઼્હ તથા ઈફતામાં અલ્લાહે એવી મહાન શાન અતા ફર્માવી હતી કે અરબ તથા અજમના ઉલમા આપની ફિક઼્હી નિપૂણતાને જોઈને આશ્ચર્યમાં પડી જતા, બલ્કે દાનિશ્વરોએ ત્યાં સુધી કહ્યું કે જો ઈમામે આ'ઝમના જમાનામાં આ'લા હઝરત હોત તો ઈમામે આ'ઝમ આપને પોતાના ખાસ સાથીઓમાં સામેલ કરી લેતા. આવા અઝીમ ફક઼ીહ, સમયના અજોડ મુફ્તીની ગોદમાં હૂઝૂર મુફ્તીએ હિંદ رحمۃ اللہ علیہએ પરવરિશ પામી.

કહેવામાં આવે છે કે اَلْوَلَدُ سِرٌّ لِّاَبِيْهِ એટલે કે પુત્ર પિતાનું પ્રતિબિંબ હોય છે, તો કેમ ન તે મુક઼દ્દસ બાપની ફિક઼્હી દ્રષ્ટિઓના જલ્વાઓ વિખેરતા જેના પરદાદા, દાદા તથા પિતા કેવળ મુફ્તી નથી, બલ્કે મુફ્તીગર હતા, તો એ મુફ્તીની શાનનું શું કહેવું ?!

હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની ફતાવા નવેસીની શરૂઆત આ પ્રમાણે થઈ કે એકવાર હુઝૂર મુફ્તીએ આ'ઝમ رحمۃ اللہ علیہ દારુલ ઈફતામાં તશરીફ લાવ્યા. જોયું કે એક સાહબ ફતવા રઝવિય્યહનો ક઼લમી નુસ્ખો જોઈને ફત્વો નક઼લ કરી રહ્યા છે. આપે ઘણી જ સાદગીપૂર્વક ફર્માવ્યું, કિતાબ જોઈને ફત્વો નક઼લ કરી રહ્યા છે ! તે સાહેબે ફર્માવ્યું કે જોયા વિના આપ લખી બતાવો, તો જાણુ ! આપે કાગળ તથા ક઼લમ લીધો અને લખી આપ્યું. જ્યારે ફત્વો આ'લા હઝરતની બારગાહમાં પેશ કરવામાં આવ્યો તો ઈમામે લખાણ ઓળખી લીધું અને ફર્માવ્યું કે કોણે લખ્યું છે ?! જવાબમાં અર્ઝ કરવામાં આવ્યું, નાના સાહબઝાદાએ. હુકમ પર આપને બોલાવવામાં આવ્યા અને મુક઼દ્દસ પુત્રનો પ્રથમ ફત્વો જોઈને પિતાનો ચહેરો ખુશીથી ચમકી ઉઠયો. પાંચ રૂપિયા રોકડા ઈનામમાં આપ્યા (અત્યારના લગભગ

૨૦–૨૫ હજાર થતા હશે !) અને ફર્માવ્યું, મોહર બનાવી દેવમાં આવશે. આજથી તમો ફત્વો આપ્યા કરો.

આ જોગાનુજોગ હતો કે આ'લા હઝરતે પ્રથમ ફત્વો રઝાઅત (માતાના દૂધ) વિશે આપ્યો અને હુઝૂર મુફ્તીએ આ'ઝમ رحمۃ اللہ علیہએ પણ પ્રથમ ફત્વો રઝાઅતના જ મસ્અલા પર અતા ફર્માવ્યો. એ વખતે આપની ઉમર કેવળ ૧૮ વરસની હતી. આ ઈ.સ. ૧૯૧૦માં લખવામાં આવ્યો. ફત્વો એટલો સમૃધ્ધ હતો કે આ'લા હઝરતે કોઈ ફેરફાર તથા વધારા કર્યા વિના તસ્દીક઼ (સમર્થન) કરી આપી

## ★ મુફ્તીએ આ'ઝમ ! મુત્તક઼ીએ આ'ઝમ ★

સરકાર મુફ્તીએ આ'ઝમ رحمۃ اللہ علیہની બરકતવંત જાત એટલી મહાન હતી કે કોઈ એક વિષયની વાત હોત તો તેમના હવાલાથી કહેવામાં આવે કે તે એમાં કમાલ ધરાવતા હતા, એ તો એવા કમાલવાળા હતા કે ખૂદ દરેક ફને (વિદ્યા કલાએ) તેમની નિકટ થઈને કમાલનો દરજો હાંસલ કરી લીધો હતો. વર્તમાન કાળની સ્થિતિ એ છે કે દુનિયાના જે ઈલાક઼ામાં આપ માણસોને જુઓ ઈજ્જતની તલાશમાં માર્યા માર્યા ફરતા જોવા મળે છે. કોઈ કોઈક માલદારની નજીક થવામાં ઈજ્જત મેહસૂસ કરે છે. કોઈ જાહેરી દેખાવને બેહતરીન બનાવીને ઈજ્જત પ્રાપ્ત કરવાનું વિચારે છે, કોઈકે એવો ખયાલ કર્યો કે ફલાણા હિરોની પાસે બેસીશું તો ઈજ્જત મળી જશે, કોઈએ એવું ધાર્યું કે આલીશાન મહેલ બનાવી લઈશું તો ઈજ્જત મળી જશે, કોઈએ એવું વિચાર્યું કે સત્તાની ખુરશી પર બેસી જઈશું તો ઈજ્જત મળી જશે, કોઈએ ખયાલ કર્યો કે માલ તથા સંપત્તિનો અંબાર લગાડી દઈશું તો ઈજ્જત મળી જશે. પણ મારા મુફ્તીએ આ'ઝમે પૂરી દુનિયાને બતાવી આપ્યું કે ઈજ્જત આ ભૌતિક ચીજો વડે હાંસલ નથી થતી પણ ઈજ્જત તક઼વાથી હાંસલ થાય છે, અલ્લાહથી ડરવાના કારણે હાંસલ થાય છે.

આ સર્વ ચીજોના કારણે મળનારી ઈજ્જત ટેમ્પરરી હોય છે, અને તે અસલમાં ઈજ્જત નથી હોતી. જો કોઈ માણસ એવું સમજતો હોય કે હું સત્તાની ખુરશી પર બેઠો છું જેથી મને ઈજ્જત મળી રહી છે, એ એની ઈજ્જત નથી હોતી પણ સત્તાની ખુરશીની ઈજ્જત હોય છે. માલો ઝરનો

અંબાર કોઈની પાસે હોય અને કોઈ તેની ઈજ્જત કરી રહ્યો હોય તો તે એની ઈજ્જત નથી થતી બલ્કે માલ સંપત્તિની ઈજ્જત થતી હોય છે. પરંતું મુફ્તીએ આ'ઝમ હિંદ رحمۃ اللہ علیہએ બતાવી આપ્યું કે તમે તક્વાનો લિબાસ પહેરી લો તો અલ્લાહ તમને ખૂદ ઈજ્જત અતા કરી આપશે, તમે તક્વાના લિબાસને ઈખ્તિયાર કરી લો તો અલ્લાહની નજીક પણ ઈજ્જતવાન બની જશો.

એક બાળક જો બાપથી ડરે છે તો બાપની નિગાહોમાં તેની ઈજ્જત બની જાય છે. એક શાગિર્દ ઉસ્તાદથી ડરે તો ઉસ્તાદની નિગાહોમાં તેની ઈજ્જત બની જાય છે, તો જે ખુદાથી ડરે તો શું તે ઈજ્જતવાળો નહીં બની જાય ?! આજના મુસલમાનોએ આ ફિલોસોફી ન સમજી. આજે મુસલમાનોનો આલમ એ છે કે મુસલમાન ઈજ્જતવાળો તો બનવા ચાહે છે, પણ તક્વા વિના બનવા ચાહે છે ! પરંતું એ **કડવી હકીકત છે કે તક્વા વિના ન દુનિયામાં ઈજ્જત મળી શકે ન આખેરતમાં.** તક્વો ઘણી જ મોટી સંપત્તિનું નામ છે, તક્વો ઘણી મોટી દૌલતનું નામ છે. તક્વાનો અર્થ બચવુ પણ થાય છે, એટલા માટે જ્યારે માણસનું જીવન અત્યંત મહત્વના વળાંક પર પહોંચે છે એટલે નિકાહ થાય છે તો તેના ઈમાનની પરિપૂર્ણતા થઈ જાય છે. એ મોકા પર નિકાહના ખુત્બાની અંદર ત્રણ આયતોને પઢવું મસ્નૂન બતાવવામાં આવ્યું છે અને તે ત્રણ આયતોમાં પણ તક્વાનો ઉલ્લેખ મળે છે.

**પ્રથમ આયત :** يَا أَيُّهَا النَّاسُ اتَّقُوا رَبَّكُمُ الَّذِى۔الخ ''હે લોકો ! પોતાના રબથી ડરો !'' *(સૂ. નિસાઅ, પારા–૪, આયત–૧)*

**બીજી આયત :** يَا أَيُّهَا الَّذِيْنَ آمَنُوا اتَّقُوا اللّٰهَ حَقَّ تُقَاتِهِ۔
''હે ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરો ! જેવો કે ડરવાનો હક્ક છે.''

*–(સુ.આલે ઈમરાન, પારા–૪, આયત–૧૦૨)*

**ત્રીજી આયત :** يَا أَيُّهَا الَّذِيْنَ آمَنُوا اتَّقُوا اللّٰهَ وَقُوْلُوا قَوْلاً سَدِيْداً
'' હે ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરો અને સીધી વાત કહો.''

*–(સૂ. અહઝાબ, પારા–૨૨, આયત–૭૦)*

નવા જીવનની શરૂઆતના મોકા પર પ્રથમ જ ખુત્બાની અંદર જે તક્વાનો દર્સ આપવામાં આવે છે તેનો અર્થ આમ છે ડરવુ, બચવું. આજે જો મુસલમાનોને પૂછવામાં આવે કે તમે અલ્લાહથી ડરો છો કે નહીં ? દરેક મુસલમાન જવાબ આપશે, '' હુ અલ્લાહથી ડરું છું.'' પછી સવાલ એ પેદા થાય છે કે જો તમે અલ્લાહથી ડરો છો તો નમાઝ શા માટે ક઼ઝા થાય છે ?! જો તમે અલ્લાહ ડરો છો તો જૂઠુ કેમ બોલો છો ?! જો તમે અલ્લાહથી ડરો છો તો ગાયનો શા માટે ગણગણો છો ?! જો તમે અલ્લાહથી ડરો છો તો દગાબાઝી કેમ કરો છો ?! જો તમે અલ્લાહથી ડરો છો તો ગીબત શા માટે કરો છો ? જો તમે અલ્લાહથી ડરતા હોવ તો ખયાનત શા માટે કરો છો ? જાણવા મળ્યું કે ડરવું કેવળ ઝબાની બોલવા પૂરતુ નથી, પણ સાચા અર્થમાં જો અલ્લાહથી ડરવાના તસવ્વુરને જોવામાં આવે તો માણસોની જિંદગીમાં નહીંવત જોવા મળશે.

જેમ કે મેં જણાવ્યું કે તક્વાનો એક અર્થ બચવુ પણ થાય છે, પરંતુ બચવાના પણ ત્રણ પ્રકારો છે. દરેક ગુનાહથી બચનારો મુત્તક઼ી નથી. એક માણસ સમાજમાં ઈજ્જતવાળો અને પ્રતિષ્ઠાવાળો છે, તે એટલા માટે ગુનાહથી બચે છે કે લોકો મને ગુનાહ કરતાં જોશે તો બેઈજ્જત કરી દેશે અને મારી ઈજ્જત ચાલી જશે. આ એનું ગુનાહથી બચવું તક્વો કહેવાશે નહીં, સારી ચીજ કહેવાશે. એનો સવાબ એને મળશે. એનો ફાયદો એને મળશે. બેઈજ્જતીથી બચવાના ડરથી જ જો તે ગુનાહથી બચી રહ્યો છે તો પણ તેને સવાબ મળશે, પણ તેને તક્વો કહેવાશે નહીં. એક માણસ ગુનોહ કરવા ચાહે છે પણ તેની પાસે એટલો માલ નથી કે તે ગુનોહ કરી શકે જેથી એ કારણે ગુનોહ નથી કરી રહ્યો. આ રીતે ગુનાહથી બચવું તક્વો કહેવાશે નહીં, પણ એનાથી બચવાનો સવાબ એને મળશે. એક માણસ ગુનોહ કરવા શક્તિમાન જ નથી પણ દિલમાં ખયાલ ધરાવે છે કે મારી પાસે શક્તિ હોત તો હું ગુનોહ કરત. પણ શક્તિ જ નથી અને ગુનાહથી બચે છે. આ બચવું એના માટે લાભદાયક જરૂર છે પરંતુ એને તક્વો કહેવાશે નહીં. પરંતું એક માણસ એકાંતમાં છે, કોઈ જોનારું પણ નથી, માલ અને શક્તિ પણ તેની પાસે મૌજૂદ છે. આ સર્વ ચીજો હોવા છતાં તે ગુનાહથી બચી રહ્યો છે.

એટલા માટે બચી રહ્યો છે કે મારો મૌલા મઅબૂદે બરહક્ક મને જોઈ રહ્યો છે. તો આવા શખ્સના આ ડરવાને જરૂર તક્વો કહેવામાં આવશે. જ્યારે કોઈને આ મકામ મળી જાય છે કે કેવળ અલ્લાહથી ડરીને પોતાના વજૂદને ગુનાહોથી બચાવે છે તો મારો કરીમ તેને દુનિયામાં પણ ઈજ્જત અતા કરે છે અને મૃત્યુ બાદ પણ એને ઈજ્જતથી નવાઝવામાં આવે છે.

આજે આપણી સ્થિતિ એવી છે કે ઘણા બધાં આપણા કામો અધૂરાં પડયાં રહે છે. આપણે કહીએ છીએ, આ થતુ નથી, કોશિશ કરવા છતાં નથી થતું. પણ જ્યારે આવાં જ કામોની યાદી આપણે અલ્લાહવાળાઓની જિંદગીમાં જોઈએ છીએ તો બુધ્ધિ દંગ રહી જાય છે કે જે ન થવાવાળાં કામો હોય છે તે પણ એમના સદકામાં થઈ જાય છે. કેમ થઈ જાય છે ? કુર્આન આ રહસ્ય પરથી પર્દો હટાવે છે ! :–

وَمَن يَتَّقِ اللّٰهَ يَجۡعَل لَّهٗ مِنۡ أَمۡرِهٖ يُسۡرًا'' જે અલ્લાહથી ડરે છે, અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત તેનાં કામોને આસાન કરી આપે છે.'' *(સૂ. તલાક, પારા : ૨૮, આયત : ૨)*

પણ સવાલ એ છે કે તક્વો કઈ રીતે મળે છે ? તો કુર્આન મુકદ્દસમાં મારા કરીમ ﷻએ ફર્માવ્યું :–

إِنَّمَا يَخۡشَى اللّٰهَ مِنۡ عِبَادِهِ الۡعُلَمَآءُ''અલ્લાહથી એના બંદાઓમાં તેઓ જ ડરે છે જેઓ ઈલ્મવાળા છે.'' *(સૂ. ફાતિર, આ. ૨૮, પારા–૨૨)*

તક્વાની ફઝીલતમાં કુર્આન મુકદ્દસ ઉઠાવીને જુઓ કે જેની પાસે તક્વાની દૌલત હોય છે તેને આખેરતમાં અલ્લાહ કેટલી ઈજ્જત અતા કરે છે. તક્વાવાળાઓની ઓળખ એ છે કે તેઓ હરામ ચીજોથી પણ પોતાની જાતને બચાવતા રહે છે.

શરહે અકાઈદમાં અલ્લામા તફતાઝાની رحمۃاللہعلیہ વલીની વ્યાખ્યામાં ઈર્શાદ ફર્માવે છે : વલી એ હોય છે જે શક્ય ત્યાં સુધી અલ્લાહની જાત તથા સિફતો (ખૂબીઓ)ને ઓળખનાર (આરિફ) હોય, ઈતાઅત (આજ્ઞા પાલન)માં હમેશગી ધરાવતો હોય, ગુનાહે કબીરામાં પડવાથી અને ગુનાહે સગીરાના રીપીટેશનથી બચતો હોય. અને ચોથી વાત વર્ણવતાં ફર્માવે છે કે મુબાહ લિજ્જતો તથા વાસનાઓમાં ડૂબી જવા તથા તેમાં ગુમ થવાથી

બચતો હોય. જેનામાં આ ખૂબીઓ હોય તે અલ્લાહનો વલી છે.'' કુર્આન મુકદ્દસમાં અલ્લાહ પાકે વલીની ઓળખ તક્વાથી કરાવી. અલ્લાહ પાક ઈર્શાદ ફર્માવે છે : اِنۡ اَوۡلِيَآءُهٗۤ اِلَّا الۡمُتَّقُوۡنَ ''એના અવલિયા તો પરહેઝગાર જ છે.'' *(સૂ.અન્ફાલ્ પારા–૯, આયત, ૩૪)*

اَلَاۤ اِنَّ اَوۡلِيَآءَ اللّٰهِ لَا خَوۡفٌ عَلَيۡهِمۡ وَلَا هُمۡ يَحۡزَنُوۡنَ ''સાંભળી લો ! બેશક ! અલ્લાહના વલીઓ પર ન કોઈ ડર છે, ન કોઈ ગમ.'' *(સૂ. યુનુસ, પારા–૧૧, આયત, ૬૨)*

એનો મતલબ એ છે કે કોઈ માણસ ઈલ્મો વિદ્યાકલાઓમાં ગમે તેટલો જાણકાર હોય પરંતું જો એના દિલમાં ખુદાનો ડર ન હોય, તેનું દિલ તક્વાથી ખાલી હોય, તો એવી વ્યક્તિને પઢેલો ભણેલો (એજ્યુકેટેડ) તો કહી શકાય છે પણ તેને આલિમે રબ્બાની નથી કહી શકતા. એટલા માટે કે અલ્લાહ તઆલાએ ઉલમાએ રબ્બાનીય્યીનની શાન વર્ણવતાં ઈર્શાદ ફર્માવ્યો :–

اِنَّمَا يَخۡشَى اللّٰهَ مِنۡ عِبَادِهِ الۡعُلَمٰٓؤُا ''અલ્લાહથી એના બંદાઓમાં એઓ જ ડરે છે જેઓ ઈલ્મવાળા છે.'' *(સૂ. ફાતિર, પારા–૨૨, આયત, ૨૮)*

આપણે આકાએ નેઅમત હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની એકાંત તથા જાહેરની સ્થિતિ, સફર તથા મકામ પરની સ્થિતિનું નિરીક્ષણ કરીએ છીએ તો **મુફતીએ આ'ઝમ કેવળ મુફતીએ આ'ઝમ નથી બલ્કે પોતાના સમયના મુત્તકીએ આ'ઝમ પણ જોવા મળે છે !** નીચેના લખાણમાં અમુક પ્રસંગો સરકાર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہના તક્વા સંબંધી જુઓ.

## ★ તૌબા કરાવનારે પોતે પણ તૌબા કરી ! ★

આજકાલ એ વાત જોવા મળે છે કે જો કોઈ ગલતી કરી બેસે તો ગલતી કરવાવાળાથી આપણે તૌબાની માગણી કરીએ છીએ અને તૌબા કરાવીએ પણ છીએ. એ સારી વાત છે પણ આશ્ચર્ય એ વખતે થાય છે જ્યારે આપણાથી કોઈ ગલતી થઈ જાય તો આપણે તૌબા કરવાથી શરમાઈએ છીએ ! ટાળ મટોળ કરીએ છીએ, લોકો શું વિચારશે ! ચાહવાવાળા, નિકટના લોકો શું કહેશે ?! મુરીદો તથા શાગિર્દો પર શું અસર

પડશે ?! આ વસવસાઓના કારણે ત્યાં સુધી નોબત પહોંચે છે કે ગલતીઓની ગલત સલત તાવીલો (અર્થઘટનો) કરવાની નિરર્થક કોશિશો કરવામાં આવે છે. પણ વાહરે મુફતીએ આ'ઝમ ! આપની શાન એ છે કે હજારો ઉલમા, સેંકડો ફક઼ીહો અને લાખોની પબ્લિકના શયખે તરીક઼ત, સુન્ની જગતના તાજદાર હોવા છતાં જો કોઈ વાત શરીઅત વિરૂધ્ધ મેહસૂસ થતી તો પોતે પણ પોતાના રબની બારગાહમાં કોઈની પરવા કર્યા વિના તૌબા કરતા હતા.

હઝરત અલ્લામા મુફતી ગુલામ મુહમ્મદખાન સાહબ رحمۃ اللہ علیہ (મુફતીએ આ'ઝમ–મહારાષ્ટ્ર)એ બયાન ફર્માવ્યું : એકવાર હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ હૈદ્રાબાદના સફરમાં હતા. ત્યાં આપના એક ખલીફા હુઝૂર ગૌષે પાકની ઔલાદમાં હંબલી મસ્લકથી હતા. તેમની દાવત પર હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ તેમની ખાનકાહમાં તશરીફ લઈ ગયા. સરકાર મુફતીએ આ'ઝમના આગમન માટે તેમણે ઘણી વ્યવસ્થા કરી. ઉલમા તથા અગ્રગણ્ય વ્યક્તિઓ તથા અવામથી ખાનકાહ ભરેલી હતી. હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની નજર અચાનક ખાનકાહમાં લાગેલા એક તુગરા (તખ્તા) પર પડી જાય છે, અને હજાર ગણી નરમ તબીયતવાળા હોવા છતાં ચહેરાથી ગુસ્સાના ભાવો પ્રદર્શિત થાય છે અને જલાલમાં તુગરાના બારામાં એ હુકમ આપે છે કે આ તુગરાને કાઢીને ફેંકી દો અને તૌબા કરો ! સાહિબે ખાનક઼ાહ સૈયદ સાહબે મુર્શિદે ઈજાઝતના તેવર જોયા તો તે તુગરો ત્યાંથી હટાવી લીધો. તુગરાથી હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની નારાજગી અને આપનો જલાલ જોયો તો દરેક આશ્ચર્યથી તુગરો પઢવા લાગ્યો જેના પર આ શેઅર લખેલો હતો.

**ઝાહિદ તો બખ્શે જાએંગે ગુનહગાર મુંહ તકેં**
**અય રહમતે ખુદા ! તુઝે ઐસા ન ચાહીએ**

તુગરો હટાવી દેવામાં આવ્યો. પૂરી મેહફિલ પર એક દબદબાની ખામોશી છવાયેલી હતી. જાહેર છે કે શાઈરે શેઅરમાં રહમતે ખુદાની મઝાક ઉડાવી હતી. લગાડનારાઓએ લગાડયો, હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہએ તેઓને તૌબા કરાવી, તેમણે તૌબા કરી લીધી. મામલો ખત્મ

થઈ ગયો. પણ થોડીક જ વાર પછી લોકોએ ફરીવાર એક આશ્ચર્યજનક મંઝર જોયો કે જે મુફતીએ આ'ઝમે તુગરો (તખ્તો) લગાડવાવાળાઓથી તૌબા કરાવી હતી તે મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ ખૂદ પણ વારંવાર તૌબા કરી રહ્યા છે અને લોકોને કહી રહ્યા છે, "લોકો ! ગવાહ રહેજો ! હું પણ તૌબા કરું છું." લોકો આશ્ચર્યમાં હતા કે હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہથી શું ભૂલ થઈ છે કે આપ તૌબા કરી રહ્યા છે ?! તો આપે જાતે જ ખુલાસો આપ્યો કે તખ્તા પર જે શેઅર લખ્યો હતો એ અલ્લાહની શાનની વિરૂધ્ધ છે પણ કેમ કે હમણા શેઅરમાં "રહમતે ખુદા" પણ લખેલ હતું. હવે મારી જીભેથી નીકળી ગયું, "કાઢો અને ફેંકો !" શેઅર જો કે ગલત છે પરંતુ ખુદાનું નામ અને ખુદાની રહમત જેના પર લખેલુ હતું એના માટે ફેંકવાનો શબ્દ પણ અદબની વિરૂધ્ધ છે, એટલા માટે હું તૌબા કરું છું. અલ્લાહુ અકબર !

એકવારનો પ્રસંગ છે કે સરકાર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ મદીના મુનવ્વરામાં રોકાયેલા છે મસ્જિદે નબવીમાં છે. બપોરનો ચમચમતો તાપ, ગરમીની ઋતુ છે. તે જમાનામાં કુલરની સિસ્ટમ ન હતી, ભિશ્તીઓ (પખાલીઓ) હોતા જેઓ મશક વડે પાણી પીવડાવ્યા કરતા હતા. હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ ઝોહર પછી મસ્જિદે નબવી શરીફમાં બેઠેલા હતા. અને વારંવાર પોતાની જીભને હોટો પર ફેરવ્યા કરતા હતા. મુરીદે વિચાર્યું કે કદાચ હઝરતને તરસ લાગી છે, તો પાણી પીવડાવનાર પખાલી લોકો ફરી રહ્યા હતા. અક઼ીદતમંદોએ એક પખાલી પાસેથી પાણી લીધું અને પાણી લઈને હઝરતની ખિદમતમાં પેશ કર્યું. હુઝૂર ! કાંઈક અધિક તરસ મેહસૂસ થઈ રહી હતી, પાણી પી લેશો. હઝરતે પાણી લીધું અને મસ્જિદે નબવીની બહાર ચાલ્યા ગયા અને બહાર જઈને પાણી પીધું. અને પછી મુરીદોએ કહ્યું કે, હુઝૂર ! આ બહાર જઈને પાણી પીવાનું કારણ શું ?! ઈર્શાદ ફર્માવે છે ! મને યાદ નથી કે મેં એતેકાફની નિય્યત કરી હતી કે નહીં, અને શંકાની હાલતમાં બચવું બેહતર છે.

એક સાહબ સફરની અંદર હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہને ટ્રેનમાં જ ગુઝારિશ કરે છે કે હુઝૂર ! આ આ તકલીફ છે, નક઼્શ અતા

ફર્માવો. હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, કાગળ લઈ આવો એના પર નક્શ લખી આપુ છું. કાગળ લાવવામાં આવ્યો, આપે એના પર નક્શ (તાવીઝ) લખી આપ્યું. અને આદત પ્રમાણે જેટલાં તાવીઝોની જરૂરત હતી એટલાં તાવીઝો આપે એ કાગળથી ફાડયાં અને ત્યારબાદ તે તાવીઝો (નક્શો) તેને આપી દીધાં. કાગળ હાથમાં રહી ગયો. તે શખ્શ બાજુના ડબ્બામાં હતો. તાવીઝો લઈને ચાલ્યો ગયો. તેના જતાં જ બીજા સાહબ ઉભા થયા, હુઝૂર ! મને પણ એક તાવીઝ જોઈએ. હુઝૂરે ફર્માવ્યું. કાગળ લઈ આવો ! એના પર તે અર્ઝ કરે છે કે હુઝૂર ! આ આપના હાથમાં તો છે : મેં આ કાગળના માલિકથી ઈજાઝત નથી લીધી, હું એની ઈજાઝત વિના એના કાગળનો ઉપયોગ કેવી રીતે કરું ?!

વિચારો ! આ સામાન્ય કાગળના ઉપયોગ બાબતે અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَનો આટલો ખૌફ રાખતો હોય ! લાવો, આજે એવો કોઈ શખ્સ ! અફસોસ સેંકડો અફસોસ ! આજનો આલમ એ છે કે ''માલે મુફત દિલે બેરહમ'' વાળી પોઝિશન છે. ઈલ્લા માશાઅલ્લાહ !

એના અનુસંધાનમાં એક ઈમાન અફરોઝ પ્રસંગ બહરુલ ઉલૂમ હઝરત મુફતી અબ્દુલ મન્નાન આ'ઝમી رحمۃ اللہ علیہ વર્ણવે છે કે, જુમ્આના દિવસે મુસલ્લીઓની ગરદન ફલાંગીને આગળ જનારાઓના બારામાં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની એક ચેતવણી છે :–

مَنْ تَخَطّٰى رِقَابَ النَّاسِ يَوْمَ الْجُمُعَةِ اِتَّخَذَ جِسْرًا اِلٰى جَهَنَّمَ

''જેણે જુમ્આના દિવસે લોકોની ગરદનો ઓળંગી (ફલાંગી) તેણે જહન્નમની તરફ પુલ બનાવ્યો.'' *(મિશ્કાત શરીફ, હદીષ–૧૩૯૨, દારુલ ફિક્ર–બૈરૂત)*

આ મુબારક ફર્માન પ્રમાણે ઈસ્લામી શરીઅતનો એ હુકમ છે કે જુમ્આના દિવસે જામા મસ્જિદમાં જામેઅ મસ્જિદમાં મુસલ્લીઓ (નમાઝીઓ)ની ગરદન કૂદાવીને (ફલાંગીને) આગળ જવું શરીઅતની રૂએ મના તથા ગુનોહ છે. આગલી સફવાળાઓએ જગા છોડી રાખી હોય તો તેને પૂર્ણ કરવા માટે આગળ જઈ શકાય છે, કેમ કે સફ પૂર્ણ કર્યા વિના પાછળ બેસીને એ લોકોએ પોતાની હુર્મત (એહતેરામ) ખૂદ વેડફી. આ શરઈ મસ્અલાને નજરો સમક્ષ રાખીને બનાવનો અભ્યાસ કરશો.

કેટલાક સમય પહેલાંની વાત છે કે અશરફિયહના માજી નાઝિમ અલ્હાજ મુહમ્મદ ઉમર સાહબ મર્હૂમના ખલફુસ્સદક઼ હઝરત મૌલાના નિષાર અહમદ સાહબ લગભગ પ્રથમવાર મુબારકપુરમાં હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃاللہ علیہને લાવ્યા. અને આ આપનું આગમન તદ્દન અંગત તથા અગાઉથી કોઈ ખબર આપ્યા વિનાની કેવળ એક વ્યક્તિની દાવત પર થયું, એટલા માટે અહલે સુન્નતની પબ્લિક તો શું અશરફિયહના લોકોને પણ એની આગળથી ખબર ન થઈ શકી. જુમ્આનો દિવસ હતો. જુમ્આના સમયે મૌલાના નિષાર અહમદ સાહબ હઝરતને લઈને એ સમયે પહોંચ્યા જ્યારે મસ્જિદ ભરાઈ ચૂકી હતી, ઋતુ ઉનાળાની હતી, એટલા માટે નમાઝીઓની છેલ્લી સફ તડકાથી બચવા માટે મસ્જિદથી લગોલગ મસ્જિદની દીવાલના છાંયડામાં બેઠેલી હતી.

હઝરત કુર્તો, પાયજામો અને લગભગ પીળા રંગની સદરી અને ટોપી ઓઢેલ તશરીફ લાવ્યા. ગરમીથી બચવા માટે ટુવાલ માથા પર નાખી રાખ્યો હતો. મુબારકપુરવાસીઓના દિલમાં ઉલમા તથા મશાઈખની ઈજ્જત હતી, આ બાજુ હુઝૂરનો પુરનૂર ચહેરો, દિલકશ શખ્સિયત્ વળી સાથમાં મૌલાના નિષાર અહમદ પણ હતા. લોકોએ જોતાં જ અંદાઝો લગાડી લીધો કે કોઈ મોટા આલિમે દીન છે, સારા બુઝુર્ગ છે અને આમતેમ ખસીને આગળ જવા માટે આપને રસ્તો આપવા લાગ્યા, કેમ કે મસ્જિદમાં ઉલમાની સાથે તેમના એહતેરામ તથા અક઼ીદત નો એ જ નિયમ હતો, પરંતુ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃاللہ علیہ તડકામાં જ ટુવાલ બિછાવીને સૌની પાછળ બેસી ગયા. આગ્રહ કરવા છતાં આગળ ન વધ્યા. આ સર્વ બનાવ ત્યાં જ બની રહ્યો હતો જ્યાં હું નમાઝ પઢી રહ્યો હતો. નમાઝ બાદ માલૂમ કરવા ચાહ્યું કે એ કોઈ બુઝુર્ગ હતા ? તો જાણવા મળ્યું કે મુફતીએ આ'ઝમે હિંદ رحمۃاللہ علیہ છે !

લગભગ મારી પહેલી ઝિયારત (દીદાર) હતી. દિલે ફેંસલો કર્યો, સુબ્હાનલ્લાહ ! **મસ્અલો તો આપણે લોકો પણ પઢીએ છીએ, પરંતુ કેવળ પઢવા માટે, અને આ અલ્લાહવાળાઓ પઢે છે તો અમલ કરવાના માટે !** જેથી દિલ આપોઆપ પુકારી ઉઠયું :–

**મુત્તક઼ી બનકર દિખાએ ઈસ ઝમાનેમેં કોઈ**
**એક મેરે મુફ્તીએ આ'ઝમ કા તક઼વા છોળકર**

## ★ હુઝૂર મુફતીએ આ'ઝમ અને ઝિક્રે ઈલાહી ★

આજનો માનવી બેક઼રાર થાય છે તો ગુનાહોના અડ્ડા પર ક઼દમ રાખીને સુકૂન હાંસલ કરવા ચાહે છે, પરંતું અલ્લાહના જે વલી હોય છે તેઓ દિલમાં અજંપો અનુભવે છે તો અલ્લાહને યાદ કરી લે છે જેથી તેમના દિલને ઈત્મિનાન મળી જતુ હોય છે. તેમનું સુકૂન અલ્લાહના ઝિક્રમાં હોય છે, તેમનું ઈત્મિનાન અલ્લાહની યાદમાં હોય છે. મને બતાવો ! સરકાર હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની જિંદગીની એક એક પલને જુઓ, તો તમારે સ્વીકારવું પડશે કે આપ પલે પલ યાદે ઈલાહીમાં વ્યસ્ત જોવા મળ છે, પલ પલ ઝિક્રે ઈલાહી કરતા જોવા મળે છે. તેમનું સૂવું અલ્લાહની યાદમાં હોતું, તેમનુ ઉઠવું અલ્લાહની યાદ હોતુ, ત્યાં સુધી ફર્માવવામાં આવ્યું કે **જ્યારે આપ સૂતા હતા તો દિલથી ઝિક્રે ઈલાહીના અવાજો આવ્યા કરતા હતા.** અલ્લાહનું આવું ઝિક્ર કરવાવાળો બંદો જેની જિંદગી એવી છે કે દુનિયાથી કપાઈને યાદે મૌલામાં અને યાદે ઈલાહીમાં વ્યસ્ત છે. એના બારામાં કુર્આન કહે છે :– فَاذْكُرُونِيٓ أَذْكُرْكُمْ۔ ''તમે મારી યાદ કરો હું તમારી ચર્ચા કરીશ.'' *(સૂ. બક઼રહ, પારા–૨, આયત–૧૧૨)*

કુર્આન કહે છે :–

يَآ أَيُّهَا الَّذِينَ آمَنُوا اذْكُرُوا اللّٰهَ ذِكْراً كَثِيراً۔ ''હે ઈમાનવાળાઓ ! અલ્લાહને ખૂબ યાદ કરો.'' *(સૂ. અહઝાબ પારા–૨૨, આયત ૭૧)*

દુશ્મન સાથે જ્યારે મુક઼ાબલો થાય તો કુર્આન કહે છે :–

يَآاَيُّهَاالَّذِينَ اٰمَنُوٓااِذَالَقِيتُمْ فِئَةً فَاثْبُتُوا وَاذْكُرُوااللّٰهَ كَثِيرًا لَّعَلَّكُمْ تُفْلِحُوْنَ۔

''હે ઈમાનવાળાઓ ! જ્યારે કોઈ ફોજ સાથે તમારો સામનો થાય તો અડગ રહો, અને અલ્લાહની યાદ ખૂબ કરો જેથી તમે મુરાદે પહોંચે.'' *(સૂ. અન્ફાલ, પારા–૧૦, આયત–૪૫)*

એક દુશ્મન તો તે છે જે બહાર તલ્વાર લઈને આપણા મુક઼ાબલાના માટે ઉભો છે, એક દુશ્મન તે છે જે પૃથ્વીના પર પરથી આપણુ નામો નિશાન મિટાવી દેવા માટે જદ્દો જેહદ કરી રહ્યો છે. એક દુશ્મન તે છે જે આપણો મુક઼ાબલો કરવા તૈયાર છે, અને એક દુશ્મન તે છે જે આપણી

અંદર જ મૌજૂદ છે તે આપણને મૌલાની યાદથી રોકે છે, આપણને અલ્લાહની મહોબ્બતથી રોકે છે, આપણને રસૂલે આ'ઝમ ﷺની ઉલ્ફતથી રોકે છે, આપણને ઈત્તેબાએ રસૂલ ﷺથી રોકે છે !

હવે એનો મુકાબલો કેવી રીતે કરવામાં આવે ?! તો કુર્આન કહે છે : فَاثۡبُتُوۡا وَاذۡكُرُوااللّٰهَ كَثِيۡرًا لَّعَلَّكُمۡ تُفۡلِحُوۡنَ ''તો અડગ રહો અને અલ્લાહની યાદ ખૂબ કરો કે તમે મુરાદે પહોંચો.''

જ્યારે બહારના દુશ્મનથી મુકાબલા માટે અડગ રહીને અલ્લાહનો ઝિક્ર કરવામાં આવે તો અલ્લાહ કામયાબી અતા ફર્માવે છે, તો અંદરના દુશ્મનને પણ મિટાવવા માટે અલ્લાહની યાદમાં જો કોઈ વ્યસ્ત થઈ જાય તો મૌલા તેને કામયાબી તથા કામરાનીથી મિલાવી દે છે. કોઈ પળ હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہની યાદે ઈલાહીથી ગફલતમાં નથી પસાર થઈ. એ તો એવા ઝાકિર હતા કે તેમને જોનારો પણ અલ્લાહના ઝિક્રમાં વ્યસ્ત થતો રહેતો હતો, તેમને જોઈને ખુદા યાદ આવી જતો, એમને જોઈને માણસની જીભેથી આપમેળે ''સુબ્હાનલ્લાહ''! નીકળી જતું.

## ★ હુઝૂર મુફતીએ આ'ઝમનો એક ઉદાહરણીય મુરીદ ★

અમારા એક સાથી આરિફ પટેલ જે તેહરીકના મુબલ્લિગ છે તે બ્રિટનથી આવ્યા હતા. તે બરેલી શરીફ ગયા. સરકાર હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ અને આ'લા હઝરત رحمۃ اللہ علیہની બારગાહમાં હાજરી આપીને તે નીકળ્યા. એક દુકાનેથી કેટલીક ચીજો તેમણે ખરીદી, તો ૩૯ રૂપિયાનું બિલ બન્યું. તેમણે ચાલીસ રૂપિયા આપ્યા. દુકાનવાળા ચાચા જે હતા તે એક રૂપિયો શોધી રહ્યા હતા, તો મારા સાથીએ કહ્યું કે, કાકા ! રહેવા દો ! કાંઈ વાંધો નહીં. કાકાએ કહ્યું નહીં ! એક રૂપિયો પ્રથમ લેવો પડશે ! કહ્યું, કોઈ વાંધો નહીં, અમે આપને ભેટ ધરીએ છીએ, અમે થોડા આપને કહીએ છીએ કે આપે ખયાનત કરી ?! તેમણે કહ્યું, નહીં ! **અમારા પીરની તાલીમ છે કે હક્કવાળાને તેનો હક્ક અદા કરો !** આ અમારા પીરની તાલીમ છે. આ એક રૂપિયો આપનો હક્ક છે, તે તમારે લેવો પડશે !

અમારા સાથીને તેમની વાતો ઘણી પ્યારી લાગી. તેમણે કહ્યું કે, આપ

હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہથી બયઅત છો ?! કહ્યું, હા ! જો તમે ઈજાઝત આપો તો થોડીવાર બેસું ? કાકાએ કહ્યું, બેસો ! અમારા સાથી ગુઝારિશ કરે છે કે અમને સરકાર હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની કાંઈક વાતો સંભળાવો ! તેમણે કહ્યું, એક વાત હોય તો તમને બતાવું, તેમની તો દરેક વાત નિરાલી હતી ! શું કહેવું બડે મૌલાનાનું ! મારા સાથીએ કહ્યું, કાંઈક તો સંભળાવો !

આપે કહ્યું, સરકાર હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની એક આદત હતી કે જો કોઈ પરેશાન હાલ આવતો અને કહેતો કે મારો બાળક બીમાર છે અથવા મારા ઘરમાં આ પરેશાની છે. હઝરતને તે રીક્ષા પેશ કરતો, તો હઝરત સાયકલ રીક્ષામાં બેસીને પણ તેને ત્યાં ચાલ્યા જતા. કદી હઝરતે એવું નથી ફર્માવ્યું કે મને આવી સવારી આપશો તો જ આવીશ. આ કમાલ હઝરતની જિંદગીમાં અમે જોયો. આપ આવનારાની પરેશાનીને જોતા હતા, પોતાની પરેશાની પર કદી તેમણે નજર નથી કરી.

અમે હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہનો ખોરાક જોયો છે. તમે યકીન માનજો કે સવારમાં નાશતાની અંદર હઝરત મુશ્કેલીથી એક ઈંડુ અથવા એક રોટી ખાતા હતા. કોઈ ખાસ ખોરાક ફર્માઈશી ન હતો. જે મળી જતું તે 'બિસ્મિલ્લાહ' કહીને હઝરત ખાય લેતા હતા.

અને હા ! હઝરતની ઝબાન પર મોટાભાગે આ વિર્દ મેં જાયો, અને અલ્હમ્દુલિલ્લાહ ! અને હું તે સમયથી એ કોશિશ કરી રહ્યો છુ જ્યારે હઝરતથી બયઅત થયો હતો, પરંતું હઝરતની વાતો અમુક ઉમર પસાર થયા બાદ યાદ આવતી રહી, હઝરતની જિંદગીને પઢતો ગયો તો તે અમલ મારા દિલો દિમાગ પર એકદમ છવાઈ ગયો અને યાદ આવવા લાગ્યો, તે અમલ આ હતો : **یا حیُّ یاقَیُّوم بِرَحمَتِكَ اَستَغِیثُ۔ "યા હય્યુ યા કૈયૂમ બિરહ્મતિક અસ્તગીષ."**

હું તમોને સૌને વિનંતી કરું છું કે આ અમલને અપનાવો. બલ્કે એક રિવાયતમાં તો ત્યાં સુધી છે કે આ ઈસ્મે આ'ઝમ છે. હઝરત મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ મોટાભાગે આ પઢયા કરતા હતા, બેસે તો **یا حیُّ یاقَیُّوم بِرَحمَتِكَ اَستَغِیثُ۔ "યા હય્યુ યા કૈયૂમ બિરહ્મતિક અસ્તગીષ."**નો વિર્દ ચાલુ રહેતો. આપણે જો થાકી જઈએ તો "ઉફ"

અથવા "આહ" કહીએ છીએ, પરંતુ ખુદાની ક઼સમ ! મેં મુફ્તીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہને કદી ઉફ કે આહ કરતા નથી જોયા. અલ્લાહ ! અલ્લાહ ! પાસુ બદલતા હતા તો "અલ્લાહ !" ઉઠતા હતા તો "અલ્લાહ !", બેસતા હતા તો "અલ્લાહ !" પૂરી જિંદગી અલ્લાહની યાદમાં તેમણે ગુજારી, પણ ઉફ તથા આહ કદી ન કર્યું.

## ★ હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہનો દા'વતનો અંદાઝ ★

સરકાર હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ તાવીઝોના બારામાં ખૂબ જ મશહૂર રહ્યા, અને તાવીઝાતના વડે પણ ખિદમતે ખલ્ક઼ આપ કર્યા કરતા હતા. તાવીઝમાં શું લખતા હતા ? અલ્લાહનો ઝિક્ર જ ને ! બિસ્મિલ્લા હિર્રહ્‌મા નિર્રહ઼ીમ, પછી તેના પછી જે કાંઈ લખવાનુ હોતુ, જે બીમારીના નિવારણ માટે બંદો આવ્યો છે તે બીમારીના નિવારણના માટે તાવીઝ લખતા હતા, અને એના બારામાં દુઆઓ કરતા હતા.

આજે આપણે લોકો પણ તબ્લીગના નામે નીકળ્યા છીએ અને દા'વત તથા તબ્લીગના ફરીઝાને અંજામ આપવાની કોશિશ કરીએ છીએ. પરંતુ આપણી તબ્લીગનો અંદાઝ શું છે ? મજમો ભેગો કરવામાં આવે, પોસ્ટર પ્રસિધ્ધ થાય, મજમો જામી જાય, પછી આપણે અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَની વાત કરીએ છીએ.

હે મુફ્તીએ આ'ઝમ ! આપની અઝમતોને સલામ ! આપના માટે રાતોમાં મજમો સજાવવામાં આવતો ન હતો, બલ્કે આપનો આલમ એ હતો કે જ્યાં બેઠા, લોકો મુરીદ બનવા આવ્યા તો તક઼રીર શરૂ થઈ ગઈ, આપણે રાત્રે દોઢ કલાક બોલીએ છીએ, અને મુફ્તીએ આ'ઝમનો આલમ એ હતો કે તે સવારે પણ બોલી રહ્યા છે, બપોરે પણ બોલી રહ્યા છે, સાંજે પણ બોલી રહ્યા છે. એમની તબ્લીગનો આલમ એ હતો કે આપ એવું વિચારતા ન હતા કે હું નસીહત કરીશ તો સામેવાળાને સારું લાગશે કે બુરુ ?! એ તો એવું વિચારતા હતા કે મારો મૌલા કઈ ચીજમાં રાજી થાય છે અને એના હબીબ صلی اللہ علیہ وسلم કઈ ચીજમાં રાજી થાય છે.

મુફ્તીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની પળ પળ દાવત તથા તબ્લીગમાં

પસાર થતી જોવા મળે છે. કોઈ તાવીઝ લેવા આવ્યું, તો ફર્માવ્યું, બેટા ! નમાઝ પઢો છો કે નહીં ? જ્યારે તે ખામોશ રહેતો તો ફર્માવતા, બેટા ! પંજ વક્‌ક્તા નમાઝ નહીં પઢો તો મુસીબત નહીં આવે તો શું આવશે ?! હવે પછીના માટે વાયદો કરો કે આજથી પંજવક્‌તા નમાઝ પઢીશ ! તમે આ બાજુ નમાઝ પઢો પેલી બાજુ તમારી મુસીબતો દૂર થઈ જશે.

કોઈ દાઢી મૂંડાવેલો અથવા (મુટ્ઠીથી કમ) કતરાવેલ દાઢીવાળો આવ્યો તો હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ નસીહત ફર્માવતા કે દાઢી રાખો ! તમારી મુસીબતો દૂર થઈ જશે. મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہએ તબ્લીગનો ઘણો જ નિરાલો અંદાઝ અપનાવ્યો હતો. મેં તબ્લીગ કરવાવાળો આવો નથી જોયો જે સવાર સાંજ આ રીતે તબ્લીગ કરતો હોય. આપણે મજમાનો ઈંતેઝાર કરીએ છીએ અને હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہનો આલમ એ હતો કે મજમો એમની રાહ જોતો હતો !

મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ કોઈ ઈન્સાનની મુરવ્વત (શરમ) નથી કરી, એ એતબારથી કે હું હક્‌ વાત કરીશ તો એ નારાજ થઈ જશે, બલ્કે મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہનો આલમ એ હતો કે હમેશાં આપની દૃષ્ટિ સમક્ષ મૌલાની રઝા અને તેના પ્યારા મહબૂબ ﷺની રઝા રહેતી હતી.

## ★ કમાલ શું છે ? ★

હવાઓમાં ઉડવું એ કમાલની વાત નથી બલ્કે શરીઅત પર અડગ રહેવું એ કમાલની વાત છે. અલ્લાહ અને તેના રસૂલ ﷺના હુકમનો લેહાઝ કરવો અને તેના પર અમલ કરવો એ કમાલની વાત છે. હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ એને કરીને બતાવી આપ્યું, કહીને નહીં. આપ કહેતા તો ખૂબ જ કમ હતા, આપણે ખૂબ જ અધિક પ્રમાણમાં કહીએ છીએ અને નામ પૂરતુ પણ કરતા નથી ! આપણને કહેતા જોઈને જલ્દીથી લોકો ઈસ્લામની તરફ આકર્ષાતા નથી અને તેમને કરતા જોઈને હજારો ઈસ્લામથી જોડાઈ જાય છે.

એટલા માટે જ્યારે રસૂલે આ'ઝમ ﷺએ જ્યારે પ્રથમ દા'વત પેશ કરી હતી તો લોકોએ દલીલ માગી હતી કે આપ જે દીને હક્‌ની તબ્લીગ

કરો છો એ દીનના સાચા હોવાની દલીલ શું છે ? તો સરકાર ﷺએ એ જ ફર્માવ્યું હતું : فَقَدْ لَبِثْتُ فِيكُمْ عُمُرًا مِّنْ قَبْلِهِ اَفَلَا تَعْقِلُوْن "મારી જિંદગીની પળો તમારા વચ્ચે ગુજારેલ છે." બતાવો ! કોઈ એક પલ પણ તમને દાગદાર જોવા મળે છે ?!

હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ આરિફ બિલ્લાહ હતા, તે પોતાના સમયના મન્સૂર હતા, અને એ એવા આબિદ તથા ઝાહિદ હતા કે ઈબાદત ખૂદ એમના પર નાઝ કર્યા કરતી હતી. આપ અંદાઝો લગાડો કે આજે કમરમાં સહેજ દર્દ હોય તો આપણે બેસીને નમાઝ પઢીએ છીએ, અને ગુઠણોમાં મામૂલી દર્દ હોય તો ખુરશી મસ્જિદમાં લગાડી દઈએ છીએ. હે મુફતીએ આઝમ ! અમે આપની અઝમતો પર કુર્બાન જઈએ ! મુંબઈની સરઝમીન પર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ મસ્જિદમાં નમાઝ માટે તશરીફ લઈ ગયા. એક શખ્સને જોયો કે બેસીને નમાઝ પઢી રહ્યો છે જેનો એક પગ નથી. હુઝૂર મુફતીએ આ'ઝમ હિંદ رحمۃ اللہ علیہ ઉભા રહ્યા. તેણે નમાઝ પૂરી કરી તો હુઝૂર મુફતીએ આ'ઝમે તેની તબીયત વિશે ખબર પૂછી પછી તેને ધીરે રહીને ઉભો કર્યો, બેટા, ઉભા થઈ જાવ ! તે દીવાલ સાથે ટેકો લગાડીને ઉભો થઈ ગયો. હઝરતે ફર્માવ્યું, શું આ રીતે ઉભા રહીને તમે નમાઝ પઢી શકો છો ? તેણે કહ્યું, હા ! ફર્માવ્યું, તો પછી તમારા માટે કયામ ફર્ઝ છે ! આ હાલતમાં પણ તમે બેસીને નમાઝ નથી પઢી શક્તા.

હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની પૂરી જિંદગી વાંચી જાવ તો ભાળ મળશે કે તેમણે શરીઅતને ઝિંદા કરીને બતાવી આપી, પોતાની લાઈફ થકી, પોતાની જીવનના તરીકા થકી, પોતાની સવાર સાંજ થકી, અને તેમણે દુનિયાવાળાઓને દર્સ આપ્યો કે, હે દુનિયામાં વસનારાઓ ! આજે પૂરી દુનિયા તમને જોઈ રહી છે, મને પણ જોઈ રહી છે, તમે ઈસ્લામના આઈડિયલ (નમૂના) બની જાવ, ઈસ્લામના માળખામાં ઢળી જાવ, તમારી જિંદગીને જોઈને લોકો આપોઆપ કલમો પઢવા માટે મજબૂર થઈ જશે.

હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہને કોઈનો ડર ન હતો. એકવાર કોઈ ગૈર મુસ્લિમને ડાબા હાથે ખાવા ખાતો જોયો તો ફર્માવ્યું, જમણા હાથે

ખાવા ખાવ ! ડાબા હાથે ન ખાવ ! તેણે કહ્યું, બાબાજી ! હું મુસલમાન નથી ! આપે ફર્માવ્યું, મુસલમાન નથી પણ ઈન્સાન તો છો !

એકવાર સફરમાં હતા. સ્ટેશન પર લેટ પહોચ્યા. ટ્રેન સુધી પહોંચતાં ખાદિમોએ જે ડબ્બો નજીક હતો તેમાં ચઢાવી આપ્યા. જોગાનુજોગ તે ડબ્બો ફોજીઓનો હતો. એમાં કોઈ ગૈર ફોજીને બેસવાની ઈજાઝત ન હતી. જે ઉલમાએ કિરામ ખિદમત માટે સાથમાં હતા તેમણે ફોજીઓને ગુઝારિશ કરી કે આ અમારા બુઝુર્ગ છે, ટ્રેન ચાલુ થઈ હતી ત્યારે અમે સ્ટેશન પર પહોચ્યા. આવતા સ્ટેશને ટ્રેન રોકાશે તો અમે ડબ્બો ચેન્જ કરી નાખીશું. ફોજીઓએ કમને સ્વીકારી લીધું અને તેઓ તાશ (પટ્ટાં) ખેલવામાં મશગૂલ થઈ ગયા. તાશ રમતાં રમતાં તેમણે હઝરત ઈસા علیہ السلام અને તેમનાં પવિત્ર વાલિદા જનાબ મરયમ બતૂલની શાનમાં તૌહીન કરવાનું શરૂ કર્યું અને ઘણી જ બેબાકીની સાથે જનાબ ઈસા علیہ السلام તથા જનાબ મરયમ رضی اللہ عنہاના બારામાં બકવાસ કરવા લાગ્યા. હઝરત સાંભળી રહ્યા હતા. ચહેરાનો રંગ બદલાઈ ગયો, એક રંગ આવતો બીજો રંગ જતો ! હઝરતે પુરજલાલ લહેજામાં ફર્માવ્યું, ''ખબીષ ! પોતાની જીભને રોક !'' અને આવું ફર્માવીને પોતાનો અસા (સ્ટીક) ઉઠાવી લીધો. ખાદિમો ગભરાઈ ગયા કે આ ફોજી છે અને હવે શું થશે ?! પણ લોકોએ જોયું કે તે ફોજી કહેવા લાગ્યા, '' બાબાજી ! અમે તમારા પયગંબરના બારામાં નથી કહી રહ્યા, અમે તો ઈસાઈઓના ગુરૂને કહીએ છીએ !'' હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, ''ઈસાઈ હઝરત ઈસા علیہ السلامની અઝમત (મહાનતા)ને શું જાણે ?! ઈસા علیہ السلام અમારા પયગંબર છે, અમે તેમની તાઝીમ કરીએ છીએ અને અમે અમારા ધર્મ પ્રમાણે દરેક નબી પર ઈમાન લાવીએ છીએ.''

આ સાંભળીને ફોજી પ્રભાવિત થઈ ગયા. ખાદિમો વિચારી રહ્યા હતા કે શું થશે ?! પણ મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની હક્કગોઈએ તેમને આકર્ષી લીધા ! જ્યારે આગલા સ્ટેશને ટ્રેન રોકાયી તો ખાદિમોએ ડબ્બો ચેન્જ કરવા ચાહ્યું પણ ફોજીઓએ કહ્યું, અમે બાબાજીને જવા નહીં દઈએ, આખી સફર આ ડબ્બામાં જ થશે. અને પોતાની જગા આપી દીધી. જ્યારે હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ મંઝિલ પર ઉતરવા લાગ્યા તો ફોજીઓએ ખાદિમોને સામાન ઉઠાવવા ન દીધો, બલ્કે ખૂદ હઝરતનો સામાન લઈને

ઉતાર્યો અને હાથ જોડીને હઝરતથી દુઆની ગુઝારિશ કરવા લાગ્યા. હઝરતે વિદાય લેતાં ફર્માવ્યું, ''અલ્લાહ તમને સૌને હિદાયત અતા કરે.''

બહરુલ ઉલૂમ હઝરત મુફતી અબ્દુલ મન્નાન આઝમી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ આ ખૂબીમાં પોતાના સમકાલિનોમાં વિશિષ્ટ તથા અનોખા હતા. જેથી અશક્ય હતું કે કોઈ ગલત વાત હઝરતની સામે થઈ જાય અને હઝરત તેની ઈસ્લાહ ન કરે. **આપની મજલિસમાં તાવીઝના માટે મર્દો તથા ઔરતોની ભીડ લાગેલી રહેતી હતી પણ શું મજાલ કે કોઈ સ્ત્રીનો હાથ પણ બેપર્દા થઈ જાય !** જેવી કોઈથી નિષ્કાળજી થઈ અને આપની ધમકી પડી, **لَا اِلٰهَ اِلَّااللّٰه،اَسْتَغْفِرُ اللّٰه اَسْتَغْفِرُ اللّٰه ''અરે ! પોતાનો હાથ ઢાંક ! બેશરમ ! મને ઘરડાને તારો હાથ બતાવવા આવી છે !''** અને પૂરી મજલિસ પર સન્નાટો છવાઈ ગયો અને સૌએ પોતાનાં કપડાં ઠીકઠાક કરી લીધાં.

એકવાર બે અપટુડેટ અને બેપર્દા મુસલમાન સ્ત્રીઓ સાડી પહેરીને ક્યાંક દૂરથી તાવીઝ લેવાના માટે આવી. આપે તાવીઝ લખતાં લખતાં નજર જો ઉઠાવી તો નિગાહ એમના પર પડી ગઈ. તો તુરત જ ફેરવી લીધી અને માથુ નીચુ કરીને લગભગ ૧૫ મિનિટ સુધી તેમને તતડાવતા રહ્યા. અંદાઝ કાંઈક નરમ અને ખૂબ જ આશ્ચર્ય પમાડે તેવો હતો, જાણે તેમને દિલી તકલીફ પહોંચી હોય. જે કાંઈ ફર્માવ્યું તેનો ખુલાસો કાંઈક આ પ્રમાણે છે :–

અલ્લાહ વ રસૂલ ﷺનો ખૌફ ન પોતાના સમાજની રીતભાતની પરવા, ન અંજામનો ખ્યાલ ! આટલા દૂરથી એકલી સ્ત્રીઓ એકલી ચાલી આવી ! સાથે કોઈ મેહરમ નથી. એના પર જુલ્મ એ કે બેપર્દા ! વધુમાં સિતમ એ કે લિબાસ પણ મુસલમાનનો નથી. ટ્રેનોમાં બનાવો બને છે તેમના પર કોઈ બળ પ્રયોગ કરે તો મુસલમાન કેવી રીતે તેમનો પક્ષ લે. ક્યાંક અકસ્માતમાં મરી જાય તો કેવી રીતે ખબર પડે કે આ મુસલમાન છે. વિચારો! કે ન માટી ન જનાઝો, આમ જ ફૂંકી મારવામાં આવશે ! આ સર્વ વબાલ ન અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰهُ عَلَيْهِ وَسَلَّمનાં હુકમની વિરૂધ્ધ વર્તવાનો છે'' તે સ્ત્રીઓ ખૂબ જ શરમિંદી થઈ તથા ગુંચવાયી પણ તેમની

પાસે પર્દાની કોઈ વ્યવસ્થા હતી જ નહીં ! શું કરતી ?!

અમુક મુક઼ર્રિર હઝરાત તરફથી ક્યારેક બયાનના જોશમાં ક્યારેક નુક઼્તા આફરીનીના ચક્કરમાં અને ક્યારેક લાઈલ્મીથી તક઼રીર દરમ્યાન એવાં વાક્યો નીકળી જાય છે જે શરીઅતની રૂએ, બુધ્ધિની દૃષ્ટિએ અથવા ભાષા તથા સ્પીચના લેહાઝથી વાંધાજનક હોય છે. જો મુફ્તીએ આ'ઝમ સ્ટેજ પર છે તો શું મજાલ છે કે કોઈ મુક઼ર્રિર આવી નિષ્કાળજી કરીને પસાર થઈ જાય ! અને આપ અમ્ર બિલ મઅરૂફ ન ફર્માવે ! કેટલાયે મોટા ખતીબોથી જાહેરમાં મિમ્બર પર તેમણે તૌબા કરાવી. ખૂદ મારી જિંદગીમાં પોતાની મને બેવાર આવી ચેતવણીથી પાલો પડયો છે, તૌબા સુધીની નોબત અલબત્ત આવી.

ગયા જિલ્લાના જલસામાં એકવાર પશ્ચિમ યુ.પી.ના કોઈ ઈલાક઼ામાં તક઼રીર કરતાં મેં કહ્યું, "બદનસીબ મુસલમાન ! આજકલ રાતમેં બારહ બજે તક સીનેમા દેખતે હૈં ઔર દિનમેં બારહ બજે તક સોતે હૈં !" એકાએક બાજુમાંથી મારી તરફ પૂર્ણ રીતે સંબોધન કરતાં ખૂબ જ ઊંચા અવાજમાં બેહદ બેઝારી (નારાઝગી)ની સાથે, જાણે મારા પર વરસી પડયા, "મૌલાના ! આપ એને બદનસીબ ન કહો કાંઈક બીજુ કહી લો. હક઼્ક઼ એ છે કે જે ઉમ્મતના નિગેહબાન રસૂલે અરબી ﷺ હોય તે બદનસીબ કઈ રીતે થઈ શકે છે ?!

## ★ હુઝૂર મુફ્તીએ આ'ઝમનો નાનાઓ પર પ્રેમભાવ ! ★

આક઼ાએ કરીમ ﷺનું ફર્માન છે : "જે નાનાઓ પર શફક઼ત (પ્રેમભાવ) ન કરે અને મોટાઓની તાઝીમ ન કરે તો અમારામાંથી નથી."

હું આજે જે કાંઈ છું એ એમનો જ સદક઼ો છે, એ એમના જ લૂકમાઓ તથા ટુકડાઓનો સદ઼કો છે જે એમની પ્લેટોએથી વીણી વીણીને હું ખાયા કરતો હતો. કેટલાક દિવસો સુધી હઝરતની સોહબતથી લાભ ઉઠાવવાનો મોકો મળ્યો. એટલી શફક઼ત ફર્માવતા હતા કે બિલકુલ આપની બાજુમાં બેસાડતા હતા અને હઝરતની જ પ્લેટમાંથી હું ખાયા કરતો હતો. મારો પોતાનો શેઅર છે :–

**નિગાહે મુફ્તીએ આ'ઝમને ઝિંદા કર દિયા દિલકો**
**ઉન્હીંકા સાથ મેહશરમેં અતા હો યા રસૂલલ્લાહ ! ﷺ**

આ તે સમયની વાત છે જ્યારે હું નાનો હતો. હુઝૂર મુફતીએ આ'ઝમની આદતે કરીમા હતી કે આપ અઝાનથી પહેલાં જ નમાઝના માટે તૈયારીમાં વ્યસ્ત થઈ જતા હતા અને આયત خُذُوا زِيْنَتَكُمْ عِنْدَ كُلِّ مَسْجِدٍ ના હેઠળ આપ દરેક નમાઝના માટે દુલ્હાની જેમ તૈયાર થતા હતા. આજ સુધી મેં આ ખૂબી કોઈ અન્ય બુઝુર્ગમાં નથી જોયી.

આપણે તકરીરોના માટે જઈએ તો દુલ્હાની જેમ તૈયાર થઈએ, અવામની સાથે જઈએ તો બની ઠનીને જઈએ ! મુફતીએ આ'ઝમ ! આપની અઝમત પર કુર્બાન ! આપ જ્યારે ખુદાની હુઝૂર જતા હતા તો બની સંવરીને જ્યા કરતા હતા ! પોતાના કરીમની બારગાહમાં સજદો કરવા જતા હતા. દરેક નમાઝના માટે બની સંવરીને જતા.

મારા બચપનનો બનાવ છે. સરકાર હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہના એક ખલીફા અમારા ત્યાં કાઠિયાવાડ જુનાગઢમાં હતા એમના ઘરે હઝરતનો કયામ હતો. ઝહોરની નમાઝનો સમય થયો. બસ ! હવે અઝાનનો અવાજ આવવાનો જ હતો એનાથી પહેલાં હઝરત તૈયારીમાં વ્યસ્ત થઈ ગયા. હઝરત તૈયાર થયા અને તૈયાર થઈને મસ્જિદના માટે નીકળ્યા તો જેટલા બેઠા હતા તમામે તમામ મસ્જિદની તરફ રવાના થયા, બલ્કે હું જો એવું કહું કે જે ગામડા કે શહેરમાં હઝરત ચાલ્યા જતા તે ગામડા તથા શહેરની મસ્જિદોમાં દરેક નમાઝમાં ઈદનો મંઝર જોવા મળતો ! ખચાખચ મસ્જિદ ભરેલી જોવા મળતી. હઝરત આ બાજુ નમાઝના માટે ગયા, તો મેં વિચાર્યુ કે ગોલ્ડન ચાન્સ છે જેને છોડવો ન જોઈએ ! હઝરતનો હુક્કો રાખેલો હતો તો અમે લોકો મળીને હુક્કો પીવામાં લાગી ગયા ! હવે ખેંચતાણમાં થયું એવું કે હુક્કાની જે પાઈપ હોય છે તે નીકળી ગઈ ! હવે એને લગાડે કોણ ? હઝરત આવે તો ખબર નહીં શું થશે ? સૌ પોતપોતાની શક્તિ લગાડી રહ્યા હતા છેવટે સહેજ લગાડીને છોડી દેવામાં આવ્યું. અને એને છોડીને અમે લોકો હટી ગયા. હઝરત નમાઝ પઢીને તશરીફ લાવ્યા તો હસવા લાગ્યા અને પોતાના ખાદિમને ઈર્શાદ ફર્માવે છે, જરા હુક્કો ઠીક કરી લો ! શું નજર હતી આપની !

એવો જ એક બનાવ છે કે સરકાર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ

અને હઝરત અલ્લામા મુશ્તાક અહમદ નિઝામી رحمۃ اللہ علیہ કોઈક સફરમાં સર્વ લોકો સાથે હતા અને હઝરતને તાત્કાલિક મુંબઈ પહોંચવાનુ હતું, તો હઝરત હવાઈ જહાઝ (ફ્લાઈટ) થકી આવી ગયા અને મુફતી રજબ અલી رحمۃ اللہ علیہ તથા પાસબાને મિલ્લત رحمۃ اللہ علیہ બાય રોડ આવી રહ્યા હતા. હઝરતને પહોંચવાને ત્રણ દિવસ થઈ ગયા પણ હજી એ લોકો યુ.પી.થી હજી સુધી પહોંચ્યા ન હતા. હઝરતને ચિંતા થઈ, વારંવાર મૌલાના મન્સૂર અલીખાં સાહબથી પૂછતા હતા, મૌલાના ! મુશ્તાક અહમદ આવ્યા કે નહીં?! હુઝૂર ! હજી સુધી નથી આવ્યા. ચાર દિવસ થઈ ગયા અને એ લોકોનો કોઈ પતો ન હતો, અને દરરોજ વારંવાર હઝરત પૂછતા કે મુશ્તાક઼ અહમદ આવ્યા કે નહીં ?!

જ્યારે ચાર દિવસ થઈ ગયા તો હઝરતે ફર્માવ્યું, સારું ચાલો ! સૌ લોકો બેસો ! સૌને બેસાડયા પછી હઝરતે દુઆના માટે હાથ ઉઠાવ્યા, અર્ઝ કરી, "હે અલ્લાહ ! મૌલાના મુશ્તાક઼ અહમદ સાહબ તથા મુફતી રજબ અલી સાહબને ખૈરો આફિયતની સાથે તારા હિફ઼ઝો અમાનની સાથે અહીંયાં પહોંચાડી આપ ! આ રીતે હઝરતે ખૂબ જ એમની સલામતી તથા ખૈરો આફિયતની દુઆ કરી. એના બીજા કે ત્રીજા દિવસે એ લોકો પહોંચ્યા. હવે જ્યારે આવ્યા તો એમને પ્રથમ મૌલાના મન્સૂર અલી સાહબ કિ઼બ્લાએ કહ્યું, જાવ ! પહેલાં આપ લોકો હઝરતથી મુલાકાત કરી લો ! હઝરત આપ લોકોની ખૂબ જ રાહ જોઈ રહ્યા છે. એ હઝરાત ગયા અને જઈને હઝરતની ક઼દમબોસી કરી. હઝરતે પૂછયું, ભાઈ ! ક્યાં હતા ?! શું થયું ?! કહ્યું, હઝરત ! શું બતાવીએ ! આવી રહ્યા હતા તો રસ્તામાં ગાડી પલ્ટી ખાઈ ગઈ એક ઝાડ સાથે ટકરાઈ ગઈ, પરંતું ઝાડ સાથે અથડાઈને ગાડી બચી ગઈ અને અમે લોકો પણ બચી ગયા. એવું મેહસૂસ થયું કે જાણે કોઈએ હાથ વડે અમારી ગાડીને રોકી દીધી હોય ! હઝરત સાથે તેમણે વાતચીત કરી લીધી. વાત ખત્મ થઈ ગઈ પછી ઉલમા બેઠા અને આપસમાં વાતચીત શરૂ થઈ અને સફરનો ચિતાર વર્ણવવા લાગ્યા. મૌલાના મન્સૂર અલી સાહબે કહ્યું કે આ બનાવ ક્યારે બન્યો હતો ? અને આપને ક્યારે મેહસૂસ થયું હતું કે હાથ વડે કોઈએ ગાડી રોકી હોય ? તેમણે જે સમય બતાવ્યો તે સમય એ

જ હતો જ્યારે તેમણે હાથ ઉઠાવ્યા હતા. જાણે કે મુંબઈમાં રહીને એમની નઝર એ મુસાફરો પર હતી જે મુસાફિરો રસ્તામાં અકસ્માતનો શિકાર થઈ રહ્યા હતા, પછી પોતાના દસ્તે કરમ વડે તેમની મદદ ફર્માવી.

યક઼ીનન ! આપ નાઈબે ગૌષે આ'ઝમ હતા, એમાં કોઈ શંકાને સ્થાન નથી. હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ પોતાના ખિસ્સામાંથી ૧૧ રૂા. કાઢયા અને અલ્લામા નિઝામી સાહબને ઈર્શાદ ફર્માવ્યો, મૌલાના લો ! મૈં ગ઼ૌષપાક رحمۃ اللہ علیہની નઝર (મન્નત) માની હતી, ન્યાઝ મંગાવીને એના પર ફાતિહા આપશો.

વિચારો ! આમાં અક઼ીદાની તબ્લીગ પણ છે, ગ઼ૌષપાક رحمۃ اللہ علیہની અક઼ીદતનો ચિરાગ પણ રોશન કરવામાં આવી રહ્યો છે, મુસીબતોથી નજાતના માટે ગ઼ૌષપાક رحمۃ اللہ علیہની મહોબ્બત પીવડાવવામાં આવી રહી છે. આપ અંદાઝો લગાડો કે આપણે હજારો તક઼રીરો વડે ગ઼ૌષપાક رحمۃ اللہ علیہની અઝમત બયાન કરી લઈએ, પરંતુ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہના એક વાક્ય વડે ઈન્સાનોનો સીનો ગ઼ૌષપાક رحمۃ اللہ علیہની મહોબ્બતથી લબરેઝ થઈ જયા કરતો હતો ! આ શાન છે મારા મુફતીએ આ'ઝમ !

હુક઼ૂકુલ એબાદ (બંદાઓના હક્ક઼ો) અને ખુદાની મખ્લૂક઼ની ખિદમતનો ખયાલ સરકાર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ કેટલા અંશે ધરાવતા હતા એનો અંદાઝો એના પરથી લગાડી શકાય છે કે આપના ત્યાં જે મહેમાન હાજર થતા એ મહેમાનોને ખૂદ પોતાના હાથો વડે ખવડાવ્યા કરતા હતા, મેઝબાની કર્યા કરતા. અને મદરસાના તલ્બાની કેટલી મહોબ્બત હતી ?! આપને એ જાણીને આશ્ચર્ય થશે કે જ્યારે કોઈ મોટો દિવસ કે ઈદનો દિવસ વગેરે હોતો તો તલબા જે જે ઈલાક઼ાના હોતા તેમના ઈલાક઼ાઓના પ્રિય ખોરાકો બનાવીને તલબાને ખવડાવ્યા કરતા હતા.

એકવાર હઝરતને ત્યાં મેહફિલ હતી અને ખૂબ જ સખત ઠંડી હતી. યુ.પી.ની ઠંડી તો આપ જાણો જ છો ! એ ઠંડીની ઋતુમાં કેટલાક તલબાને પણ હઝરતે બોલાવી લીધા હતા. એક તાલિબે ઈલ્મ આવ્યો તો એની પાસે ન કોટ હતો ન સ્વેટર ન કંબલ, કોઈ ચીજ ન હતી. તે બીચારો આવીને

બેસી ગયો. હઝરતની નજર એના પર પડી ગઈ તો તુરત જ હઝરતે ખાદિમને ઈર્શાદ ફર્માવ્યો, જાવ ! અંદરથી એના માટે રઝાઈ લઈને આવો ! રઝાઈ લાવવામાં આવી. હઝરતે એ તાલિબે ઈલ્મને આપી. તે તાલિબે ઈલ્મ રઝાઈ ઓઢીને બેસી રહ્યો. મેહફિલ ખત્મ થઈ તો તેણે વિચાર્યું કે હઝરતે ટેમ્પરરી ઉપયોગમાં લેવા આપી હશે જેથી જતાં જતાં તે રઝાઈ છોડીને જવા લાગ્યો. હઝરતે ફર્માવ્યું કે બેટા ! આ આપના માટે જ છે ! આપ લઈને જાવ. આ રીતે નવાઝતા હતા સરકાર મુફતીએ આ'ઝમે હિંદ ! رحمۃ اللہ علیہ

જે સવારે હજના માટે જવાના હતા એ રાતે દૂર દરાઝથી લોકો બરેલી શરીફ આવ્યા હતા. સરકારને મળવા માટે, દુઆઓ લેવા માટે. અને હઝરતે પણ એલાન કરી આપ્યું હતું કે જેને જે મક્સદ માટે તાવીઝ જોઈએ તે તાવીઝ લઈ લે. જેમને જેમને તાવીઝ જોઈતુ હતુ તેઓ હઝરતથી તાવીઝ લેતા રહ્યા. આ ક્રમ ચાલતો રહ્યો. સવારે ફજર બાદ હઝરતને નીકળવાનુ હતું. રાત્રે બાર સાડાબાર વાગી ગયા, એક વાગી ગયો. લોકોનો આવવાનો ક્રમ ચાલુ હતો. સારાંશ કે લગભગ એક વાગે લોકોના તાવીઝ લેવા આવવાનો ક્રમ રોકાયો તો હઝરત ઉભા થઈને ઈર્શાદ ફર્માવે છે, હવે તાવીઝ કોઈને જોઈતુ નથી ? સર્વ લોકોએ કહ્યું, ઠીક છે ! હવે કોઈ તાવીઝ કોઈને જોઈતુ નથી ? લોકોએ કહ્યું, નહીં ! હઝરતે કહ્યું, હવે મને ઈજાઝત છે ? લોકોએ કહ્યું, ઠીક છે ! હુઝૂર તશરીફ લઈ જાવ ! હઝરત ગયા, હજી જઈને પોતાની ક્યામગાહ પર પહોંચ્યા જ હતા કે થોડીવાર બાદ બહાર બોલાચાલી અને જીભાજોડી શરૂ થઈ ગઈ કે અરે ! હઝરતથી મળવા દો ! અમારે કામ છે, હઝરત ચાલ્યા જશે અને કેટલાયે મહિના પછી આવશે. ખાદિમ કહી રહ્યા હતા કે હઝરત થાકેલા છે, લાંબા સફરમાં જવાનું છે, સવારમાં જવાનું છે અને તમે પરેશાન કરી રહ્યા છો ! જાવ ! તમારે આવવુ હતું તો વહેલા આવતે, આ બધું ચાલતુ રહ્યું. લોકોની વાતચીત હઝરતના કાનો સુધી પહોંચી ગઈ. હઝરતે દરવાજો ખોલ્યો, બહાર તશરીફ લાવ્યા, ફર્માવ્યું, શું મામલો છે ?

હવે ત્યાં હઝરતની સામે જૂઠ બોલવાની કોની હિંમત ?! અર્ઝ કરવા લાગ્યા, હુઝૂર ! આ સાહબ તઅવીઝના માટે આવેલા છે. હઝરતે કહ્યું, તમે શું કહ્યું ?! અર્ઝ કરી, હુઝૂર ! અમે તેમને કહ્યું કે હઝરત આરામના માટે

તશરીફ લઈ ગયા છે, તમારે સમય પર આવવું જોઈએ. હઝરતે ફર્માવ્યું, આવું તમારે ન કરવું જોઈએ, મને જગાડવો જોઈતો હતો, જો કાલે કયામતના દિવસે એ શખ્સે મઅબૂદે હક઼ીક઼ીની બારગાહમાં શિકાયત કરી દીધી તો મારું શું થશે ?!

પછી એ શખ્સને તાવીઝ બનાવીને અતા કર્યું. હવે તે શખ્સે પણ દરિયો વહેતો જોયો તો વિચાર્યું કે આજે ખૂબ નહાય લઈએ ! તેણે એક નહીં તેર તાવીઝો લીધાં, પરંતું ખુદાની ક઼સમ ! હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની પેશાની પર કરચલી સુધ્ધાં ન પડી કે તું કેવો જાલિમ છે કે મારાથી એકને બદલે તેર તેર તાવીઝો લઈ રહ્યો છે ! બલ્કે પૂછે છે : બેટા ! હવે કાંઈ વધુ જોઈએ છે ?! કહ્યું, નહીં ! બસ, હુઝૂર ! ઘણો જ મોટો કરમ આપે ફર્માવ્યો ! તો હુઝૂર તશરીફ લઈ ગયા.

આપને જાણીને આશ્ચર્ય થશે અને તઅજ્જુબ થશે કે તાવીઝોનો હદિયો લેવાનું તો જવા દો પણ દુઆથી પહેલાં જો કોઈ કાંઈ પેશ કરી આપતું અને પછી કહેતો કે હુઝૂર ! મારા માટે દુઆ ફર્માવો. તો પ્રથમ તેને પરત કરી દેતા અને તેને ફર્માવતા, "અમારે ત્યાં દુઆ વેચાતી નથી ! અલ્લાહુ અકબર ! ક્યાંથી લાવશો આવી મુત્તક઼ી શખ્શિયતો ?! ખુદાની ક઼સમ ! ખુશનસીબ છે તે લોકો જેમણે હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہને જોયા છે અને તેમની સોહબતથી ફાયદો મેળવ્યો છે.

**ઢુંઢતે ઢુંઢતે ઈસ દહરમેં થક જાઓગે**
**ઐસા મુર્શિદ ન ઝમાનેમેં કહીં પાઓગે**

## ★ હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ ક઼તીલે ઈશ્ક઼ ★

એકવાર હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ પોતાના મુરીદ જનાબ હારૂન સાહબ મુંબઈવાળાના મકાન પર રોકાયેલા હતા. મુરીદો તથા અક઼ીદત મંદોની ભીડે એ આશિક઼ે રસૂલને એવો ઘેરી રાખેલ હતો જેવી રીતે શમ્અ પરવાનાઓ વચ્ચે ઘેરાયેલ હોય છે. હાજતમંદો પોત પોતાની હાજતોને લઈને એ રૂહાની તબીબની બારગાહમાં પોતાનો હાલે દિલ સંભળાવવા માટે સતત આવી રહ્યા હતા. કોઈ તાવીઝ લઈ રહ્યું હતું, કોઈ સિલસિલામાં દાખલ થઈ રહ્યું હતું. હઝરત સૌને જરૂરત પ્રમાણે નવાઝી રહ્યા છે. એવામાં જ્યારે ખાસ્સી રાત થઈ ગઈ અને હઝરત આરામના

માટે રૂમમાં જવા લાગ્યા તો ફર્માવ્યું, જ્યારે હું કમરામાં ચાલ્યો જઉં તો મહેરબાની કરીને રૂમમાં કોઈ ન આવે. હાજી હારૂન સાહબ પણ એક એક કરીને લોકોને વિદાય કરવામાં લાગેલા રહ્યા. જ્યારે સૌ લોકો ચાલ્યા ગયા તો હાજી હારૂન સાહબને ખયાલ આવ્યો કે હઝરતે તો ખાવા ખાધું નથી ! હવે શું કરવામાં આવે ?! દરવાજા પર ટકોરા મારું તો ઊંઘમાં ખલેલ પહોંચશે અને કાંઈ પેશ ન કરું તો હઝરત ભૂખ્યા જ સૂઈ જશે.

હાજી હારૂન સાહબ એ જ ઉલઝન તથા મુઝવણમાં હતા કે અક઼ીદતે ગલ્બો કર્યો અને તેમણે ફૈસલો કર્યો કે હઝરતની ખિદમતમાં દૂધ પેશ કરી દઉં. દૂધનો ગ્લાસ લઈને જેવા કે રૂમમાં પ્રવેશ્યા તો હઝરતના શરીરના અલગ અલગ ટુકડા જોયા અને એવું લાગ્યું કે કોઈએ હઝરતને શહીદ કરી આપ્યા છે. આ ભયાનક દ્રશ્ય સહન ન થતાં ચીસ પાડી અને બેહોશ થઈને ગબડી પડયા. દૂધનો ગ્લાસ હાથેથી છૂટી ગયો અને ફલોરિંગ (કાર્પેટ) પર પડયો. જ્યારે હાજી હારૂન સાહબને હોશ આપ્યો તો હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہને પોતાની સામે ઉભેલા જોયા. ઘરના માણસો પણ ચીસ સાંભળીને રૂમમાં પહોંચી ગયાં અને હયરાન હતાં કે આ શું થઈ રહ્યું છે ?! હઝરતે સસ્મિત ફર્માવ્યું, હાજી હારૂન ! જે દૂધ તમે મારા માટે લાવ્યા હતા તે તો કાર્પેટે પી કાઢયું ! હવે અમારા માટે બીજીવાર દૂધ લઈ આવો ! હાજી સાહબ દૂધ લઈને આવ્યા તો હઝરત પોતાના રૂમમાં ખાટલા પર બેઠેલા હતા. સરકાર મુફ્તીએ આ'ઝમ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, બેટા ! મેં તમને રૂમમાં આવવાથી મના કર્યું હતું છતાં તમે કેમ આવ્યા ? હાજી હારૂન સાહબે અર્ઝ કરી, હુઝૂર ! જે મન્ઝર મેં જોયો હતો તે શું હતો ? હુઝૂર મુફ્તીએ આ'ઝમ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, હું ક઼તીલે ઈશ્ક઼ છું, રોજ જીવું છું રોજ મરું છું ! હાજી સાહબ ક઼દમોમાં પડી ગયા. હુઝૂર મુફ્તીએ આ'ઝમ رحمۃ اللہ علیہએ હાજી સાહબને નસીહત કરી કે બેટા ! જ્યાં સુધી હું જમીન પર છું આ બનાવની ખબર કોઈને આપશો નહીં.

## ★ હુઝૂર મુફ્તીએ આ'ઝમ رحمۃ اللہ علیہનો ઈશ્કે રસૂલ ★

મુસ્તફા કરીમ રઊફો રહીમની મહોબ્બત ઈમાનની જાન છે બલ્કે આક઼ાએ કરીમ صلی اللہ علیہએ ખૂદ ફર્માવ્યું કે જ્યાં સુધી તમે પોતાની જાન કરતાંય વધુ મારાથી મહોબ્બત નહીં કરો ત્યાં સુધી કામિલ મોમિન નહીં

બની શકો. શાઈરે મશ્રિક઼ ડો. ઈકબાલ કહે છે :–

**બમુસ્તફા બ રસાં ખેશ રા કે દીં હમા ઓસ્ત**
**અગર બહ્ ઊ ન રસીદી તમામ બૂ લહબીસ્ત**

હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہને ઈશ્ક઼ે રસૂલ વારસામાં મળ્યો હતો. આપે જે માહોલમાં ઉછેર પામ્યો તે ઈશ્ક઼ે રસૂલમાં ફનાઈયતનો માહોલ હતો. જે આગોશમાં આપની કેળવણી થઈ એ આ'લા હઝરત رحمۃ اللہ علیہનું ઓઢવાનું પાથરવાનું જ ઈશ્ક઼ે રસૂલ હતું બલ્કે એ તો ત્યાં સુધી કહેતા હતા :–

**જાન હૈ ઈશ્ક઼ે મુસ્તફા રોઝ ફ઼ુઝૂં કરે ખુદા**
**જિસકો હો દર્દકા મઝા નાઝે દવા ઉઠાએ ક્યૂં**

હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہએ આંખો જ એ બિલાલે હિંદની ગોદમાં ખોલી હતી જે ઈશ્ક઼ે રસૂલમાં ફના થઈને આ પ્રમાણે કહેતા હતા :

**મોરા તન મન ધન સબ ફૂંક દિયા**
**યહ જાન ભી પ્યારે જલા જાના**

આવી ગોદમાં ઉછેર પામનાર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہના ઈશ્ક઼નો અંદાઝો અમે અને તમે શું લગાડી શકીએ છીએ ?! જો એવું કહેવામાં આવે કે ઈશ્ક઼ે મુસ્તફા જાને રહમત رحمۃ اللہ علیہ મુજસ્સમ થઈ જાય તો એ જ જાતને "મુસ્તફા રઝા"ના નામથી પોકારી શકાય છે. તે ઈશ્ક઼ના મર્ઝને વધારવા ચાહતા હતા અને પોતાની દિલી કૈફિયતને જ્યારે ક઼લમના વડે કાગળ પર વિખેરી તો આ પ્રમાણે કહ્યું :–

**મર્ઝે ઈશ્ક઼ કા બીમાર ભી ક્યા હોતા હૈ !**
**જિતની કરતા હૈ દવા, દર્દ સિવા હોતા હૈ !**

માણસ પોતાની આંખો વડે ઘણુ બધું જોવાની તમન્ના ધરાવે છે. મુલ્કોની ખૂબસૂરતીઓ ફૂલોનો પાંખડીઓ, બાગોનું હુસ્ન જોવાનો ખ્વાહિશમંદ હોય છે, પણ મુફતીએ આ'ઝમ આંખોનો ઉપયોગ કયા બાકમાલ હુસ્નના માટે કરવા ચાહતા હતા ?! અર્ઝ કરે છે :–

**કુછ ઐસા કરે દે મેરે કિર્દિગાર આંખોમેં**
**હમેશા નક઼્શ રહે રૂએ યાર આંખોમેં**

ઈશ્કે મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہનો મૌકૂફ છે કે જો યારનો જલ્વો ન જોયો તો આંખ બેકાર છે અને ઈશ્ક જ્યારે શેઅરોમાં ગોઠવાય છે તો આ પ્રમાણે કહે છે :–

**ઉન્હેં ન દેખા તો કિસ કામકી હૈં યહ આંખે**
**કે દેખનેકી હૈ સારી બહાર આંખોમેં**

હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ એ મરીઝ ઈશ્ક છે કે મૌત પછી ખુલી રહેલી આંખોની ફિલોસોફી આ પ્રમાણે વર્ણન કરે છે :–

**ખુલે હૈં દીદએ અશ્શાક ખ્વાબે મર્ગ મેં ભી**
**કે હૈ ઉસ નિગારકા ઇંતેઝાર આંખો મેં**

જે મૃત્યુના આઈનામાં પણ યારનો જલ્વો જોવાનો ઈચ્છુક હતો અને કબ્રની ગોદ એટલા માટે અઝીઝ હતી કે ત્યાં પણ યારનો જલ્વો દેખાવાનો હતો. ઈશ્ક તથા યકીનની મિલી જુલી કૈફિયત તેઓ આ પ્રમાણે વર્ણવે છે :–

**મેરા દીન વ ઈમાં ફરિશ્તે જો પૂછેં**
**તુમ્હારી હી જાનિબ ઈશારા કરું મૈં**

જે ઈશ્કે રસૂલમાં એટલી ગૈરતવાળો હતો કે આખુ જીવન કદી કોઈની પાસે કાંઈ માંગ્યું નહીં, ત્યાં સુધી ઘરવાળાઓથી કદી ખાવા તથા પાણી માગવાથી સાવધાની વર્તતા હતા, કેમ કે ઈશ્ક જેટલો વધતો જાય છે મહોબ્બતની ગૈરત પણ એટલી જ વધતી જાય છે તે ગૈરતે ઈશ્કમાં ગણગણતાં આ પ્રમાણે અર્ઝ કરે છે :–

**તેરે દર કે હોતે કહાં જાઉં મૌલા**
**કહાં અપના દામન પસારા કરું મૈં**

ઈશ્ક તન્હાઈ (એકાંત) ચાહે છે, ઈશ્કવાળા સૌથી કપાયને મહબૂબના થઈ જવા ચાહે છે. આ કલંદરાના ફિક્ર હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہમાં ખૂબ જ તરી આવતી જોવા મળે છે. એટલા માટે ફર્માવે છે :–

**મુઝે અપની રહમતસે તૂ અપના કર લે**
**સિવા તેરે સબસે કનારા કરું મૈં**

ઈશ્ક જેટલા પ્રમાણમાં વધારે હોય છે એટલી જ મહબૂબની તાઝીમ પણ થાય છે. આ બનાવને માથાની આંખો વડે વાંચીને દિલની આંખો

ખોલવાની કોશિશ કરો. આ બનાવનો હું ખૂદ દાર્શનિક પુરાવો છું.

એક રૂમમાં ખૂદ સરકાર મુફતીએ આ'ઝમ رحمۃاللہعلیہ ખાટલા પર બેઠેલા છે. અને એમના કમરા બહાર નીચે એક ટેપ રેકોર્ડર રાખેલ છે એમાં નઅત શરીફ ચાલી રહી છે. સરકાર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃاللہعلیہના કાનો સુધી નઅતનો અવાજ પહોંચી જાય છે તો ઉઠી જાય છે કે આ ક્યાંથી નઅતનો અવાજ આવી રહ્યો છે ? લોકોએ કહ્યું કે હુઝૂર ! અહીંયાં આ ટેપ રેકોર્ડર પડેલુ છે એમાં નઅતની કેસેટ લાગેલી છે. હઝરતે ટેપ રેકોર્ડર જોયું તો તેને ગોદમાં ઉઠાવી લીધું અને લાવીને પોતાના પલંગ પર રાખી દીધું, હવે એ બાજુ નઅત ચાલી રહી હતી અને સરકાર હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃاللہعلیہ પલંગ નીચે બેસીને નઅત સાંભળી રહ્યા છે ! અલ્લાહુ અકબર ! તમે જરા વિચારો ! આટલો એહતેરામ સરકાર ﷺની નઅતનો તેમણે કર્યો અને દુનિયાને બતાવી આપ્યું કે સરકાર ﷺની મહોબ્બત કેટલા મોટા સરમાયાનું નામ છે ! જે નઅતે રસૂલની આટલી તાઝીમ કરતો હોય તે રસૂલે પાક ﷺની જાતની તાઝીમ બાબતે કેટલો સાવચેત રહ્યો હશે !

## ★ હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃاللہعلیہઅને સુન્ની એકતા ★

સરકાર હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃاللہعلیہની જિંદગી એક દ્રષ્ટાંતરૂપ જિંદગી હતી. તે તક્વા તથા પવિત્રતાના પયકર હતા. આવી જિંદગી અને આવો અલ્લાહ વરસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیۡہِ وَسَلَّمَના ઈર્શાદ પર અમલ કરવાવાળો નજીકના ભૂતકાળમાં આપણને શોધ્યો નથી મળતો. એમની જિંદગીની સૌથી મહાન વાત આપને એ માલૂમ હોવી જોઈએ કે જ્યાં સુધી સરકાર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃاللہعلیہ પૃથ્વીના પટ પર જલ્વાગર હતા ત્યાં સુધી સુન્નીઓમાં ખૂબ જ એકતા હતી, કોઈ પણ મામલામાં હઝરત જે ફર્માવી દે એના પર એકમતિ થઈ જતી હતી.

એકવાર હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ رحمۃاللہعلیہ તશરીફ લાવી રહ્યા હતા અને સરકાર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃاللہعلیہ સામેથી જઈ રહ્યા હતા. હવે બંનેવની મુલાકાતનો મંઝર બંનેવના મુરીદો જોવા ચાહતા હતા કે કેવો મંઝર રચાય છે ! સરકાર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃاللہعلیہ આગળ વધ્યા

અને તેમણે આગળ વધીને હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ رحمۃاللہعلیہના હાથ ચૂમી લીધા, અને પેલી બાજુ મુહદ્દિષે આ'ઝમે હિંદ رحمۃاللہعلیہએ પણ કોશિશ કરીને મુફતીએ આ'ઝમે હિંદ رحمۃاللہعلیہના હાથ ચૂમી લીધા. બંનેવ બુઝુર્ગ પોત પોતાના મકામ પર ચાલ્યા ગયા. હવે મુરીદો બેઠા તો વાતચીત શરૂ થઈ. હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ رحمۃاللہعلیہના મુરીદોએ સરકાર મુફતીએ આ'ઝમે હિદ رحمۃاللہعلیہના હવાલાથી હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ رحمۃاللہعلیہને પૂછયું કે હઝરત ! તેમણ તમારી દસ્તબોસી કરી, તો એ તો સમજમાં આવે છે કે તેમણે નિસ્બતે રસૂલ ﷺનો ખયાલ કર્યો અને તેમણે આપનો હાથ ચૂમ્યો, પરંતું એમની દસ્ત બોસી આપે શાથી કરી ?! ઈર્શાદ ફર્માવે છે : તેમણે નિસ્બતે રસૂલનો એહતેરામ કર્યો અને મેં તેમના ઈશ્કે રસૂલ ﷺનો એહતેરામ કર્યો.''

તમો વિચારો ! શું કૈફિયત હતી એ બુઝુર્ગોની ?! એકબીજાનો કેટલો લેહાઝ હતો એ બુઝુર્ગોમાં. ઓલ ઈન્ડિયા સુન્ની જમીઅતુલ ઉલમાની સદારતનો મસ્અલો આવ્યો. હુઝૂર સૈયદુલ ઉલમા رحمۃاللہعلیہ હતા. હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃاللہعلیہ તથા હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ رحمۃاللہعلیہ પણ હતા. મુરીદોનો મસ્અલો તો આપ જાણો જ છો કે '' હઝરત ! બસ તમારે જ હોવું જોઈએ !'' સૌ પોત પોતાના હિસાબથી કહી રહ્યા હતા. મીટિંગ થઈ કે કોણ બનશે સદર ?! હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃاللہعلیہ ઉભા થયા અને ઈર્શાદ ફર્માવ્યો કે, ''હું એલાન કરું છું, હુઝૂર સૈયદુલ ઉલમા (મારહરવી, વાલિદે નઝમીમિયાં)ના નામનું કે તે સુન્ની જમિઅતુલ ઉલમાની સદારતને કૂબૂલ ફર્માવે.'' પેલી બાજુ હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ رحمۃاللہعلیہ ઉભા થયા અને ફર્માવ્યું, હું એમની વાતને ટેકો જાહેર કરું છું,'' વાત ખત્મ થઈ ગઈ ! આ આલમ હતો આપણા બુઝુર્ગોની એકતાનો.

ઈત્તેહાદે અહલે સુન્નતના બારામાં હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃاللہعلیہની કોશિશનો એક બનાવ મારા મુર્શિદે ઈજાઝત હઝરત સૈયદ આલે રસૂલ હસ્નૈનમિયાં સરકાર નઝમી બયાન ફર્માવે છે :

''જે વખતે સુન્ની જમિઅતુલ ઉલમાની સ્થાપના અમલમાં આવી, એ જમાઅતનો પાયો રાખવામાં જે લોકોએ કેન્દ્રિય રોલ ભજવ્યો એમનામાં તરી આવતું નામ હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ رحمۃاللہعلیہ, હુઝૂર મુફતીએ

આ'ઝમ رحمۃاللہ علیہ અને મારા વાલિદે માજિદ હુઝૂર સૈયદુલ ઉલમા رحمۃاللہ علیہ હતા. જમાઅતના રજિસ્ટ્રેશનનો મસ્અલો આવ્યો તો તેના લેખિત બંધારણની વાત ચાલી, એ વખતે હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ رحمۃاللہ علیہ તથા હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃاللہ علیہ બંનેવે એકમતિએ આ કામ અબ્બા હઝરતને સુપરત કર્યું. આ બંનેવ હઝરાતે જમાઅતની સદારતની જિમ્મેદારી હઝરતના ખભાઓ પર નાખી. ઓલ ઈન્ડિયા સુન્ની જમિઅતુલ ઉલમાના સદરુસ્સુદૂરની હૈસિયતથી અબ્બાની જિમ્મેદારીઓ વધી ગઈ.

મને સારી રીતે યાદ છે કે જમાઅતની સ્થાપ્નાના થોડાક વરસો પછી એક મોડ એવો આવ્યો જ્યારે અબ્બા જમાઅતના હોદ્દેદારોની બદચલનીથી નારાજ થઈ ગયા અને સદારતથી રાજીનામુ લખીને બરેલી શરીફ મોકલી આપ્યું. હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃاللہ علیہને જેવું રાજીનામુ મળ્યું એવા જ મુંબઈ રવાના થઈ ગયા. એ દિવસોમાં ખડક મસ્જિદમાં અબ્બાના હુજરાની મરમ્મત ચાલી રહી હતી અને મસ્જિદના એક ખૂણામાં મોઅતકિફ હતા. એક સાંજે હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃاللہ علیہ ઝડપી પગથિયાં ચઢતા બીજી મંઝિલ પર પહોંચ્યા અને એ પહેલાં કે અબ્બા તાઝીમના માટે ઉઠે, મુફતીએ આ'ઝમે હિંદ رحمۃاللہ علیہએ પોતાનો અમામો ઉતારીને આપના કદમો પર રાખી દીધો. મારા નાના સરખા દિમાગમાં એ વખતે કાંઈ સમજમાં ન આવ્યું કે આ બનાવ શું છે ?! અબ્બાએ અમામો ઉઠાવીને પોતાના માથા પર રાખી લીધો. હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃاللہ علیہએ ફર્માવ્યું, સૈયદમિયાં ! સુન્નિયતની લાજ આપના હાથોમાં છે, જમાઅતથી (સદારતથી) આપ અલગ થઈ ગયા તો માળખુ વિખેરાઈ જશે, દુશ્મન પહેલાથી આપણી એકતા પર નજર માંડીને બેઠેલા છે, તેઓને આપણા પર હસવાનો મોકો મળી જશે. આપને આપના નાનાજાન صلی اللہ علیہ وسلمનો વાસ્તો, તમારું રાજીનામુ પાછુ ખેંચો ! આમ કહીને હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃاللہ علیہએ અબ્બાનું રાજીનામુ કાઢીને રજૂ કર્યું. મેં અબ્બાને જોયા કે હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃاللہ علیہનો અમામો માથા પર રાખેલ સ્થિતિમાં રડતા જઈ રહ્યા હતા. પેલી બાજુ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃاللہ علیہની આંખોમાં આંસૂ વહી રહ્યા હતાં. મેં અબ્બાને રડતા જોયા તો હું ખૂબ જોર જોરથી રડવા લાગ્યો. અબ્બાના ખાદિમ સૂફી નિઝામુદીન સાહબ મને ગોદમાં

ઉઠાવીને નીચે મસ્જિદની સહનમાં લઈ આવ્યા. એ દિવસે હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ ત્યારે જ પરત થયા જ્યારે અબ્બાસે રાજીનામુ પરત લીધું.''

## ★ મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہની સત્તાવાળાઓ પર સત્તા ★

અહલુલ્લાહની હમેશાંથી એ વિશિષ્ટતા રહી છે કે તેઓ દુનિયામાં રહ્યા પણ પોતાના દિલમાં દુનિયાને આવવા ન દીધી. દુનિયા અને દુનિયાદારોથી બેઝારી સાચા સૂફીઓ તથા રસૂલના સાચા નાયબોની વિશિષ્ટતા રહી છે. તૂટેલી ચટાઈઓ પર બેસવાવાળા અહલે દિલ કદી ભીખ પાત્ર લઈને તાજદારોના દરબારમાં નથી ગયા. હા ! તાજદાર તથા સત્તા ધારીઓ અલ્લાહવાળાઓની બારગાહમાં ન્યાઝમંદાના તૌર પર (આજીજીભેર) હાજર થતા રહ્યા. સરકાર ગૌષે આ'ઝમ હોય કે મહબૂબે ઈલાહી કે સાબિર કલિયરી رحمۃ اللہ علیہم اجمعین હાકિમોને મળવું પણ પસંદ કરતા ન હતા, બલ્કે જો હુકમરાં આવે તો પણ એવું કહીને પોતાની ખાનકાહોથી નીકળી ગયા કે અમારે સત્તાધારીઓ સાથે શું લેવા દેવા ?! દુનિયાદાર, ફાસિક઼ તથા ફાજિર સત્તાધારીઓથી જે બેઝારી અગ્રગણ્ય અવલિયાએ કિરામની જિંદગીના હવાલાથી આપણને કિતાબોમાં વાંચવા મળે છે એવો જ મન્ઝર થોડાક વરસો પહેલાં બરેલીની ધરતી પર અહલે બસારત વ બસીરતવાળાઓએ પોતાના માથાની આંખો વડે જોયો હતો. જેમ કે ક઼ાઈદે અહલે સુન્નત અલ્લામા અર્શદુલ ક઼ાદરી رحمۃ اللہ علیہ ફર્માવે છે :

''એક સવારે ફજરની નમાઝના માટે હુઝૂર સૈયદી સરકાર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ રઝા મસ્જિદ બરેલી શરીફ તશરીફ લાવ્યા. નમાઝ પછી જોયું કે ખૂબ જ ઝડપભેર ગલીઓની સફાઈ થઈ રહી છે અને કેટલાયે પોલીસવાળા ઉભા છે. સરકાર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہએ ઘણી જ સાદગીભેર ફર્માવ્યું, આ શું છે ? કોઈએ કહ્યું, હુઝૂર ! હિંદના રાષ્ટ્રપતિ ફખ્રુદ્દીન અલી અહમદ સાહબ આપની મુલાકાતના માટે આવી રહ્યા છે એટલા માટે આ સર્વ સફાઈ થઈ રહી છે ! હઝરત તદ્દન ખામોશ રહ્યા. ઘરે તશરીફ લાવ્યા, એક પ્યાલી ચા પીધી, રીક્ષા બોલાવી અને ઘર છોડીને

પુરાના શહેર ચાલ્યા ગયા. રાષ્ટ્રપતિને જ્યારે ખબર પડી ગઈ કે હઝરત ઘર છોડીને બહાર ચાલ્યા ગયા, એ મળવા નથી ચાહતા. કેમ કે રાષ્ટ્રપતિ ભણેલા હતા, તેમને ઈતિહાસની ખબર હતી કે બુઝુર્ગોની ઓળખ જ એ છે કે તેઓ બાદશાહો તથા સત્તાધારીઓને મળવાનું પસંદ નથી કરતા. જેથી રાષ્ટ્રપતિએ એ દિવસે પોતાનો પ્રોગ્રામ મુલ્તવી કરી આપ્યો અને બીજા દિવસે ખૂબ જ ચૂપકીદીથી હાજર થઈ ગયા જ્યારે હઝરત લખવામાં વ્યસ્ત હતા અને ઘણી સંખ્યામાં લોકો બેઠેલા હતા. જે લોકોએ રાષ્ટ્રપતિને ઓળખી લીધા તે ઉઠવા ચાહતા હતા પણ રાષ્ટ્રપતિએ તેમને ઈશારાથી મના કરી આપ્યું અને ખૂદ પોતે ઉભા રહ્યા. જ્યારે સરકાર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ લખીને ફારિગ થયા અને માથુ ઉઠાવ્યું તો રાષ્ટ્રપતિએ ઘણા જ અદબભેર સલામ કરી અને મુસાફાના માથે હાથ લંબાવ્યો. હઝરતે પૂછયું કે આપ ક્યાંથી તશરીફ લાવ્યા ? જવાબમાં કહ્યું, ''ફખ્રુદ્દીન અલી અહમદ છું, હુઝૂર ! મળવા માટે આવ્યો છું !'' સરકાર ખામોશ રહ્યા અને પછી અમુક પળો બાદ બેસવા માટે ઈશારો કર્યો. તે આમ લોકોની લાઈનમાં ખાલી ખુરશી પર બેસી ગયા અને હઝરતને જોતા રહ્યા. હઝરત પોતાના કામમાં વ્યસ્ત રહ્યા. થોડીવાર ઉભા થઈને ઈજાઝત ચાહી અને મુસાફા માટે હાથ લંબાવ્યો. મુસાફો કરતાં કરતાં રાષ્ટ્રપતિએ કહ્યું, '' હુઝૂર ! કાંઈ નસીહત ફર્માવો !'' પછી શું જોવાનું ! હઝરતે હાથ પકડેલ સ્થિતિમાં પુર જલાલ શબ્દોમાં ફર્માવ્યું કે, '' આ જે નસબંદીના નામે હજારોનું ખૂન થઈ રહ્યું છે તેના વિશે કયામતમાં અલ્લાહ તઆલા તમને પૂછશે, આપ એના માટે તૈયાર રહેશો !'' એના બારામાં અધિક પણ કાંઈક ફર્માવતા રહ્યા અને ફખ્રુદ્દીન અલી અહમદની આંખોથી આંસૂ વહેતાં રહ્યાં. ચાલતાં ચાલતાં તે પોતાની આંખોનાં વહેતાં આંસૂઓ લુછતાં બહાર નીકળ્યા.

આ હતી સરકાર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہની હક્કગોઈ તથા બેબાકી જેને સમયના સત્તાધારીનો પ્રભાવ તથા દબદબો પણ દબાવી ન શક્યો. અને સરકાર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہએ પોતાના બુઝુર્ગોની રિવાયત જારી રાખતાં સમયના હાકિમને તેની ગલતી પર ચેતવણી આપી.

**આઈને જવાંમર્દા હક્ક ગોઈ વ બેબાકી**
**અલ્લાહકે શેરોંકો આતી નહીં રૂબાઈ**

## ★ રૂયતે હિલાલ (ચંદ્ર જોવા બાબતે) ★

ફિલ્ડ માર્શલ જનરલ ઐયૂબ ખાનના દૌરામાં પાકિસ્તાનની એક સરકારી "રૂયતે હિલાલ કમિટિ"ના બારામાં મૌલાના રિયાસત અલી ક઼ાદરી (કરાચી)ની કિ઼તાબ "મુફ્તીએ આ'ઝમે હિંદ" رحمۃ اللہ علیہમાંથી કાઢેલ એક મસ્અલો જુઓ જેનાથી ઈસ્લામી જગતમાં આપની મર્કઝિયત તથા મર્જઈય્યત સ્પષ્ટ થઈ જાય છે.

એકવાર ઈદના મોક઼ા પર ૨૯–રમઝાન શરીફના રોજ એ કમિટીના કેટલાક સભ્યો વિમાનમાં બેસીને ચાંદ જોવા ગયા. તે લોકોને ચાંદ દેખાય ગયો અને તેમણે તેની જાણ હુકૂમતને કરી આપી જેના કારણે હુકૂમતે ચાંદ થઈ ગયાનું કરી આપ્યું. અમુક ઉલમાના વિરોધના કારણે ઈસ્લામી જગતના વિવિધ દેશોના મુફ્તિયાને કિરામથી ફતવો માગવામાં આવ્યો. એક ઈસ્તિફતા મુફ્તીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ (બરેલી શરીફ)ની ખિદમતમાં પણ રવાના કરવામાં આવ્યો. દુનિયાના સર્વ મુફ્તીઓએ રૂયતે હિલાલ કમિટી (પાકિસ્તાન)નું સમર્થન કર્યું, પણ મુફ્તીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ એની વિરૂધ્ધ ફત્વો આપ્યો.

ચાંદને જમીન પરથી જોઈને રોઝા રાખવાનો તથા ઈદ કરવાનો શરઈ હુકમ છે, અને જ્યાં ચાંદ જોવા ન મળે ત્યાં શરઈ શહાદત પર ક઼ાઝી હુકમ આપશે. ચાંદને જમીનની સપાટી અથવા એવી જગા જે જમીનથી મળેલી હોય જોવો જોઈએ. રહ્યું વિમાન થકી જોવું તો એ ગલત છે, કેમ કે ચાંદ ગુરૂબ થાય (ડૂબે) છે, નષ્ટ નથી થતો. એટલા માટે કે ચાંદ ૨૯ના અથવા ક્યાંક ૩૦ તારીખે જોવા મળે છે. અને હવાઈ જહાઝથી ચાંદ જોઈને રૂયતનું (દેખાવાનું) એલાન દુરૂસ્ત હોત તો અધિક ઊંચાઈ પર ગયા બાદ ચાંદ ૨૭ તથા ૨૮ તારીખે પણ નજર આવી શકે છે, તો શું ૨૭ તથા ૨૮ તારીખે જોઈને આ હુકમ આપી શકાય છે કે આગલા દિવસે ઈદ કે બક઼ ઈદ જાઈઝ છે ?! આ રીતે વિમાનથી ચાંદ જોઈને ફત્વો બહાર પાડવો કે ૨૯ના ચાંદ જોવું મોઅતબર છે એ ભલા કેવી રીતે સહીહ છે ?

આ તેહકી઼કી઼ ફત્વો કેમ કે અન્ય મુફ્તીઓની રાયની વિરૂધ્ધ હતો એટલા માટે ખૂબ જ ચકચાર જમાવાતો સાબિત થયો. લગભગ સર્વ

પાકિસ્તાની અખ્બારો (વર્તમાન પત્રો)એ એને મોટા મથાળા સાથે પ્રસિધ્ધ કર્યો. પાકિસ્તાની હુકૂમતે ૨૭, ૨૮ તારીખોમાં આગલા મહિને વિમાન થકી તેની ખાત્રી કરાવી, તો અધિક ઊંચાઈએ તેમને એ તારીખોમાં પણ ચાંદ જોવામાં આવી ગયો. ત્યારથી હવાઈ જહાઝથી ચાંદ જોવાનો સિસિલો રદ કરી દેવામાં આવ્યો, અને રૂયતે હિલાલ કમિટી જ વિખેરી કાઢવામાં આવી અને હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہની બારીક દ્રષ્ટિ અને ફક઼ીહાના બસીરતને એક રીતે વિશ્વ કક્ષાએ સૌએ સ્વીકારી લીધી. એ ઉપરાંત વર્તમાન ઉપસ્થિત થયેલ સંજોગોને લક્ષમાં લેતાં સેંકડો મસાઈલ પર હઝરતના મોહક્કિ઼ક઼ાના ફત્વા મૌજૂદ છે જેનો પૂરી દુનિયાના અહલે સુન્નત વ જમાઆત સ્વીકાર કરે છે.

## ★ હુઝૂર મુફતીએ આ'ઝમ અને નમાઝનું આયોજન ★

દુનિયાવાળા હવાઈ જહાઝના સફરને એટલા માટે સારો સમજે છે કે ઘણો જ આરાદાયક છે અથવા એના સફરમાં ઓછો સમય જાય છે, કોઈ અન્ય સબબે એના સફરને સારો સમજવામાં આવે છે. પણ હું કુર્બાન જાઉં અલ્લાહના વલીઓની રોશન ખયાલી તથા દીની મિજાઝ પર કે તેમનું દરેક કામ અલ્લાહ તઆલાની બંદગીની નિય્યતથી જ થાય છે. તેમનું ઉઠવું બેસવું, હરવું ફરવું, સૂવું જાગવું અને ખામોશ રહેવું તથા વાતચીત કરવું સર્વ અલ્લાહની ઈબાદતના માટે હોય છે. અરસો થયો તાલિબે ઈલ્મીના જમાનામાં ઉસ્તાઝી અલ્લામા હાફિઝ અબ્દુશ્શકૂર સાહબ કિ઼બ્લા ઉસ્તાઝે અલ્જામિઅતુલ અશ્રફિયહ ઝૈદમજદહૂએ સૂફિયાએ કિરામનું ફર્માને આલી બતાવ્યું હતું કે માણસની દરેક પળ રબની ઈબાદતમાં પસાર થવી જોઈએ. ખાદિમે અર્ઝ કરી હતી, હુઝૂર ! એ કેવી રીતે શક્ય છે કે ઈન્સાન હર પલ અલ્લાહ તઆલાની ઈબાદતમાં વ્યસ્ત રહે, જ્યારે કે શરીઅતે મુતહ્હરાનો હુકમ છે રહબાનિયત (સન્યાસીપણુ) ન અપનાવે, બીવી બચ્ચાંના હક્કો અને અન્ય બંદાઓના હક્કો પણ અંજામ આપે. તો હઝરતે ઈર્શાદ ફર્માવ્યો હતો કે સૂફિયાને કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینના ઈર્શાદનો મતલબ એ છે કે માણસ જે પણ કામ કરે તે નિખાલસતાપૂર્વક (ઈખ્લાસથી) અલ્લાહની રઝાના માટે કરે. રોજી કમાય તો એ હેતુસર કે હલાલ રોજી હાંસલ કરવી અલ્લાહનું ફર્માન છે, બીવી બચ્ચાંની પરવરિશ કરે તો એ

નિય્યતે કરે કે એઓ અલ્લાહના બંદાઓ છે જેની કફાલત રબ્બુલ ઈઝ્ઝતે મારા માથે રાખી છે. ગલત વાત જીભથી ન કાઢે, જ્યારે પણ બોલે સહીહ બોલે, જે ક઼દમ ઉઠાવે જાઈઝ કામ કરવા માટે સહીહ નિય્યત સાથે અલ્લાહને રાજી કરવા માટે ઉઠાવે તો આ રીતે યક઼ીનન ! માણસની દરેક પલ અલ્લાહની ઈબાદતમાં પસાર થશે.

સૈયદના મુફ્તીએ આ'ઝમ હઝરત મુહમ્મદ મુસ્તફા રઝાખાં નૂરી رحمۃ اللہ علیہની જિંદગીનો આજે અભ્યાસ કરનારા એ નિર્ણયે પહોંચ્યા વિના નથી રહેતા કે આપનું દરેક કામ મૌલા તઆલાની ઈબાદત અને તેના રસૂલ صلی اللہ علیہ وسلمની રઝા તથા ખુશ્નુદીના માટે હોતો. સવાર સાંજ, રાત દિવસ, વાણી તથા વર્તન અલ્લાહના હુકમના પાલનના માટે વક઼્ફ હતાં. જે ક઼દમ ઉઠાવતા તેના પહેલાં એ વિચારતા કે એમાં અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَની ખુશ્નૂદી હાંસલ થશે કે નહીં ? આપ ઘરે તથા મુક઼ામ પર પણ ઝિકુલ્લાહમાં રહેતા અને સફરમાં પણ અલ્લાહની ઈબાદતમાં રહેતા.

મુફ્તીએ આ'ઝમના એક હવાઈ સફરને ક઼લમબંદ કરું છું જેથી દુનિયામાં મગ્ન રહેનારાઓ જોઈ લે કે અલ્લાહ તઆલાની ઈબાદત દરેક રીતે દરેક ઘડીએ, અને દરેક કામમાં કેવી રીતે થાય છે અને દીની તથા મઝહબી જિંદગી કેવી રીતે ગુજારવામાં આવે છે ?!

આ તે સમયની વાત છે જ્યારે કે સૈયદુલ ઉલમા મારહરવી رحمۃ اللہ علیہના ચેહલુમના મોક઼ા પર મુંબઈવાળાઓએ પણ એક પ્રોગ્રામ રાખ્યો અને ચાહ્યું કે હઝરત મુફ્તીએ આ'ઝમ رحمۃ اللہ علیہને નિમંત્રીએ. એ વખતે મુફ્તીએ આ'ઝમ رحمۃ اللہ علیہ અજમેર શરીફમાં હતા. આપની સાથે હઝરત મૌલાના મન્સૂર અલી સાહબ તથા હઝરત અલ્લામા મુશ્તાક઼ અહમદ નિઝામી પણ હતા. આપના અક઼ીદતમંદોએ અજમેરથી જયપૂર અને ત્યાંથી ફલાઈટમાં મુંબઈ લઈ જવા ચાહ્યું હતું. અને મુફ્તીએ આ'ઝમે એવું કહીને ઈન્કાર કરી આપ્યો હતો કે જ્યારે અજમેર શરીફથી મુંબઈનો સફર રેલ્વે થકી પચાસ રૂપિયામાં જઈ શકે છે તો આ સફરના માટે ચારસો રૂપિયા ખર્ચ કરવાની શું જરૂરત છે ? પરંતું ચાહકોના આગ્રહના કારણે આપે ફલાઈટ થકી સફર ખેડવો પડયો. જ્યારે કે ફલાઈટ થકી આપનો આ પ્રથમ સફર

હતો. હવે અસલ બનાવ મૌલાના મન્સૂર અલીખાં સાહબ ખતીબે મહારાષ્ટ્ર (મુંબઈ)ના થકી સાંભળો જેઓ બનાવના અસલ રિવાયત કર્તા છે.

જયપૂરથી મુંબઈ સુધીનું અંતર (હવાઈ જહાઝ થકી) એક કલાકમાં પાર પડયું. અગાઉથી ખબરના પ્રમાણે એરપોર્ટ પર ચાહકો પહેલેથી મૌજૂદ હતા. કાર થકી શહેરની તરફ રવાના થયા. હુઝૂર એ વખતે ખૂબ જ ખુશીમાં હતા. ફર્માવ્યું, "હવાઈ જહાઝનો સફર ઘણો જ સારો સફર છે એનું કારણ આપ લોકો વર્ણવો !" એ વખતે જે ન્યાઝમંદો કારમાં મૌજૂદ હતા એમાંથી કોઈકે કહ્યું, સારો સફર છે એટલા માટે કે ખૂબ જ આરામદાયક છે. કોઈ કે અર્ઝ કરી કે સમય ઓછો લાગે છે. એ જ પ્રમાણે અન્ય લોકોએ અર્ઝ કર્યું. હઝરતે સર્વ લોકોના જવાબ સાંભળ્યા બાદ ફર્માવ્યું કે, "હવાઈ જહાઝ (ફલાઈટ)નો સફર સારો સફર છે, એટલા માટે કે એમાં નમાઝો કઝા નથી થતી ! જયપૂરથી ફજર અદા કરીને ચાર કલાક પછી મુંબઈ ચાલ્યા અને મુંબઈ આવી ગયા. હજી ઝહોરનો સમય શરૂ થવામાં એક કલાક છે." આ સાંભળીને સર્વની જીભેથી સુબ્હાનલ્લાહ !ની સદા બુલંદ થઈ ગઈ.

હવે આવો ! મુફતીએ આ'ઝમે હિંદ رحمۃاللہعلیہના નમાઝ કાયમ રાખવાના જઝબાના પણ અમુક અધિક નમૂના જોઈ લઈએ. અને અધિકતર તે પ્રસંગો સફરના સંબંધિત જ હશે કે મુફતીએ આ'ઝમે હિંદ رحمۃاللہعلیہ સફરમાં પણ નમાઝનો કેટલો ખયાલ કરતા હતા. વાંચો અને દિલમાં નમાઝની મહોબ્બત પેદા કરો !

## ★ નમાઝના માટે બસ છોડી આપી ! ★

ઈસ્લામ સાથે સંકળાયેલા સારી રીતે જાણે છે કે નમાઝ ઈસ્લામનો મહત્વનો સુતૂન અને રુકન છે, જેણે કાયમ કરી તેણે દીનને કાયમ કર્યો અને જેણે એને તર્ક કરી એણે દીનને તર્ક કર્યો. (મઆઝલ્લાહ !) એટલા માટે અમુક ઉલમા ફર્માવે છે કે આ પુરફિતન દૌરમાં જે શખ્સ બાજમાઅત નમાઝ પઢી લે છે તે યકીનન ! વલી છે.

મુફતીએ આ'ઝમ رحمۃاللہعلیہની વિશિષ્ટતા હતી કે સફર હોય કે ઘરમાં, ગાડી પર હોય કે પગપાળા, નમાઝને છોડવી તો દૂર રહ્યું સમયથી હટવા દેતા ન હતા, ભલે તેમને એના માટે લાખ મુસીબતો તથા મુશ્કેલીઓથી સામનો કરવો પડે, ત્યાં સુધી કે ઘણીવાર નમાઝના માટે બસ તથા ટ્રેન

છોડવાની વારી પણ આવી જતી. એકવારનો બનાવ શાઈરે ઈસ્લામ રાઝ ઈલાહાબાદી મર્હૂમની ઝબાને તર્જુમાથી સાંભળો !

એકવાર બલરામપુર (યુ.પી.)થી હઝરતને લઈ બસ દ્વારા ઈલાહાબાદ આવી રહ્યા હતા. હઝરત મૌલાના મુફતી રિઝવાનુર્રહમાન સાહબ જેઓ જબરદસ્ત આલિમ છે તે પણ સાથે હતા. ઈલાહાબાદની નજીક બસ ફાફા મઉના પુલ પર રોકાઈ ગઈ. ગંગા નદી પર પુલ છે. કેમ કે પુલ પર એક જ બસ (વન વે) આવજા કરી શકે છે એટલા માટે બસ રોકાઈ ગઈ હતી કે સામેથી આવતી બસો નીકળી જાય તો આ જાય. હઝરતે સામે જોયું કે સૂરજ ડૂબવાવાળો છે. હઝરતે ફર્માવ્યું કે અસરની નમાઝ ક્યાં પઢવામાં આવે ? મેં કહ્યું કે હઝરત ! ઈલાહાબાદમાં ! હઝરતે ફર્માવ્યું, ઈલાહાબાદ પહોંચતાં પહોંચતાં સૂર્ય આથમી જશે ! અને આવું કહીને હઝરત ખૂબ જ ઝડપભેર જાનમાઝ અને લોટો લઈને બસથી ઉતરી ગયા. સડકના કિનારે ખૂબ જ ઊંડા ખાડામાં વરસાદનું પાણી જમા હતું. હઝરતે એ પાણીને જોઈને ફર્માવ્યું કે હું ત્યાં વુઝૂ કરીશ. અને આવું કહીને એ ઊંડાઈમાં ખૂબ જ ઝડપભેર ઉતરવા લાગ્યા. અને એ પ્રમાણે મિજાઝ ગરમ હતો કે હું તથા મુફતી રિઝવાનુર્રહમાન ડરવા લાગ્યા કે આજ સુધી હઝરતને આ પ્રમાણે ઉશ્કેરાયેલા નથી જોયા.

બસ ! હઝરતની જીભેથી વારંવાર આ જ શબ્દો નીકળતા હતા કે, "અરે ! મારી અસરની નમાઝ ! અરે ! મારી અસરની નમાઝ ! યા અલ્લાહ ! કરમ ફર્માવી દે અને હું નમાઝ અદા કરી લઉં ! શું ગઝબ છે કે સૂરજ ડૂબતો જઈ રહ્યો છે !" આવું કહેતા કહેતા હઝરત એકદમ ઊંડાઈની તરફ આગળ વધવા લાગ્યા. રસ્તે ચાલનારાઓ રોકી રહ્યા છે, પોલીસવાળા અવાજ આપી રહ્યા છે કે ગબડી પડશો ! પણ આપ એ જ ઝડપભેર નીચે ઉતરી રહ્યા હતા, એવામાં મેં દોડીને કોઈક રીતે હઝરતનો હાથ પકડી લીધો, પણ એ કુદરત તથા કુવ્વત કે હું બતાવી નથી શક્તો ! બસ ! એવુ જણાતું હતું કે અમે લોકો બસ હમણા પડયા ! હમણા પડયા ! પણ હઝરત પાણીની નજીક પહોંચી ગયા. હવે હઝરતે પાણીમાં પોતાનો લોટો નાખ્યો તો કીચડ તથા પાણી કિનારા પર એક સાથે નીકળ્યું ! મારી તરફ હઝરતે પોતાનો રૂમાલ ફેંકીને ફર્માવ્યું, તમે તમારી નમાઝ પઢો, તમે વુઝૂથી છો. મેં હુકમનું પાલન કર્યું અને નમાઝ પઢવા લાગ્યો. હવે હું એ જોઉં છું કે અચાનક હઝરત એ

પાણીમાં ચાલીને વચ્ચે પહોંચી ગયા અને એક પથ્થર પાણીમાં ઉભરાઈ આવ્યો એના પર બેસીને વુઝૂ કરવા લાગ્યા. મારી આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ હતી કે યા અલ્લાહ ! આ કમજોર બુઝુર્ગ કઈ રીતે પાણીની વચ્ચે પહોંચી ગયા અને આ પથ્થર વચ્ચે કોણે અને ક્યારે રાખ્યો ! હઝરતે વુઝૂ કર્યું અને કિનારે તશરીફ લાવ્યા. હઝરતે મુસલ્લા પર અસ્રની નમાઝ શરૂ કરી દીધી પેલી બાજુ મેં જોયું તો સડક પર લોકો આશ્ચર્યભેર આ મન્ઝર જોઈ રહ્યા હતા. બસ કેમ કે મેઈલ હતી જેથી તે ચાલી ગઈ.

## ★ આપની નમાઝના સબબ ટ્રેન રોકાઈ ગઈ ★

ઈશ્કો ઈર્ફાનમાં ડૂબેલી નમાઝની ઝલકતી તસ્વીર જુઓ. ફકીહુન્નફ્સ શારેહે બુખારી رحمۃ اللہ علیہ લખે છે કે એકવાર હઝરત અજીનથી જયપુર જતા હતા. નાગદા સ્ટેશન પર મુંબઈ દેહરાદૂન એક્સપ્રેસ પર સવાર થયા. સેકંડ કલાસની ટિકિટ હતી. ડબ્બામાં પહોંચ્યા તો પૂરો ડબ્બો ફોજીઓથી ભરેલો હતો. ફોજી કેટલા બદતમીઝ અને પબ્લિક માટે જાલિમ હોય છે તેને સૌ જાણે છે. તે જંગલી સીટો પર પગો ફેલાવીને આડા પડેલા હતા. ખૂબ જ મુશ્કેલીથી બેસવા માટે જગા મળી. થોડવાર પછી અસ્રનો સમય થઈ ગયો. પૂરો ડબ્બો ભરેલો હતો, ક્યાંય જગા ન હતી અને ગાડી સ્ટેશનો પર નામ પૂરતી રોકાતી હતી. ફર્માવ્યું, નમાઝ પઢીશ ! હું પરેશાન થઈ ગયો ! ચારેવ તરફ નજરો દોડાવી. એક સિખ ફોજીનો ઘણો જ મોટો પેટારો પડેલો હતો જેના પર બિસ્તર રાખેલ હતો. મેં તેને કહ્યું કે અમારા હઝરત નમાઝ પઢશે જો તમે માની જાવ તો આ ટ્રંક પરથી બિસ્તર ઉતારી દઉં અને એના પર નમાઝ પઢી લે. તે માની ગયો અને ખૂદ તેણે જ બિસ્તર ઉઠાવ્યો અને ઉભો રહ્યો. ગાડી જ્યારે એક સ્ટેશન પર પહોંચી તો હઝરતને એના પર ઉભા કરી દીધા. હઝરતે એ રીતે નમાઝ અદા કરી.

આગળ જતાં ફરી લખે છે : જ્યારે મગરિબનો સમય થયો તો એક સ્ટેશન પર બતાવ્યા વિના ઉતરી પડયા. હું પાછળ પાછળ જાનમાઝ લઈને દોડયો. ફર્ઝની સલામ ફેરવતાં જ ગાડીએ વ્હિસલ મારી. હું જલ્દીથી ગાડીની તરફ વધ્યો અને હઝરતે સુન્નતની નિય્યત બાંધી લીધી ! અને ગાડી વ્હિસલ પર વ્હિસલ મારતી રહી. એ વખતે મારી પરેશાનીઓનો આલમ શું હતો તે હું જ જાણુ છું ! સામાન ગાડી પર અને હઝરત પ્લેટફોર્મ પર ! જો ગાડી

ચાલી જાય તો શું કરીશ ? એ અસમંજસમાં નજર એંજિનની તરફ ગઈ તો જોયું કે ડ્રાયવર હઝરતની તરફ જોઈ રહ્યો છે. હવે કાંઈક ઈત્મિનાન થયું. છેવટે જ્યારે હઝરત નમાઝથી ફારિગ થઈને ડબ્બામાં તશરીફ લઈ ગયા તો ગાડી ચાલી. આ પ્રકારના સંજોગોમાં મજબૂતથી મજબૂત હિંમતવાળાના હોશ હવાસ બેકાબૂ થઈ જાય છે, પણ મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ પર કાંઈ અસર ન પડી અને ઈત્મિનાન સાથે નમાઝમાં મશગૂલ રહ્યા. એ દલીલ છે કે હઝરત મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہનો મામલો ખુદા جل جلالہ સાથે એટલો મજબૂત હતો કે કોઈ ચીજ પણ એમાં આડ બની શકતી ન હતી. જ્યારે આવો કડવો અનુભવ થઈ ચૂક્યો હતો.

## ★ એક અનોખી નમાઝ ! ★

મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہએ શરીઅતની પયરવી અને નમાઝની પાબંદીનું એવું દ્રષ્ટાંત પૂરું પાડયું છે કે મારી નજર એનું દષ્ટાંત આપવાથી આજિઝ છે. જમાઅતે અહલે સુન્નત આપની ઝાતે બાબરકત પર જેટલો નાઝ કરે અને પોતાના રબનો જેટલો શુક્ર અદા કરે તે કમ છે કે તેણે આ જમાઅતને ખૂબીઓથી ભરચક તક્વાવાળી હસ્તી અતા કરી જેણે શરીઅતને અમલી સ્વરૂપ ઢાળીને સમજાવી. આજે લોકો મોટા ભાગે રુખસદ (છૂટ)ની પાછળ દોડે છે પણ મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ દરેક સમયે ફઝીલત તથા અઝીમત પર અમલ કરવા પ્રયત્નશીલ છે. એનો નમૂનો નીચેના આ બનાવમાં જુઓ જે દારુલ ઉલૂમ ઈસ્હાકિયા જોધપુરના સાલાના જલસાથી પરત થતાં દિલ્હીમાં બન્યો હતો. એના રાવી પણ હઝરત ફકીહુન્નફસ શારેહે બુખારી મુફતી શરીફુલ હક્ક رحمۃ اللہ علیہ છે. જુઓ :–

જ્યારે ગાડી દિલ્હીની નજીક ગુડગાંવમાં પહોંચી તો મેં હઝરતને ઉઠાડયા. ઉઠયા પછી ઈસ્તિંજાખાના તશરીફ લઈ ગયા, પણ ખૂબ લાંબી લાઈન હતી તે પણ સ્ત્રીઓની. હઝરત બેચૈની સાથે ઈસ્તિંજાખાનુ ખાલી થવાની રાહ જોતા રહ્યા. હું બિસ્તર બાંધવામાં વ્યસ્ત હતો. જ્યારે ગાડી દિલ્હીના પ્લેટફોર્મ પર પહોંચી ગઈ ત્યારે ઈસ્તિંજાખાનુ ખાલી થયું અને હઝરત તશરીફ લઈ ગયા. જ્યારે હઝરત ઈસ્તિંજાથી ફારિગ થઈ ગયા તો મુરાદાબાદ જનારી ગાડી જે પ્લેટફોર્મ પર લાગેલી ત્યાં તશરીફ લઈ ગયા. જ્યારે સામાન ગાડીમાં રાખી દેવામાં આવ્યો તો ફર્માવ્યું, કપડાં કાઢી દો !

મેં હુકમનું પાલન કર્યું, કપડાં કાઢીને હઝરતને આપ્યાં અને બોક્સ બંધ કરવામાં વ્યસ્ત રહ્યો. બોક્સ બંધ કરીને જોયું તો હઝરત કપડાં લઈને ખૂબ જ ઝડપભેર પ્લેટફોર્મના પુલની તરફ જઈ રહ્યા છે ! પણ હું શું કરતો ! ગાડીમાં સામાન છોડીને હઝરતની પાછળ પણ જઈ શક્તો ન હતો. લગભગ દોઢ કલાક પછી હઝરત પાછા આવ્યા. ઠંડીથી કાંપી રહ્યા હતા, કદમ પણ બરાબર પડી રહ્યા ન હતા. મારું દિલ ધક ધક કરવા લાગ્યું ! ડબ્બામાંથી બહાર નીકળીને અંદર આવ્યો. ડબ્બામાં ચઢાવ્યા બાદ હાથ પકડયો તો બરફની જેમ ઠંડો ! ફર્માવ્યું, બિસ્તર ખોલો ! મેં બિસ્તર ખોલ્યું તો તરત જ સૂઈ ગયા અને ખૂબ જ ઝડપભેર કવર ઓઢી લીધું. મેં ડરતાં ડરતાં પૂછયું કે હઝરત ક્યાં તશરીફ લઈ ગયા હતા ? ધ્રુજારીમય અવાજમાં ફર્માવ્યું, તે ખબીષાત પાખાનાના દરવાજા પર ઉભેલી હતી, મને ઈસ્તિંજાની સખત હાજત હતી. કપડાં નાપાક થઈ ગયાં. વિચાર્યું કે કોઈ મસ્જિદમાં જઈને ગુસ્લ કરીને કપડાં બદલી લઉં. રીક્ષા કરીને એક મસ્જિદમાં ગયો ત્યાં નહાવાનો બંદોબસ્ત હતો. ગુસ્લ કરીને કપડાં બદલ્યાં, નમાઝ પઢી અને પાછો આવ્યો. રીક્ષા પર હવા લાગવાથી ઠંડી લાગવા માંડી, દિલ્હીમાં ઠંડી પણ ખૂબ પડે છે. આ સાંભળતાં જ કદમોમાં પડી ગયો કે આ જ અલ્લાહવાળાઓના વજૂદે મસ્ઊદનાં સદકામાં જમીન તથા આસ્માન કાયમ છે.

**મતાએ ઝિંદગી જિસને લુટા દી જાને રહમત પર**
**ખુદા કી રહમતોં કે ફૂલ બરસે ઉન કી તુર્બત પર**

## ★ ડર તથા ગભરાટના સમયે જમાઅતની પાબંદી ★

હિંદના ભાગલા વખતે મુસલમાન ઘણા જ કશ્મકશમાં સપડાયેલા હતા. દરેક બાજુ ડર તથા ગભરાટનો આલમ હતો. અહીંના હિંદુ મુસલમાનોના લોહીના તરસ્યા હતા અને મુસલમાન હિંદુસ્તાન છોડીને પાકિસ્તાન જઈ રહ્યા હતા. બરેલીનો મહોલ્લો સૌદાગ્રાન પણ એનાથી મહેફૂઝ ન રહી શક્યો, ત્યાં પણ મુસલમાનોની જાન સખત ખતરામાં હતી અને કેટલાય શહાદતનો ઘૂંટડો પી ચૂક્યા હતા. આવા ખતરનાક માહોલમાં પણ મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ મસ્જિદને આબાદ રાખી, અને લોકોના હજાર મના કરવા છતાં આપ ત્યાં જઈને જ નમાઝ પઢતા.

રઈસુત્તહરીર હઝરત અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી લખે છે :–

"હિંદના ભાગલા પછી જ્યારે કે મુસલમાન તથા હિંદુ એકબીજાની વિરુદ્ધ સખ્ત ઉશ્કેરાયેલા હતા અને અખંડ ભારતમાં આગ તથા ખૂનની હોળી ખેલવામાં આવી રહી હતી, અને સવાર સાંજ ભય તથા ફફડાટમાં પસાર રહ્યાં હતાં. આવા હંગામાખેઝ દૌરમાં આપ મસ્જિદમાં જ નમાઝ અદા કરવા જતા અને લોકોના મના કરવા છતાં પોતાની જાનની પરવા ન કરતા અને સમય પર મસ્જિદે પહોંચી જતા. દુનિયા આજે પણ જઈને જોઈ શકે છે કે મહોલ્લા સૌદાગ્રાન બરેલીમાં કેવળ આપનું જ ખાનદાન આબાદ છે બાકીના સૌ હિંદુ છે જેમાં અધિક પ્રમાણમાં સંખ્યા શરણાર્થીઓની છે. આવા ખતરનાક માહોલમાં મસ્જિદને આબાદ કરીને મુફ્તીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ આ આયતે કરીમાની અમલી તફસીર રજૂ કરી છે :–

اِنَّمَا یَعۡمُرُ مَسٰجِدَ اللّٰهِ مَنۡ اٰمَنَ بِاللّٰهِ وَالۡیَوۡمِ الۡاٰخِرِ وَاَقَامَ الصَّلٰوةَ وَاٰتَی الزَّكٰوةَ وَلَمۡ یَخۡشَ اِلَّا اللّٰهَ فَعَسٰۤی اُولٰٓئِكَ اَنۡ یَّكُوۡنُوۡا مِنَ الۡمُهۡتَدِیۡنَ۔

"અલ્લાહની મસ્જિદો તેઓ જ આબાદ કરે છે જેઓ અલ્લાહ અને ક્યામત પર ઈમાન ધરાવે છે અને નમાઝ કાયમ કરે અને ઝકાત આપે છે, અને અલ્લાહના સિવાય કોઈનાથી નથી ડરતા. તો નજીક છે કે એ લોકો હિદાયતવાળાઓમાં થાય."

## ★ મજબૂરી છતાં નમાઝમાં ક્યામ ★

હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની અઝીમત અને અડગતા જુઓ કે એકવાર આપના પગો મુબારકનું ઓપરેશન થયું હતું. ઘણુ જ સખત દર્દ હતું, ઉભા થવું અતિ મુશ્કેલ હતું. તકલીફનો હાલ એ હતો કે સૂઈ જવા છતાં ચૈન પડતુ ન હતું. ડોકટરોએ પગો પર પાણી નાખવાથી મના કરી આપ્યુ, નહીં તો શરીરને સખત નુકસાન પહોંચાડશે. પરંતુ આ આલમમાં પણ મુફ્તીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ તયમ્મુને બદલે વુઝૂ કર્યું અને બેસવાને બદલે ઉભા રહીને નમાઝ અદા કરી. મુરીદોએ ખૂબ જ દરખાસ્ત કરી કે તયમ્મુમ કરી લો ! પાણી નુકસાન કરશે ! તકલીફની સખ્તી છે, આપ બેસીને જ નમાઝ અદા કરી લો પરંતુ મુફ્તીએ આ'ઝમ رحمۃ اللہ علیہ જેહાદે નફસ તથા અઝીમતના એવા પહાડ હતા કે ખસેડયો ન

ખસે. તેમની નજીક એ જ ફોર્મ્યુલા હતી કે અઝીમત (બીમારીમાં છૂટ છતાં ઉભા રહી નમાઝ પઢવી વગેરે)નો દરજ્જો કાંઈ ઓર જ છે !

**સબ્રે રહમત ઉનકી મર્કદ પે ગોહરબારી કરે**
**હશ્ર તક શાને કરીમી નાઝ બરદારી કરે**

## ★ અજોડ તક્વો ★

મૌલાના કુર્બાન અલી રઝવી બીસલપૂરી આંખે દેખ્યો હાલ વર્ણવે છે કે એકવાર હઝરત મુફતીએ આ'ઝમે હિંદ رحمۃاللہعلیہ બીસલપૂર જિ. પીલીભીત તશરીફ લઈ ગયા. ફકીરના ગરીબખાના પર કયામ કર્યો. કેટલાક લોકોની ખ્વાહિશ પર તેમના ત્યાં પણ તશરીફ લઈ ગયા. હઝરતની સાથમાં આ ગુલામ પણ હતો. થોડી થોડીવાર દરેકના ઘરે રોકાણ કર્યા બાદ મારા ગરીબખાના પર પરત તશરીફ લાવતાં રસ્તામાં જામેઅ મસ્જિદ આવી. અસરનો સમય થઈ ગયો. ફર્માવ્યું, અસ્રની નમાઝ પઢી લેવામાં આવે. જેથી મસ્જિદમાં તશરીફ લઈ ગયા અને વુઝૂ કર્યું અને અમે લોકોએ પણ વુઝૂ કર્યું. ફર્માવ્યું, નમાઝ કોણ પઢાવશે ? પછી ફર્માવ્યું કે નમાઝ પઢાવો ! મેં અર્ઝ કરી, હુઝૂર ! આપ નમાઝ પઢાવો ! જેથી હઝરતે ઈમામત ફર્માવી, અમે ચાર પાંચ લોકો મુકતદી હતા. નમાઝ પઢાવ્યા પછી હઝરતે હાથની ટચલી આંગળી દેખાડતાં ફર્માવ્યું કે ટચલી આંગળીના નખમાં પાનનો કાથો લાગેલો રહી ગયો ! ફરીથી વુઝૂ કરીશ. મેં જોયું કે ખૂબ જ મામૂલી સરખા હિસ્સા પર કાથાનો રંગ લાગેલો હતો અને સામાન્યતઃ એના પ્રતિ ધ્યાન નથી રહેતું. અને વુઝૂ તેમ છતાં સહીહ ગણાશે જ્યાં સુધી તે ચીજ ઘટ્ટ ન હોય અને પાણી પહોંચવામાં આડ ન બને. જો કે નમાઝ સહીહ થઈ ગઈ હતી પરંતુ છતાં સાવધાની ખાતર ફરીથી વુઝૂ કર્યું અને નમાઝ દોહરાવી. આ જમાઅત ફરી પઢવામાં જનાબ સઆદત યારખાં જેઓ પ્રથમ જમાઅતમાં ન હતા તે આવીને શરીક થઈ ગયા. હઝરતે સલામ ફેરવ્યા બાદ એ સાહબને જે દોહરાવાતી જમાઅતમાં આવીને શરીક થઈ ગયા હતા તેમને ફર્માવ્યું, નમાઝ ફરીથી પઢો, આપની નમાઝ ન થઈ, કેમ કે આ નમાઝને સાવધાની ખાતર ફરી દોહરાવાઈ રહી હતી. એ સાહબે તરત જ એકદમ કહ્યું કે હઝરત ! શું આપ નમાઝમાં સામેલ થતાં જોઈ રહ્યા હતા. હઝરતે ફર્માવ્યું કે નમાઝની હાલતમાં જે ચીજ સામેની જગામાં નજર આવે તેને જોયેલું નથી કહેવાતુ.

## ★ એ'તેકાફ છતાં ચાયથી પરહેઝ ! ★

એક સફરમાં હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ رحمۃاللہعلیہ તથા હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ رحمۃاللہعلیہ અસ્રની નમાઝ પછી મસ્જિદમાં બેસી પડયા. કોઈએ ત્યાં આપની ખિદમતમાં ચાય પેશ કરી. હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ رحمۃاللہعلیہએ મસ્જિદમાં જ ચાય પી લીધી, પણ મુફ્તીએ આ'ઝમે હિંદ رحمۃاللہعلیہ ચાયની પ્યાલી લઈને મસ્જિદની બહાર તશરીફ લઈ ગયા અને ચબૂતરા પર બેસીને ચાય પીધી. જોનારાઓએ બંનેવ અતિ મહાન બુઝુર્ગોનો અમલ જોયો. અને કોઈના પૂછવા પર અથવા ખૂદ પોતાની ફરાસતથી હાજરજનોના દિમાગી પ્રતિભાવોને ભાંપી લીધા અને હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ رحمۃاللہعلیہએ ઈર્શાદ ફર્માવ્યે, હું જ્યારે મસ્જિદની અંદર પ્રવેશું છું તો એ'તેકાફની નિય્યત કરી લઉં છું. અને એતેકાફવાળાએ મસ્જિદમાં ખાવા પીવામાં શરીઅતની રૂએ કાંઈ વાંધો નથી. મુફ્તીએ આ'ઝમની પણ એ જ નિય્યત એતેકાફની હતી, પણ તેમણે તક્વા પર અમલ કર્યો !

## ★ ફોટાવાળા ઘરમાં ન પ્રવેશ્યા ! ★

મૌલાના મુહમ્મદ અબ્બાસ અશરફી વર્ણન કરે છે કે ઈ.સ. ૧૯૫૬માં નાચીઝ અહમદાબાદમાં મુદર્રિસ હતો એ સમયની વાત છે કે એક સફરમાં હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ رحمۃاللہعلیہ અહમદાબાદના પોતાના એક અકીદતમંદને ત્યાં ખાવાની દા'વતમાં તશરીફ લઈ ગયા. ઘરવાળાના દરવાજા સુધી પહોંચીને આપના કદમ રોકાય ગયા. ઘર માલિક આશ્ચર્યમાં પડી ગયો કે છેવટે શું વાત છે ?! અને આપની નજીક પહોંચીને ઘરની અંદર પ્રવેશ કરવાની તેમણે દરખાસ્ત કરી. હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ رحمۃاللہعلیہએ ફર્માવ્યું કે તમારું મકાન મંદિર બનેલું છે ! આ સાંભળતાં જ તે ઝડપભેર ઘરમાં ગયા અને દીવાલ વગેરે પર લાગેલી સર્વ તસ્વીરો હટાવી, ત્યારે હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ رحمۃاللہعلیہ તેમના ઘરમાં પ્રવેશ્યા.

## ★ તાવીઝ અને તક્વો ★

એકવાર હઝરત સફર દરમ્યાન એક સ્થળેથી બીજા સ્થળે જઈ રહ્યા

હતા. સ્ટેશન પર જાંનિષારોની ભીડ હતી. હઝરત ડબ્બામાં બેસી ચૂક્યા હતા. કોઈ દુઆ કરાવી રહ્યું હતું, કોઈ તાવીઝ લખાવી રહ્યું હતું. કાગળ ખત્મ થઈ ગયો તો એક સાહબે હઝરતને તાવીઝની ફર્માઈશ કરી અને કાગળ પણ સાથમાં આપ્યો. હઝરતે તેમને તાવીઝ લખીને આપી દીધું. હજી એમને તાવીઝ આપ્યું જ હતું એટલામાં એક બીજા સાહબે દરખાસ્ત કરી. હઝરતે કહ્યું કે કાગળ ક્યાં છે ? તેમણે એ જ કાગળની તરફ ઈશારો કર્યો. ફર્માવ્યું, જે સાહબનો આ કાગળ છે પ્રથમ એમની પાસેથી ઈજાઝત મેળવો. તેમણે તે સાહબથી ઈજાઝત લીધી અને હઝરતે પોતે પણ તેમને પૂછયું કે આ કાગળ પર એમના માટે તાવીઝ લખી દઉં ?! જ્યારે તેમણે હા કહી આપ્યું ત્યારે હઝરતે એ કાગળ પર તાવીઝ લખીને આપ્યું. અને બાદમાં વધેલો કાગળ એમને જ પાછો આપી દીધો. હઝરતનો આ તક્વો જોઈને ડબ્બામાં બેઠેલા સર્વ ગૈર મુસ્લિમ મુસાફરો પણ દંગ રહી ગયા !

## ★ મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ તથા રસૂલ صلی اللہ علیہ وسلمનું આજ્ઞાપાલન ★

જેવી રીતે ઝોહદો તકવામાં આપ સમયના અજોડ હતા તેવી જ રીતે ઈતાઅતે રસૂલ (રસૂલ صلی اللہ علیہ وسلمના આજ્ઞાપાલન)માં એટલા ચુસ્ત પાબંદ હતા કે સુન્નતે રસૂલ صلی اللہ علیہ وسلمની વિરુદ્ધ રજમાત્ર પણ દૂર થવું માન્ય કરતા ન હતા. અને કેમ કરીને માન્ય કરતા કે બંનેવ જહાનની કામયાબીનું રાઝ ઈતાઅતે રસૂલ صلی اللہ علیہ وسلمમાં સમાયેલું છે. રબ્બે કદીર عزوجل ઈર્શાદ ફર્માવે છે :–

مَنْ يُّطِعِ اللّٰهَ وَرَسُوْلَهٗ فَقَدْ فَازَ فَوْزاً عَظِيْمًا۔ "અને જે અલ્લાહ અને તેના રસૂલ صلی اللہ علیہ وسلمની ફર્માંબરદારી કરે તેણે ઘણી કામયાબી મેળવી."

આજે ઈતાઅતે રસૂલમાં સુસ્તી અથવા મજબૂરી તો જોવા મળે છે પણ ઈતાઅત બિલ્ મહ્બ્બતના જલ્વા ક્યાંક ક્યાંક જોવા મળશે. હુઝૂર નબી કરીમ صلی اللہ علیہ وسلمની ઈતાઅત (ફર્માંબરદારી) કેવળ હુકમ સમજીને કરવી એ હુકમ પર અમલ તો થશે પરંતુ તેના પાલનમાં મહોબ્બત સામેલ નહીં હોય તો તેનાં તે પરિણામો દિલ પર અંક્તિ થશે નહીં જેનો તકાઝો કુર્આન કરે છે. હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ ઈતાઅતે રસૂલ કેવળ ઈતાઅતના હેતુથી નહીં, બલ્કે મહબૂબની મહોબ્બત અને તેમની અદા સમજીને કરતા,

એ જ કારણે આજના દૌરના અકાબિર ઉલમા વુઝૂ હોય કે નમાઝ, ખાવા પીવાનું હોય કે સફર હઝરમાં સરકાર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની અદાઓને જોઈને હદીષની કિતાબોનો અભ્યાસ કરતા અથવા ફિક્હની મુસ્તનદ કિતાબોનો અભ્યાસ કરતા તો પોકારી ઉઠતા કે પૃથ્વીના પટ પર સુન્નતોની અમલી તસ્વીરનું નામ છે મુફતીએ આ'ઝમ !

## ★ મહેમાનનવાઝી અને મુફ્તીએ આ'ઝમ رحمۃ اللہ علیہ ★

મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہના દરબારમાં રહેનારા બખૂબી વાકેફ છે કે આપ મહેમાનોનો ઘણો જ ખયાલ રાખતા હતા. ખૂદ મહેમાનોને પોતાની સામે ખવડાવતા. એમની ચાકરીમાં એટલા લાગેલા રહેતા કે વરસો વરસ બપોરનું ભોજન દિવસના ત્રણ ચાર વાગ્યે ખાતા, કેવળ એ ખયાલથી કે મહેમાન ખાવાથી ફારિગ થઈ જાય, અને આપ એમની જરૂરતોને પૂરી કર્યા કરતા. મોટાભાગે જોવામાં એ પણ આવતું કે અચાનક કોઈ આવનાર આવી ગયો અને ઘરમાં ખાવા ખત્મ થઈ ચૂક્યું છે તો પોતાની સામે રાખેલુ ખાણુ હસ્તે મુખે એ આવનારાને મોકલી આપ્યું અને ખૂદ એક પ્યાલી ચાય પીને સમય ગુજારી દીધો. આ રીતે આપ ખાનદાને નબુવ્વતની મહાન સુન્નતને અમલી સ્વરૂપ આપ્યા કરતા.

આપની મહેમાનનવાઝીનો ઝિક્ર કરતાં મૌલાના ઈર્ફાનુલ હક્ક઼ સંભલી લખે છે : આપ હમેશાં ગરીબો મિસ્કીનોની મદદ કરે છે, મહેમાન નવાઝીમાં આપ અનોખા છે. દરરોજ પચાસો મહેમાન દેશના દૂર નજીકથી બરેલી આવે છે તો આપ તેમને આગ્રહભેર પોતાના લંગરખાનાથી ખાવા ખવડાવતા, જો જાણ થઈ જતી કે ફલાણા મહેમાન છે. જેથી જ્યાં સુધી રોકાણ રહે ખાવા અહીં જ ખાય.

મુફતીએ આ'ઝમ ન કેવળ એ કે મહેમાનોને ખાવાની વ્યવસ્થા કરતા બલ્કે તેમની જરૂરતોનો પણ ખાસ ખયાલ રાખતા. મૌલાના મુહમ્મદ અસ્લમ બસ્તવી સાહબ શૈખુલ હદીષ મદ્રસા અન્વારુલ કુર્આન બલરામપુર લખે છે :–

શિયાળાની એક ઠંડી રાત હતી. એવામાં એક અજનબી આપનો મહેમાન બન્યો. આપે (આદતે કરીમા પ્રમાણે) મહેમાનને પોતાના હાથે ખાણુ ખવડાવ્યા બાદ પોતાના જમાઈ જનાબ સાજિદ અલીખાં મર્હૂમને

ફર્માવ્યું, મહેમાનના માટે બિસ્તર તથા ઓઢવાનો બંદોબસ્ત કરી આપજો. એના જવાબમાં સાજિદ અલી સાહબે રિવાજ મુજબની બોલીને પ્રદર્શિત કરતાં કહ્યું, મહેમાનના માટે બિસ્તર તથા ઓઢવાનું શું, જાન પણ હાજર છે ! એના પર આપે ઈર્શાદ ફર્માવ્યો, મહેમાન વળી તમારી જાન લઈને શું કરશે ?! ઓઢશે કે પાથરશે ?! મહેમાનને તમારી જાનની નહીં બલ્કે પાથરણાની તથા ઓઢવાની જરૂરત છે.

## ★ બીમારની અયાદત-ખબર લેવી ★

મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہને માલૂમ થઈ જાય કે આજે ફલાણે બીમાર છે તો આપ તરત જ અયાદતના માટે પહોંચી જતા. સદરુશ્શરીઅહ નંબર (માહનામા અશ્રફિયહ)માં લખેલ છે કે હઝરત સદરુશ્શરીઅહ્ અલ્લામા અમજદઅલીખાં رحمۃ اللہ علیہ (લેખક : બહારે શરીઅત) તથા મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ બંનેવ હજ્જના ઈરાદાથી ચાલ્યા. મુંબઈ પહોંચીને હઝરત સદરુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہની તબીયત અધિક ખરાબ થઈ ગઈ અને બંનેવની કયામગાહ દૂરી પર હોવા છતાં મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ દરરોજ હુઝૂર સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہની અયાદત (બીમારપુર્સી)ના માટે તશરીફ લાવતા, ત્યાં સુધી કે આપ જહાઝ પર સવાર થવા માટે તશરીફ લઈ ગયા અને આપના રવાના થતી વખતે હઝરત સદરુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہનો વિસાલ થઈ ગયો.

મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ બીમારની બીમારપુર્સી બાબતે સુન્નતની પયરવીમાં એટલા સખત અમલ કરવાવાળા હતા કે સમયનો ગવર્નર અકબરઅલીખાં (યુ.પી.)એ આપનાથી મુલાકાત કરવાની ખ્વાહિશ જાહેર કરી, પણ આપ એ વખતે એક બીમારની ખબર લેવા માટે કદમ ઉપાડી ચૂક્યા હતા જેથી સુન્નતની પયરવીના માટે જે કદમ ઉઠી ચૂક્યા હતા તે પાછા ન હટયા. આપે ગવર્નરની મુલાકાત પર સુન્નતની પયરવી કરવાને અગ્રતા આપી. જોનારાઓ આશ્ચર્યમાં હતા કે આજે તે આવી રહ્યો છે જેના દીદારની દુનિયાવાળા તમન્ના કરે છે, પણ મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ તેનાથી મુલાકાતની પરવા ન કરતાં મહબૂબે કિબ્રિયાની એક મહાન સુન્નત પર અમલ કરવા માટે તશરીફ લઈ જઈ રહ્યા છે.

## ★ દુ:ખદ વિસાલ ★

હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ અલ્લામા મુસ્તફા રઝાખાં નૂરી બરેલ્વી رحمۃ اللہ علیہ જીવનભર મુસલમાનોને પોતાના ઈલ્મી, રૂહાની તથા ઈર્ફાની ફયઝોથી માલામાલ કરતા રહ્યા. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની મરજી તથા મશિય્યતના પ્રમાણે ઈલ્મો ફઝ્લ અને ઝુહદ તથા તક્વાનો આ રોશન સિતારો ૯૨ વરસની ઉમરમાં ૧૪–મુહર્રમુલ હરામ હિ.સ. ૧૪૦૨, ઈ.સ. ૧૨–૧૧–૧૯૮૧ જુમેરાતના રોજ રાતે એક વાગીને ચાલીસ મિનિટે અસ્ત થઈ ગયો. જેવી રેડિયો થકી આપના વિસાલે પુર મલાલની ખબર વિશ્વભરમાં ફેલાઈ, પૂરા ઈસ્લામી જગતમાં રંજોગમનું વાતાવરણ છવાય ગયું. સઘળો માહોલ શોકમય થઈ ગયો. વિવિધ દેશોથી આપના અક઼ીદતમંદો, મુરીદો તથા ચાહકો ટોળે ને ટોળે પોતાના આ મહાન રહનુમાના આખરી દીદારના માટે બરેલી એકત્ર થવા લાગ્યા. ૧૫–મુહર્રમુલ હરામ હિ.સ. ૧૪૦૨ જુમ્આના દિવસે સવારે લગભગ નવ વાગ્યે આપના જસદે ખાકીને ગુસ્લ આપવામાં આવ્યું. સવારે લગભગ દસ વાગ્યે મુબારક જનાઝો લાખો આશિક઼ોની અશ્રુમય આંખોથી ખિરાજે અક઼ીદત તથા મહોબ્બત વસૂલ કરતો, કલ્મએ તયબહ તથા દુરૂદો સલામની પુર કૈફ તથા રૂહાની ગુંજમાં કાશાનાએ અક઼દસ (ઘરે)થી બહાર આવ્યો. આ તે પળ હતી જ્યારે દરેક દિલ તડપી રહ્યું હતું, દરેક આંખ વરસી રહી હતી, દરેક વ્યક્તિ ગમગીન હતી. જાણે માનવોનો મોજાં મારતો સમુદ્ર હતો જે પોતાના આ મહાન મોહસિનને આખરી આરામગાહ સુધી પહોંચાડવાના માટે બરેલીમાં ઉમટી પડયો હતો. લગભગ બપોરના સવા ત્રણ વાગ્યે નમાઝે જનાઝા અદા કરવામાં આવી, જેની ઈમામત પીરે તરીક઼ત સરકારે કલાં હઝરત મૌલાના સૈયદ મુખ્તાર અશરફ અશરફીયુલ જીલાની કછોછવી رحمۃ اللہ علیہએ કરી. વર્તમાન પત્રોના રિપોર્ટના પ્રમાણે નમાઝે જનાઝામાં લગભગ પાંચ લાખ અને જનાઝાના જુલૂસમાં લગભગ ૨૦ (વીસ) લાખ મુસલમાનોએ હાજરી આપી. સમયની ગવર્નમેન્ટના મિનિસ્ટરો અને વિદેશના સફીરો તથા વિખ્યાત હસ્તીઓ પણ બરેલીમાં હાજર થઈ હતી. લગભગ દરેક ભાષાનાં દેશ વિદેશનાં વર્તમાનપત્રો તથા મેગેઝિનોએ હઝરત "નૂરી" બરેલ્વીના વિસાલ પુરમલાલના તઅઝિયતી પયગામ પ્રસિદ્ધ કર્યા.

**સંદર્ભ કિતાબો :** *(૧) મુફ્તીએ આ'ઝમે હિંદ ઔર ઉન્કે ખુલફા, મૌલાના શહાબુદ્દીન રઝવી (૨) મુફ્તીએ આ'ઝમે હિંદ, સંપાદક : ડો. અબ્દુન્નઈમ અઝીઝી (૩) તજલ્લિયાતે મુફ્તીએ આ'ઝમે હિંદ, અલ્લામા કમરુલ હસન બસ્તવી (૪) તીન બરગુઝીદા શખ્સિયતેં, અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી (૫) મુફ્તીએ આ'ઝમ કી ઈસ્તિકામત વ કરામત, મુફ્તી આબિદ હુસૈન નૂરી મિસ્બાહી (૬) અન્વારે મુફ્તીએ આ'ઝમ, રઝા એકેડમી–મુંબઈ (૭) ઈસ્તિકામત કા મુફ્તીએ આ'ઝમ નંબર, કાનપૂર–યુ.પી. (૮) હયાતે મુબારકા મુફ્તીએ આ'ઝમ (૯) માહનામા આ'લા હઝરત, બરેલી શરીફ (૧૦) અહલે સુન્નત કી આવાઝ, મારહરા શરીફ (૧૧) જહાને મુફ્તીએ આ'ઝમ, રઝા એકેડમી–મુંબઈ*

## *નઝરે અકીદત :* હઝરત મુફ્તીએ આ'ઝમે હિંદ કિબ્લા

પીને વાલે પી રહે હૈં બેખૂદી પોશીદા હૈ
કયા મેરે સાકી તેરી દરયા દિલી પોશીદા હૈ

નૂરે હક્ક ચેહરે પે હૈ, નૂરે નબી પોશીદા હૈ
ચાંદ તો નિકલા હૈ લેકિન ચાંદની પોશીદા હૈ

ઉનકી હર હર બાતમેં ઈશ્કે નબી પોશીદા હૈ
ઉનકે હી દામનમેં ફૈઝે કાદરી પોશીદા હૈ

કિસ લિયે માંગુ મૈં જા કર ગૈરસે આબે હયાત
મેરે મુર્શિદ કી નજરમેં ઝિંદગી પોશીદા હૈ

આ'લા હઝરત કી ગલી મેં મુફ્તીએ આ'ઝમ કો દેખો
એક વલી હૈ સામને ઔર એક વલી પોશીદા હૈ

ઉનકે દામનસે જો લિપટા મંઝિલોંકો પા ગયા
ઔલિયા કે રાસ્તોંમેં રાસ્તી પોશીદા હૈ

**"રાઝ"** હઝરત મુફ્તીએ આ'ઝમ કી ચશ્મે પાકમેં
ગૌરસે દેખ તૂ ફૈઝે સરમદી પોશીદા હૈ

### અલ્લાહના એક વલીની ઓળખ

**હમ નહીં તૂને કહીં તો, ઉન્હેં દેખા હોગા**
**ચાંદની જૈસા બદન, ચાંદ સા ચેહરા હોગા**

# સલામ બહુઝૂર તાજદારે અહલે સુન્નત સરકારે મુફતીએ આ'ઝમ رضی اللہ عنہ

અઝ : હુઝૂર "રાઝ" ઈલાહાબાદી دامت برکاتہم العالیہ

અસ્સલામ અય તાજદારે અહલે સુન્નત ! અસ્સલામ
અસ્સલામ અય મખઝને ઈલ્મે શરીઅત ! અસ્સ્લામ

અસ્સલામ અય કુત્બે આલમ ! શયખે આલમ દસ્તગીર
અસ્સલામ અય રવનકે બઝ્મે વિલાયત ! અસ્સલામ

અસ્સલામ અય નાઈબે ગૌષુલ વરાએ બહરો બર !
અસ્સલામ અય રહબરે રાહે તરીકત ! અસ્સલામ

અસ્સલામ અય આરિફે હક્ક જાંનિષારે મુસ્તફા !
અસ્સલામ અય આબરૂએ અહલે સુન્નત ! અસ્સલામ

અય અનીસે બેકસાં ! અય ચારહ સાઝે આશિકાં !
અસ્સલામ આખોંકી ઠંડક દિલકી રાહત અસ્સલામ

તેરા એક એક લફઝ થા ઈશ્કે મુહમ્મદકા અમીં
તેરી હર હર સાંસ થી ઝિંદા કરામત અસ્સલામ

તેરે દરવાઝેસે ખાલી હાથ કબ સાઈલ ગયે ?
અસ્સલાબ ઈબ્ને સખી બહરે સખાવત અસ્સલામ

સારી દુન્યાને કિયા તસ્લીમ અપના રહનુમા
તેરે હી સર પર રહા તાજે ઈમામત અસ્સલામ

તેરી સૂરત દેખકર મુઝકો ખુદા યાદ આ ગયા
ઈસસે ઝાહિર હૈ તેરી શાને વિલાયત અસ્સલામ

મુફતીએ આ'ઝમ ભી તુમ થે મુફતીએ આલમ ભી તુમ
અસ્સલામ અય મેરે મુર્શિદ ! મેરે હઝરત અસ્સલામ

'રાઝ' મેરે રુએં રુએં સે સદા આને લગી
અસ્સલામ અય જાનસીંને આ'લા હઝરત ! અસ્સલામ